G.U.P. 872-360-12-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૫ના વર્ષની ચોથી સભા, બુધવાર, તા. ૧૭-૧૧-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૧-૧૯૬૫
૧.	શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	ગેરહાજર
૨.	શ્રી. ક. ચં. પરીખ, મહામાત્ર	હાજર
૩.	શ્રી. મ. પ્ર. દેસાઈ	હાજર
૪.	આચાર્ય એચ. ડી. નોરોન્હા	હાજર
૫.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર
૬.	આચાર્ય એમ. ડી. માણેક	હાજર
૭.	ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૮.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૯.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર
૧૦.	આચાર્ય એચ. જી. પંડ્યા	હાજર
૧૧.	પ્રોફેસર બી. આર. શિનોય	હાજર
૧૨.	પ્રોફેસર ઉમાશંકર જોશી	હાજર
૧૩.	ડૉ. પી. એચ. પ્રભુ	હાજર
૧૪.	ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૫.	શ્રી. સી. પી. પટેલ	હાજર
૧૬.	આચાર્ય એચ. એ. ડિસોઝા	ગેરહાજર
૧૭.	શ્રી. ડી. આર. ભાંકડ	ગેરહાજર
૧૮.	પ્રોફેસર સી. એલ. શાસ્ત્રી	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૧-૧૬૫૫
૧૯.	ડૉ. સી. આર. નાયક	હાજર
૨૦.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૨૧.	આચાર્ય પી. જી. માવળંકર	ગેરહાજર
૨૨.	આચાર્ય આઈ. વી. ત્રિવેદી	હાજર
૨૩.	આચાર્ય ચન્દ્રવદન સી. શાહ	ગેરહાજર
૨૪.	આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર
૨૫.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૨૬.	આચાર્ય આર. જી. ભટ્ટ	હાજર
૨૭.	આચાર્ય ડી. પી. હાકર	હાજર
૨૮.	શ્રી. એમ. ટી. શુકલ	હાજર
૨૯.	આચાર્ય એ. વી. દોશી	હાજર
૩૦.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૩૧.	આચાર્ય આર. ડી. દેસાઈ	હાજર
૩૨.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર
૩૩.	આચાર્ય કે. વી. દેસાઈ	હાજર
૩૪.	આચાર્ય ચંદુભાઈ સી. શાહ	હાજર
૩૫.	આચાર્ય જે. બી. સારિડલ	હાજર
૩૬.	આચાર્ય કે. જી. નાયક	હાજર
૩૭.	શ્રી. જી. બી. ઓઝા	હાજર
૩૮.	આચાર્ય ચિમનભાઈ પટેલ	હાજર
૩૯.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૪૦.	શ્રી. ટી. એ. દેસાઈ	હાજર
૪૧.	શ્રી. આઈ. એ. મહેતા	ગેરહાજર
૪૨.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર
૪૩.	આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર
૪૪.	આચાર્ય વી. આર. રણદીવે	હાજર
૪૫.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪૬.	ડૉ. જે. ડી. પાઠક	હાજર
૪૭.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર
૪૮.	આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર
૪૯.	આચાર્ય એસ. વી. દેસાઈ	હાજર
૫૦.	શ્રી. ગુલાબ રતનજી દેસાઈ	હાજર
૫૧.	ડૉ. પી. એમ. મહેતા	ગેરહાજર
૫૨.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર
૫૩.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૧-૧૯૬૫
૫૪.	આચાર્ય એન. એમ. પરીખ	ગેરહાજર
૫૫.	આચાર્ય ય. ગુ. નાયક	હાજર
૫૬.	આચાર્ય એ. આર. દેસાઈ	હાજર
૫૭.	આચાર્ય જે. જે. દેસાઈ	ગેરહાજર
૫૮.	ડૉ. સૌદામિનીબહેન પંડ્યા	ગેરહાજર
૫૯.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર

સભાનું કામકાજ શરૂ થતાં શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને જાણ કરી કે, ઉપકુલપતિશ્રીને ઓચિંતું બહારગામ જવું પડયું હોવાથી સભામાં હાજર રહી શકે તેમ નથી. તે પરથી સ્ટે. ૯૩ અન્વયે (પ્રિન્સિ. ય. ગુ. નાયકની દરખાસ્ત અને ડૉ. કે. જી. નાયકના ટેકાથી) સભાનું પ્રમુખસ્થાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું.

૧. તા. ૬/૭-૧૦-૧૯૬૫ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની તૃતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૬/૭-૧૦-૧૯૬૫ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની ૧૯૬૫ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી સાથે જોડાયેલી ઉન્નત કૉલેજો માટે જુદી જુદી કક્ષાના શિક્ષકોની લઘુતમ લાયકાતનાં ધોરણો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત, હાલનાં ધારાધોરણો સાથે, તેમાં ફેરફાર કરવાની જરૂર હોય તો શો ફેરફાર કરવાની જરૂર છે તે અંગે, તબીબી વિદ્યાશાખાને અભિપ્રાય માટે મોકલવી.

૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની ભલામણ મુજબ ઑ. ૩૧૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત:

O. 314:

"(1) A candidate for the degree of Ph.D. must have worked for at least four terms after qualifying himself for the Master's Degree in the faculty concerned, under the guidance of a University teacher duly recognised for guiding research for the Ph.D. Degree in one of the subjects under the faculty.

(2) For Medical Graduates possessing M.D. or M.S. or M.Sc. (Med.) Degree, the period shall be one academic of calendar year.

Note.—The term 'academic year' applied to the candidates who register within one calendar month of the first day of

any academic year and the term 'calendar year' to candidates who register at any other time. Admission to the qualifying degree shall be a condition precedent for admission to the Ph.D. Degree Examination.

(3) It shall not be compulsory for a candidate registered for the Ph.D. Degree to reside in the town where his teacher resides or works except in the case of a subject involving laboratory work."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત નીચેનાં સૂચનો સાથે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની પુનર્વિચારણા માટે મોકલવી :

"પીએચ.ડી.ની પદવી માટે મહાનિબંધના વિષયની પસંદગી અંગે સદરહુ ઑર્ડિનન્સમાં જે સુધારો સૂચવ્યો છે તે જોઈએ તે કરતાં વધુ ઉદાર અને વ્યાપક જણાય છે, તેથી હાલનાં ધારાધોરણમાં મહાનિબંધના વિષયની પસંદગી વિદ્યાર્થીના એમ.એ.ના વિષય કે વિષયો પૂરતી મર્યાદિત છે, તેને બદલે તે વિષયો કે તે વિષયોને મળતા (allied) કોઈ પણ વિષય પર મહાનિબંધ તૈયાર કરવાને માટે છૂટ આપવાનું વિચારવા જેવું છે."

૪. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૪/૫-૧-૧૯૬૫ની સભામાં બાબત ક્રમાંક ૨થી યુનિવર્સિટી તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓમાં નિમાતા પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂકો અંગે જે ધારાધોરણ છે તે જોઈતપાસી તેમાં ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગે જરૂરી સૂચનો કરવા નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના રિપોર્ટ પર ચર્ચાવિચારણા થયા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણો નં. ૧, ૨, ૩, ૪ અને ૫ : સદરહુ ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૬ : સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

ભલામણ નં. ૭ : એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની બાબત નં. ૩૫ પરનો ઠરાવ જોતાં સદરહુ ભલામણ અંગે વિશેષ કરવાપણું જણાતું નથી.

ભલામણ નં. ૮ : સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

ભલામણ નં. ૯ : સદરહુ ભલામણ મંજૂર કરવા તથા તેમાં શપથ લેવડાવવા અંગે જે ઉલ્લેખ છે તે શપથનો પાઠ તૈયાર કરતી વખતે ગાઈડ અને ટ્યૂશનની પ્રવૃત્તિનો પણ ઉલ્લેખ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૧૦ : સદરહુ ભલામણ પાછળના સિદ્ધાંતોનો સ્વીકાર કરવો તથા તેને અનુલક્ષીને જરૂરી કાર્યક્રમ ઘડીને બનતી ત્વરાએ તેનો અમલ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૧૧ : સદરહુ ભલામણની પેટાભલામણ (૬) અને (૨) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. જ્યારે પેટાભલામણ (૩) અને (૪) તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

આ પ્રમાણેનાં સૂચનો સાથે રિપોર્ટને સામાન્યપણે મંજૂર કરવામાં આવ્યો.

(સદરહુ સમિતિના રિપોર્ટની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. આર. સી. ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ, જે પોસ્ટ-એસ.એસ.સી. કક્ષાનું શિક્ષણ આપે છે તેના વ્યાખ્યાતાના અનુભવને સંલગ્ન કૉલેજના અનુભવની સમકક્ષ ગણવા અંગે ઉમેદરામ પંચાલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યના તા. ૧૨-૧૦-૧૯૬૫ના પત્રાંક ૧૧૯૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓના અભિપ્રાય માટે મોકલવી.

૬. સમાજવિદ્યા ભવનમાં આલી પડેલ રીડર ઇન લેબર વેલ્ફેરની જગ્યા માટેની વરણીસમિતિના સભ્ય તરીકે પ્રો. બી. આર. શિનોયની નિમણૂક એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં કરવામાં આવી હતી, પણ પ્રો. શિનોય લેબર વેલ્ફેરના પ્રોફેસર ન હોવાથી ઑ. ૬૬ અન્વયે તેઓ સભ્ય થઈ શકે નહિ તે જોતાં પ્રો. બી. આર. શિનોયનું નામ તે વરણીસમિતિના સભ્યોની યાદીમાંથી રદ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭. હિંદીની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) જે વિદ્યાર્થીઓએ એમ.એ.માં ગૌણ વિષય તરીકે હિંદી સાહિત્યને રાખ્યો હોય તે વિદ્યાર્થીઓ ફરી વાર હિંદીને મુખ્ય વિષય બનાવી હિંદી સાહિત્યનો વધુ ઘનિષ્ઠ અભ્યાસ કરી શકે એ માટે આવી સુવિધા કરવા હિંદીની અભ્યાસસમિતિની સભા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) હિંદીની અભ્યાસસમિતિ એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, અનુસ્નાતક કક્ષાએ હિંદી ભાષા અને સાહિત્યના અભ્યાસક્રમને બીજી યુનિવર્સિટીઓના અભ્યાસક્રમને સમકક્ષ બનાવવા હિંદીના આઠ પેપરો (એન્ટાયર હિંદી) લઈ વિદ્યાર્થી અભ્યાસ કરી શકે એવી જોગવાઈ યુનિવર્સિટીમાં ઊભી કરવા આગ્રહભરી વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. ૧ વિનયન વિદ્યાશાખાના અભિપ્રાય માટે મોકલવી, જ્યારે ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી નહિ.

૮. નીચે જણાવેલ વિષયોનો અભ્યાસક્રમ, પેનલો બનાવવાનું કામ વગેરે બાબતો કઈ અભ્યાસસમિતિ સમક્ષ રજૂ કરવી તે અંગે વિચારણા કરવા બાબત :

(અ) એમ.કૉમ., ભાગ ૧ અને ભાગ ૨ના અભ્યાસક્રમના નીચેના વિષયો :

(૧) ઇકૉનોમિક્સ ઑફ એગ્રિકલ્ચર
(૨) કૉ-ઑપરેટિવ ઍન્ડ રૂરલ ડેવેલપમેન્ટ

(બ) ફર્સ્ટ અને સેકન્ડ બી.એ.ના અભ્યાસક્રમમાં આવતા નીચેના વિષયો :

(૧) સ્ટેટિસ્ટિકલ મેથડ્સ
(૨) કૉ-ઑપરેશન.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા વિષયોનો અભ્યાસક્રમ, પેનલો, ઇત્યાદિ બનાવવાનું કામ તેના નામ સામે જણાવેલ અભ્યાસસમિતિને સોંપવાનું રાખવું :

(૧) ઇકૉનોમિક્સ ઑફ એગ્રિકલ્ચર ... ઇકૉનોમિક્સની અભ્યાસસમિતિ
(૨) કૉ-ઑપરેટિવ ઍન્ડ રૂરલ ડેવેલપમેન્ટ ... સહકારની અભ્યાસસમિતિ
(૩) સ્ટેટિસ્ટિકલ મેથડ્સ ... આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિ
(૪) કૉ-ઑપરેશન ... સહકારની અભ્યાસસમિતિ.

૯. પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની તા. ૨૦-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ઉર્દૂ વિષયની ૧૯૬૬ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના થર્ડ બી.એ.ના પ્રશ્નપત્ર ૭માં Poetry—Fasana-i-Ajaib by Rajab Ali Beg Suroorને બદલે Poetry—A Shaar-i-Momin by Abdul Mannan Bedil (Ramnarayanlal, Allahabad) નિયત કરવા ભલામણ કરવી.

(૨) એમ.એ.ની ૧૯૬૬ અને ૧૯૬૭ની પરીક્ષા માટે પ્રશ્નપત્ર ૩માં નિયત કરેલા પાઠ્યપુસ્તક ૧માં 'ઇન્તીખાબ'ને બદલે 'મકદમાહ' જોઈએ તેથી તે પ્રમાણે સુધારો કરવા ભલામણ કરવી. પાઠ્યપુસ્તકનું સુધારેલું નામ નીચે મુજબ વંચાશે :

1. Muqaddamah-i-Kalam-i-Atish by Kalimur-Rahman-Azami.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, ઉર્દૂ વિષયની ૧૯૬૬ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના થર્ડ બી.એ.ના પ્રશ્નપત્ર નં. ૭માં Poetry—Fasana-i-Ajaib by Rajab Ali Beg Suroorને વિકલ્પે Poetry—A Shaar-i-Momin by Abdul Mannan Bedil (Ramnarayanlal, Allahabad) નિયત કરવું.

(નોંધ.—કોઈ પણ કૉલેજમાં અગાઉ નિયત કરેલું પુસ્તક શીખવવાનું હોય, તો એવા પાઠ્યપુસ્તકોને લગતા પ્રશ્નો વિકલ્પે પૂછવા માટે પ્રાંશિકોને સૂચના આપવી.)

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી.

૧૦. સેનેટના નીચેના સભ્યોને કોઈ એક વિદ્યાશાખાનું સભ્યપદ આપવા સિન્ડિકેટને ભલામણ કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	પદવી તથા પરીક્ષાના વિષયો	પસંદગીની વિદ્યાશાખા
૧.	શ્રી. લાલભાઈ રતનજી દેસાઈ	બી.એ., બી.ટી., ટી.ડી. (લંડન)	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ	એમ.એ. અંગ્રેજી (મુખ્ય) ગુજરાતી (ગૌણ)	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૩.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ	એમ.એ.	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૪.	શ્રી. ત્રિભુવનદાસ બી. પટેલ	—	મેડિસિનની વિદ્યાશાખા
૫.	શ્રી. કાન્તિલાલ એમ. કાંટાવાળા	બી.ઈ. (સિવિલ, એપ્લાઇડ મિકેનિકસ, હાઇડ્રોલિકસ ઇરિગેશન, ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગ)	ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગ
૬.	શ્રી. ચીનુભાઈ જી. પટેલ	બી.એ. (ગુજરાતી મુખ્ય) ઇતિહાસ-અંગ્રેજી	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૭.	શ્રી. મફતલાલ એસ પટેલ	બી.એડ.	,,
૮.	શ્રી. શનાલાલ એમ. ઠક્કર	બી.એ., ટી.ડી. (અંગ્રેજી, ઇતિહાસ અને ભૂગોળ)	,,
૯.	શ્રી. વિજયશંકર પી. મહેતા	બી.એ., એલએલ.બી. (૧૯૬૨), લૉ	,,
૧૦.	શ્રી. ચિમનલાલ સી. શાહ	એડવોકેટ, લૉ (ક્રિમિનલ અને સિવિલ)	કાયદાની વિદ્યાશાખા
૧૧.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	એલએલ.બી.	*વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખા
૧૨.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	એમ.એ. (અર્થશાસ્ત્ર)	,,

*(આ બે વિદ્યાશાખા પૈકી કઈ વિદ્યાશાખા એનાયત થાય તેમ તેઓ ઇચ્છે છે તે અંગે પુછાવ્યું છે.)

૧૩.	શ્રી. ડોલરરાય આર. માંકડ	એમ.એ., સંસ્કૃત અને ગુજરાતી	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૧૪.	શ્રી. સુલેમાન યુસુફ ઉનિયા	એમ.એ., ઉર્દૂ અને અંગ્રેજી	,,
૧૫.	શ્રી. નાનુભાઈ આર. દેસાઈ	એફ.આર.સી.એસ.	તબીબી વિદ્યાશાખા

ક્રમાંક	સભ્યનું નામ	પદવી તથા પરીક્ષાના વિષયો	પ્રતિનિધિત્વ કરેલ વિદ્યાશાખા
૧૬.	ડૉ. લીલાબેન શાહ	પીએચ.ડી.	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૭.	શ્રી. વસંતરાય જે. ત્રિવેદી	એમ.એ. (અંગ્રેજી)	,,
૧૮.	શ્રી. છોટુભાઈ એચ. નાયક	એમ.એ., એચ.એ. (યુ.એસ.એ.)	તબીબી વિદ્યાશાખા
૧૯.	શ્રી. ઠાકોરલાલ અંબેલાલ દેસાઈ	બી.એસસી. (એન્જિ.)	ઇજનેરી વિદ્યાશાખા
૨૦.	શ્રી. બિહારીલાલ પોપટલાલ શાહ	બી.એ., એલએલ.બી. (ઇકોનોમિકસ-હિસ્ટરી)	કાયદાની વિદ્યાશાખા (તે વિદ્યાશાખાની બે અભ્યાસસમિતિઓ માગી છે પરંતુ વિદ્યાશાખાનો ઉલ્લેખ નથી.)
૨૧.	શ્રી. રમણલાલ વી. શાહ	બી.એ.,બી.ટી. (ગુજરાતી સોસિયલ સ્ટડીઝ)	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૨.	શ્રી. શ્રીકાન્ત એમ. અમીન	બી.એસસી.,બી.ટી., સી.એડ. (ગણિતશાસ્ત્ર અને વિજ્ઞાન)	વિજ્ઞાનની વિદ્યાશાખા
૨૩.	શ્રી. વાસુદેવ એન. ત્રિપાઠી	એમ.બી., બી.એસ.	તબીબી વિદ્યાશાખા
૨૪.	ડૉ. નરેન્દ્ર એચ. દેસાઈ	એમ.આર.સી.આર.	તબીબી વિદ્યાશાખા
૨૫	શ્રી. પ્રફુલ્લચંદ્ર એન. ભગવતી	બી.એ.,એલએલ.બી.	કાયદાની વિદ્યાશાખા
૨૬.	શ્રી. વૈકુંઠરાય બી. શાસ્ત્રી	બી.એ.,એલએલ.બી.	વિનયન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓ જણાવી છે.
૨૭.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	સમાજવિદ્યા વિશારદ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૮.	શ્રી. લાભુભાઈ વી. ત્રિવેદી	બી.એ. (ગુજરાતી અને સાયકોલોજી)	,,
૨૯.	શ્રી. વત્સરાજ એચ. ભાનોટ	એમ.એ.	,,
૩૦.	શ્રી. માણેકલાલ એન. ઠાકર	બી.એ.,બી.ટી. (અંગ્રેજી-ગુજરાતી)	,,
૩૧.	શ્રી. મનહરલાલ ટી. શુકલ	એમ.એ., બી.ટી.	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૨.	શ્રી. જાદવજી કે. મોદી	બી.એ., એલએલ.બી.	,,
૩૩.	શ્રી. શ્રેણિકભાઈ કે. શેઠ	એમ.બી.એ.	વાણિજ્યની વિદ્યાશાખા

નીચેના સભ્યો તરફથી કોઈ માહિતી આવેલ નથી :

ક્રમાંક	સભ્યનું નામ
૩૪.	ડૉ. નિત્યાનંદ કાનુન્ગો, ગવર્નર ઑફ ગુજરાત
૩૫.	શ્રી. એચ. વી. દિવેટિયા, એક્સ-વાઈસ-ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી
૩૬.	શ્રી. ભગનભાઈ દેસાઈ, એક્સ-વાઈસ-ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી
૩૭.	શ્રી. જે. એમ. શેલત, ધી ઑનરેબલ ચીફ જસ્ટિસ, ગુજરાત રાજ્ય
૩૮.	શ્રીમતી ઇન્દુમતી ચિમનલાલ, શિક્ષણ પ્રધાન, ગુજરાત રાજ્ય
૩૯.	શ્રી. ચતુરભાઈ એસ. પટેલ, વાઈસ-ચાન્સેલર, ધી એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૪૦.	શ્રી. જી. એ. પટેલ, એમ.એસ.,પીએચ.ડી., ડિરેક્ટર ઑફ એગ્રિકલ્ચર
૪૧.	શ્રી. એસ. એમ. ઘોષ, એમ.એ., ડિરેક્ટર ઑફ ઇન્ડસ્ટ્રીઝ
૪૨.	શ્રી. આર. ડી. જોશી, બી.એસસી., એ.આઈ.એફ.સી., ચીફ કૉન્ઝર્વેટર ઑફ ફૉરેસ્ટ
૪૩.	શ્રી. ટી. એમ. દેસાઈ, વાઈસ-ચાન્સેલર, ગૂજરાત વિદ્યાપીઠ
૪૪.	શ્રી. ડી. એસ. પરીખ, એમ.એ., બી.ટી.
૪૫.	શ્રી. બી. જે. નાયક, એમ.એ., બી.ટી.
૪૬.	શ્રી. સી. એમ. ભટ્ટ, ગુજરાત લેજિસ્લેટિવ એસેમ્બ્લી
૪૭.	શ્રી. બી. એ. બ્લ્યૂ, ,, ,, ,,
૪૮.	શ્રીમતી એમ. જે. દવે, ,, ,, ,,
૪૯.	શ્રી. જે. સી. પટેલ, બી.એ., એલએલ.બી., ,, ,, ,,
૫૦.	શ્રી. બી. પી. વૈદ્ય, બી.એ. ,, ,, ,,
૫૧.	શ્રી. એન. એસ. શોધન, બી.એ.
૫૨.	શ્રી. કસ્તૂરભાઈ શેઠ, પાનકોરનાકા, અમદાવાદ
૫૩.	શ્રી. આર. ટી. લેઉઆ, બી.એસસી., એલએલ.બી.
૫૪.	શ્રી. જી. સી. ઓઝા, એમ.પી.
૫૫.	શ્રી. અમૃતલાલ એચ. શેઠ, બી.એ., એલએલ.બી.
૫૬.	શ્રી. એસ. આર. વસાવડા, એમ.એ.
૫૭.	શ્રીમતી કમલિની સારાભાઈ, અમદાવાદ-૪
૫૮.	શ્રી. આઈ. એ. શાહ
૫૯.	શ્રી. બી. કે. મજમુદાર, એમ.એ., બી.કૉમ.
૬૦.	શ્રી. એ. એન. શેઠ, બી.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના નીચે જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા
૧.	શ્રી. લાલભાઈ આર. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા
૩.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪.	શ્રી. ત્રિભુવનદાસ ભીખાભાઈ પટેલ	તબીબી વિદ્યાશાખા
૫.	શ્રી. કાન્તિલાલ માણેકલાલ કાંટાવાળા	એન્જિનિયરિંગ સહિત ટેકનોલોજીની વિદ્યાશાખા
૬.	શ્રી. ચૂનીભાઈ ગણેશદાસ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૭.	શ્રી. મફતલાલ શંકરદાસ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૮.	શ્રી. એસ. એમ. કક્કર	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૯.	શ્રી. વિજયશંકર પ્રાણશંકર મહેતા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૦.	શ્રી. ચિમનલાલ ચંદુલાલ દેસાઈ	કાયદાની વિદ્યાશાખા
૧૧.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	કાયદાની વિદ્યાશાખા
૧૨.	શ્રી. વિનોદચંદ્ર ચૂનીલાલ શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૩.	શ્રી. ડોલરરાય રંગીલદાસ માંકડ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૪.	શ્રી. એસ. ઈ. ઉનિયા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૫.	શ્રી. નાનુભાઈ રણછોડજી દેસાઈ	તબીબી વિદ્યાશાખા
૧૬.	ડૉ. લીલાબેન શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૭.	પ્રો. વી. જે. ત્રિવેદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૮.	ડૉ. સી. એચ. નાયક	તબીબી વિદ્યાશાખા
૧૯.	શ્રી. ટી. એ. દેસાઈ	એન્જિનિયરિંગ સહિતની ટેકનોલોજીની વિદ્યાશાખા
૨૦.	શ્રી. બી. પી. શાહ	કાયદાની વિદ્યાશાખા
૨૧.	શ્રી. આર. વી. શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૨.	શ્રી. શ્રીકાન્ત એમ. અગીન	વિજ્ઞાનની વિદ્યાશાખા
૨૩.	ડૉ. વી. એન. ત્રિપાઠી	તબીબી વિદ્યાશાખા
૨૪.	ડૉ. એન. એચ. દેસાઈ	તબીબી વિદ્યાશાખા
૨૫.	શ્રી. પી. એન. ભગવતી	કાયદાની વિદ્યાશાખા
૨૬.	શ્રી. વી. બી. શાસ્ત્રી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૭.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૮.	શ્રી. એલ. વી. ત્રિવેદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૯.	શ્રી. વી. એચ. ભાનેટ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૦.	શ્રી. એમ. એન. કક્કર	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૧.	શ્રી. એમ. ટી. શુક્લ	વાણિજ્યની વિદ્યાશાખા
૩૨.	શ્રી. જે. કે. મોદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૩.	શ્રી. એસ. કે. શેઠ	વાણિજ્યની વિદ્યાશાખા
૩૪.	શ્રી. એચ. વી. દિવેટિયા	કાયદાની વિદ્યાશાખા
૩૫.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૬.	શ્રી. જે. એમ. શેલત	કાયદાની વિદ્યાશાખા
૩૭.	શ્રીમતી ઇન્દુમતી ચિમનલાલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા
૩૮.	શ્રી. ચતુરભાઈ એસ. પટેલ	વિજ્ઞાનની વિદ્યાશાખા
૩૯.	શ્રી. જી. એ. પટેલ	એગ્રિકલ્ચરની વિદ્યાશાખા
૪૦.	શ્રી. એસ. એમ. ઘોષ	વાણિજ્યની વિદ્યાશાખા
૪૧.	શ્રી. આર. ડી. જ્હેરી	એગ્રિકલ્ચરની વિદ્યાશાખા
૪૨.	શ્રી. ટી. એમ. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૩.	શ્રી. ડી. એસ. પરીખ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૪.	શ્રી. બી. જે. નાયક	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૫.	શ્રી. મી. એમ. ભટ્ટ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૬.	શ્રી. બી. એ. જ્હવે	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૭.	શ્રીમતી એમ. જે. દવે	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૮.	શ્રી. જે. સી. પટેલ	કાયદાની વિદ્યાશાખા
૪૯.	શ્રી. બી. પી. વૈદ્ય	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૫૦.	શ્રી. એન. એસ. શોધન	વાણિજ્યની વિદ્યાશાખા
૫૧.	શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ શેઠ	વાણિજ્યની વિદ્યાશાખા
૫૨.	શ્રી. આર. ટી. લેકુઆ	કાયદાની વિદ્યાશાખા
૫૩.	શ્રી. જી. સી. ઓઝા	કાયદાની વિદ્યાશાખા
૫૪.	શ્રી. અમૃતલાલ એચ. શેઠ	વાણિજ્યની વિદ્યાશાખા
૫૫.	શ્રી. એસ. આર. વસાવડા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૫૬.	શ્રીમતી કમલિની સારાભાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૫૭.	શ્રી. આઈ. એ. શાહ	વાણિજ્યની વિદ્યાશાખા
૫૮.	શ્રી. એ. એન. શેઠ	વિજ્ઞાનની વિદ્યાશાખા
૫૯.	શ્રી. બી. કે. મજમુદાર	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૬૦.	ડૉ. નિત્યાનંદ કાનુન્ગો	કુલપતિશ્રી નિત્યાનન્દ કાનુન્ગોને વિદ્યાશાખાનું સભ્યપદ આપવા બાબતમાં તેઓશ્રીને ઉપકુલપતિશ્રીએ ઘટતો પત્ર લખીને તેમની ઇચ્છા જાણીને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૮-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

"સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલની ડિપ્લોમા પરીક્ષા પાસ કર્યા પછી બે વર્ષનો પ્રોફેશનલ અનુભવ અથવા શૈક્ષણિક અનુભવ હોય તેમને માટે બી.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ) પરીક્ષાઓ માટે બી.ઈ. પાર્ટ-ટાઇમ ડિગ્રી ૪ વર્ષના અભ્યાસક્રમના ગાળાની સ્થાપવી."

(નોંધ.—સદરહુ વિદ્યાશાખાના ડિપ્લોમામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ માટે ડિગ્રીની જોગવાઈ ભારતની કઈ કઈ યુનિવર્સિટીઓમાં છે તે માહિતી મગાવવાનું ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૨૦-૭-૧૯૬૫ની સભામાં ઠરાવ્યું હતું તે અનુસાર કુલ ૧૦ યુનિવર્સિટીઓના પ્રત્યુત્તર

આવેલ છે. તેમાંથી એક યુનિવર્સિટીમાં આ પ્રકારનો અભ્યાસક્રમ છે અને ત્રણ યુનિવર્સિટીઓમાં આ પ્રકારનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગેની બાબત વિચારણા હેઠળ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત નીચેના સૂચન સાથે ઇજનેરી વિદ્યાશાખાની વિચારણા માટે પાછી મોકલવી :

"બી.ઈ. (સિવિલ, ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ) માટેના સૂચિત બંડ સમયના અભ્યાસક્રમ પછી (તે માટેની) પરીક્ષાઓ અને ઉત્તીર્ણતા તથા વર્ગ આપવાનું ધોરણ વગેરે બાબતો બી.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ)ની જે તે પરીક્ષા માટે હાલના પૂરા સમયના અભ્યાસક્રમને અનુલક્ષીને જે વ્યવસ્થા કરવામાં આવી છે તે જ વ્યવસ્થા લાગુ પડશે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે."

૧૨. ડિસેંબર ૧૯૬૫માં લેવાનાર સેકન્ડ બી.એસસી.ની પરીક્ષા માટે અને જાન્યુઆરી ૧૯૬૬માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ. અને જુનિયર તથા સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષા માટે પરીક્ષકો-પ્રાધ્યિકોની નિમણૂક બાબતમાં જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા સમિતિની ભલામણો ધટતું કરવા માટે સિન્ડિકેટને મોકલી આપવી.

(સદરહુ ભલામણોની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૧૩. ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં હિન્દીના ઓછામાં ઓછા એક બંડ સમયના શિક્ષક નીમવાનું આવશ્યક ગણવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની અનુક્રમે બી.એ., બી.એસસી. અને બી.કૉમ.નો અભ્યાસક્રમ શીખવતી કૉલેજો માટે ઓછામાં ઓછા બંડ સમયના એક લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. આ યુનિવર્સિટી તરફથી લેવાતી બી.એડ.ની પરીક્ષામાં કોઈ વિદ્યાર્થી સ્પેશિયલ મેથડ્સ ઑફ ટીચિંગના પ્રશ્નપત્ર નં. ૪માં જણાવેલ વિષયો બદલી પરીક્ષા આપવા માગે તો તેને ફરીથી પરીક્ષામાં બેસવા દેવો કે કેમ અને બેસવા દેવામાં આવે તો સ્પેશિયલ મેથડ્સ સિવાયના વિષયોમાં મુક્તિ આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—પ્રશ્નપત્ર ચારના વિષયો નીચે પ્રમાણે છે :

Paper IV : Special Methods of Teaching :

Any two of the following sections :

Section I : Mother-tongue or Regional Language
Section II : Rashtrabhasha Hindi
Section III : English
Section IV : Sanskrit
Section V : Social Studies

Section VI : History
Section VII : Geography
Section VIII : Mathematics
Section IX : General Science.

Note.—(*i*) Those who select 'social studies' as one of the subjects shall not be permitted to take 'History' or 'Geography' as the other option and vice versa.

(*ii*) Those who select Hindi under Section I not allowed to take it under Section II and vice versa.]

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એડ.ની પરીક્ષા માટે સ્પેશિયલ મેથડ્સ ઑફ ટીચિંગના પ્રશ્નપત્ર નં. ૪માં જણાવેલ વિષયો બદલીને કોઈ વિદ્યાર્થી ફરીથી પરીક્ષામાં બેસવા ઇચ્છે તો વધુ બે સત્રો ભરીને તેને તે પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવા તથા બાકીના વિષયોમાં મુક્તિ આપવા અને તે માટે હાલનાં ધારાધોરણોમાં ઘટતો સુધારો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. એમ.એડ. પરીક્ષામાં પાસ થવાનો રે. ૬૩ સુધારવામાં આવેલ છે તે જોતાં તેમાં ડિઝર્ટેશનમાં પાસ થવા અંગે જે ધોરણ અગાઉ નક્કી થયું હતું તે જ રહ્યું હોઈ તેમાં ફેરફાર કરવો કે કેમ અને જો તેમાં ફેરફાર કરવાનું થાય તો રે. ૬૪માં અમુક ટકા ડિઝર્ટેશનમાં કે પેપર્સમાં મુક્તિ આપવાની જે જોગવાઈ છે તેમાં કોઈ સુધારો કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત અને તે પ્રમાણે રે. ૬૩ અને ૬૪ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન મંજૂર કરવું, તથા તે પ્રમાણે રે. ૬૩ અને ૬૪માં ઘટતા સુધારા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(રે. ૬૩ અને ૬૪ની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૧૬. સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૬૪ની સભાએ નીમેલ ૧૯૬૪ની પરીક્ષાઓ માટેની આંતરિક ગુણાંકન સમિતિના અહેવાલ પર સિન્ડિકેટની તા. ૭-૮-૧૯૬૫ની સભાની બાબત નં. ૧૮ના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. ઝૂલોજીની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય માટે પીએચ.ડી. પદવી માટે તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

વિદ્યાર્થીનું નામ	વિષય	રેફરીનું નામ
યુ. એમ. રાવળ	Avain Myology : "Certain aspects of functional anatony of the feeding apparatus in some picarian group of Birds."	1. Dr. Andrew J. Berger, Chairman, Department of Zoology, 2538, The Mail, University of Hawaii Honolulu, Hawaii, 96822, U.S.A.
		or

વિદ્યાર્થીનું નામ	વિષય	રેફરીનું નામ
		2. Dr. Harvey I. Fisher, Chairman, Department of Zoology, Southern Illinois University Caroondale, I : INOIS, 62903, U.S.A.
		for viva voce only
		1. Prof. J. G. George, Professor of Zoology, M. S. University of Baroda, Baroda-2.
		2. Prof. P. V. Rangnekar, Professor of Zoology, Institute of Science, Bombay-1.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પીએચ.ડી. પદવી માટે તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	રેફરીનું નામ
શ્રી. જે. જે. શ્રોફ	"Studies in Physiologically active compounds Synthesis of Hydontoing thioehydanatiors and Rhodanies"	1. Dr. Hans Zimer, University of Cincinnati, Cincinnati-21, Ohio (U.S.A.). 2. Dr. Franklin Proul, Associate Professor of Chemistry, De Paul University, 1038, West Belden Avenue, Chicago-14, Illinois (U.S.A.).

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા *for viva*
		1. Dr. K. S. Nargund, Parle College, Vile Parle (East), Bombay-58.
		2. Dr. S. M. Sethna, M. S. University of Baroda, Baroda.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૯. સ્ટે. ૯૯, ૧૦૮ અને ૧૭૯માં નીચે પ્રમાણે સુધારો સૂચવતી આચાર્ય એ. આર. દેસાઈની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત:

Item No. 1

Amendment to Statute 99

I propose that under "(7) Faculty of Commerce" in Statute 99 (*i*) after the "Cooperation" *add* "Labour Welfare", (*ii*) and in place of "Accounting and Acturial Science" put "Accounting including Costing and Acturial Science" by *adding* the words "including Costing" after the word, "Accounting".

Item No. 2

Amendment to Statute 168

Under "Faculty of Commerce" in "(38) Accounting" *add* the words "including Costing" so as to read as follows:

"(38) Accounting including Costing".

Item No. 3

Amendment to Statute 179

After "22. Diploma in Banking (D.Banking)" *add* "23. Diploma in Costing (D.Costing)" and renumber subsequent Diplomas as "24", "25", "26" respectively.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. વિનયન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

ઑ. આર્ટ્સ-૬(૨)ની નોંધ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા ભલામણ કરવામાં આવે છે :

"It shall be competent for a student to select any one of the optional subjects offered by him at the First B.A. Examination as his Principal subject for the Second B.A. Examination provided that he shall take the other subject as his subordinate subject."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. આર્ટ્સ-૬(૨) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

નં. સિં./૨૭/૫૩૭૯૨/૧૯૬૫.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ડિસેંબર ૨૪, ૧૯૬૫.
પોષ ૩, ૧૮૮૭ (શક).

કું. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪

એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૪/૫-૧-૧૯૬૫ની સભામાં બાબત નં. ૨ થી યુનિવર્સિટી તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓમાં નિમાતા પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂકો અંગેનાં જે ધારાધોરણ છે તે જોઈતપાસી તેમાં ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગે જરૂરી સૂચનો કરવા નીમેલી સમિતિની બે સભા તા. ૨૮-૬-૧૯૬૫ના રોજ અને તા. ૧૭-૭-૧૯૬૫ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં શ્રી. મ. પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

	તા. ૨૮-૬-૧૯૬૫	તા. ૧૭-૭-૧૯૬૫
૧. શ્રી. મ. પ્ર. દેસાઈ	હાજર	હાજર
૨. શ્રી. જે. ડી. પાઠક	હાજર	હાજર
૩. શ્રી. વી. જે. જાની	હાજર	હાજર
૪. શ્રી. એ. આર. દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. એચ. જી. પંડ્યા	હાજર	હાજર
૬. શ્રી. એસ. આર. ભટ્ટ	ગેરહાજર	હાજર
૭. શ્રી. આર. ડી. દેસાઈ	ગેરહાજર	હાજર
૮. શ્રી. જે. બી. સાવિડલ	ગેરહાજર	ગેરહાજર
૯. શ્રી. સી. જે. પટેલ	ગેરહાજર	ગેરહાજર.

પરીક્ષકોની નિમણૂક અંગે હાલનાં છાપેલાં કન્વેન્શન્સ તથા જુદી જુદી પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક માટેની પરીક્ષકોની નિયત કરેલી લાયકાતો, પેનલ બનાવવાની પદ્ધતિ, પ્રાશ્નિક-પરીક્ષકોની સીનિયોરિટી ગણવાની પ્રથા તથા પરીક્ષકોની નિમણૂક બાબતમાં અખત્યાર થતી જુદી જુદી બાબતોની ચર્ચાવિચારણા થઈ હતી અને તેને અંતે નીચે પ્રમાણેની ભલામણો સમિતિએ કરેલ છે :

૧. પ્રત્યેક શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રના અંત સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયે, તેની સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં કામ કરતા બધા શિક્ષકોની યાદીઓ મેળવવી અને તેમની શૈક્ષણિક લાયકાત, તેમનો અનુભવ તેમ જ પરીક્ષક કે પ્રાશ્નિક તરીકેની લાયકાત (યુનિવર્સિટીએ ઠરાવેલાં ધોરણ અનુસાર) તથા પરીક્ષાનો અનુભવ વગેરે ટૂંકમાં, પ્રાશ્નિક-પરીક્ષકની નિમણૂક કરવામાં ઉપયોગી ને જરૂરી એવી બધી વિગતોની માહિતી સાથે, મગાવી લેવું અને એ માહિતીને આધારે યુનિવર્સિટી કાર્યાલયે નિયત કરેલ ધારાધોરણ લક્ષમાં લઈ પરીક્ષકોની વિષયવાર યાદીઓ તૈયાર કરવી. પરીક્ષક માટેની જે અરજીઓ મગાવવાની પ્રથા છે તે ચાલુ રાખવામાં, આમાં બાધ ન માનવો.

પેનલો બનાવવાનું કામ આ આધારે કરવું, તેમ જ બહારના પ્રાશ્નિકો વગેરે અંગે પણ મુંબઈ રાજ્યની, ખાસ કરીને ગુજરાતની બીજી યુનિવર્સિટીઓ પાસેથી, યાદીઓ મેળવવી અને તેમાંથી પણ વિષયવાર તારણ કાઢવું.

૨. પ્રાશ્નિક–પરીક્ષકોની સીનિયોરિટી અંગે ઉદ્ભવતા વિવિધ પ્રશ્નો અંગેનો પ્રશ્ન લેવામાં આવ્યો. તે અંગે વિચારણા કરીને એમ ઠરાવવામાં આવ્યું કે, નિમાયેલ પ્રાશ્નિક–પરીક્ષક કે મોડરેટરની સીનિયોરિટી હાલમાં જે પ્રથા(conventions)થી નક્કી કરવામાં આવે છે, તેમાં કોઈ ખાસ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી. પરંતુ યુનિવર્સિટી ભવનોમાં કામ કરતા પ્રોફેસર, રીડર કે લેક્ચરરની પરીક્ષક–પ્રાશ્નિક તરીકેની નિમણૂક વખતે તેમની સીનિયોરિટી બાબત ઘટતી વિચારણા કરવા પરીક્ષા સમિતિઓનું ધ્યાન દોરવું, તેમ જ એક જ પરીક્ષામાં નિમાયેલ પ્રાશ્નિક કે પરીક્ષક પૈકી કોઈને તેના સગા બેસતા હોવાને કારણે જ ઉપલી પરીક્ષામાં નીમવાનું થયું હોય તો તેની સાથેના નીચલી પરીક્ષાના સહપ્રાશ્નિક કે પરીક્ષક પૈકી જો કોઈ વધુ સીનિયર હોય તો તેને ઉપરની પરીક્ષામાં નિમણૂક માટે બીજી વખતે પહેલી પસંદગી આપવી.

૩. કોઈ વ્યક્તિને કેવળ તે પરદેશની યુનિવર્સિટીની પદવી ધરાવતો હોવાને કારણે જ કે ડૉક્ટરેટ ડિગ્રી ધરાવતો હોવાને કારણે જ સીનિયર ન ગણતાં, તેનો શૈક્ષણિક અનુભવ, જે પરીક્ષામાં નીમતા હોઈએ તે પરીક્ષામાં પરીક્ષક તરીકેનો અનુભવ, વગેરે સીનિયોરિટી માટે હાલ જે ધોરણ લક્ષમાં લેવાય છે, તે લક્ષમાં લઈ તેની સીનિયોરિટીનો પ્રશ્ન વિચારવાનું રાખવું.

૪. કોઈ એક વ્યક્તિના ૭ ટર્મ પૂરા થઈ જવા છતાં, કોઈ ખાસ કારણસર તેને નીમવાની આવશ્યકતા જણાય તો, ત્યારે પણ તેને તેની સમગ્ર સીનિયોરિટી લક્ષમાં લઈ જે તે કામ સોંપવાનું રાખવું.

૫. હાલની પ્રથા અનુસાર કોઈ પરીક્ષામાં જો કોઈ વ્યક્તિના સગા બેસતા હોય તો તેને તે આખી પરીક્ષામાં પરીક્ષાનું કોઈ કામ સોંપવામાં આવતું નથી; પરંતુ સમિતિને લાગે છે કે, જેમાં પ્રાશ્નિક કે પરીક્ષક નીમવાના હોય તે જ વિષયના જો તેના સગા બેસતા હોય તેમાં તેને એ નિમણૂક આપવી નહિ. પરંતુ તે સિવાયના વિષયમાં કામ આપવામાં તે જો નિમણૂકને પાત્ર હોય, તો કોઈ બાધ ન ગણવો, એવો આ સમિતિનો મત છે.

દા.ત.—એમ.એ.માં ઇતિહાસ લઈને કોઈના સગા બેસતા હોય તો તેમને લાયક હોવા છતાં ઇતિહાસમાં ન નીમવા, પણ એમ.એ.ના દા.ત., અંગ્રેજી વિષયમાં લાયક હોય તો તેમને નીમી શકાય, અથવા એમ.એ. ગુજરાતી લઈને કોઈના સગા બેસતા હોય, તો તેમને એમ.એ. અંગ્રેજી કે હિન્દીમાં નીમી શકાય.

૬. કોઈ એક વિષયમાં નિમાયેલ પ્રાશ્નિક મંડળના અધ્યક્ષ કે આવાહક અને મોડરેટરની નિમણૂક પણ સામાન્ય રીતે ત્રણ વાર કરતાં વધુ વખત એકસાથે (consecutively) કરવી નહિ; એટલે સામાન્ય શબ્દોમાં કહીએ તો જે આવાહક કે અધ્યક્ષ કે મોડરેટરના એક જ વિષયમાં ચાલુ ત્રણ વારા થઈ ગયા હોય, તેને તે નિમણૂકમાંથી બદલી આપવી.

વિશેષમાં યુનિવર્સિટીની પરીક્ષામાં લાગલાગટ ૭ વાર નિમાયેલ વ્યક્તિને સામાન્ય રીતે એક વર્ષ માટે કોઈ પરીક્ષામાં નીમવા નહિ એવો જે નિયમ છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી, તેમ આ સમિતિને જણાય છે.

(**નોંધ.**—ઉપરની ત્રણ વારે બદલવાની સૂચના આ ઉપરાંત અને અલગ, અધ્યક્ષ, આવાહક, મોડરેટર માટે અને તે પૂરતી છે.)

૭. જે પરીક્ષામાં યુનિવર્સિટીએ મોડરેશન પદ્ધતિ રાખી છે, ત્યાં મોડરેશન કામ માટે મોડરેટરોની યુનિવર્સિટી હેડક્વાર્ટર્સમાં ૨૦ દિવસ રોકાવાની જે પ્રથા છે તેને બદલે આ સમિતિ સૂચન કરે છે કે, એટલા દિવસોનું રોકાણ જરૂરી નથી. તેની જગ્યાએ આવી પ્રથા દાખલ કરવી કે, પરીક્ષકોને તમામ ઉત્તરપત્રો તપાસી મોડરેટરને ન મોકલતાં તેને યુનિવર્સિટી કાર્યાલયને (મોડરેટર ન હોય તો જેમ મોકલાય છે તે જ રીતે) મોકલી આપવા જણાવવું. એમ બધાં ઉત્તરપત્રો અમુક તારીખની અંદર કાર્યાલયમાં પહોંચે તે પછી કાર્યાલયે નક્કી કરીને તે તારીખે જે તે વિષયના ત્રણ કે ચાર મોડરેટરને બોલાવી યુનિવર્સિટી હેડક્વાર્ટર્સમાં રોકાઈ ઉત્તરપત્રો મોડરેટ કરાવવાની વ્યવસ્થા અને સમયપત્રક ઇત્યાદિ વિચારી લેવાં.

આ કામની એવી બધી બાબતો, જેવી કે પરીક્ષા પછી ઉત્તરપત્રોના પરીક્ષણ માટેની સમયમર્યાદા, ઉત્તરપત્રો મોકલવા-લાવવા જતો સમય, મોડરેશન માટેનો સમય, અને પરિણામ તૈયાર કરી સુપરત કરવા માટે જરૂરી સમય વગેરેના સંદર્ભમાં કાર્યાલયે કાર્યક્રમ નક્કી કરીને તે મુજબ મોડરેશન કામ અને તેટલા ઓછા દિવસમાં કરાવવાની જોગવાઈ કરવી.

૮. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં યુનિવર્સિટીએ ત્રિવાર્ષિક પદવી અભ્યાસ-ક્રમની છેલ્લી પદવી પરીક્ષાના જે તે વિષયના પ્રશ્નપત્રો કઢાવવા બાબતમાં વિચાર કરીને સમિતિ એક નવી યોજના નીચે પ્રમાણે રજૂ કરે છે:

જે તે પ્રશ્નપત્રના વિષયનું પદવી પરીક્ષાનું શિક્ષણ આપતી સંલગ્ન કૉલેજોમાંથી દશેક જેટલા શિક્ષકોને, કે જેઓ તે વિષયમાં પદવી કક્ષાની પરીક્ષામાં પ્રાશ્નિક તરીકેની લાયકાત ધરાવતા હોય અને તે વિષય શીખવતા હોય તેવા શિક્ષકો પાસેથી જે તે વિષયના પ્રશ્નપત્ર માટે નમૂનારૂપ પ્રશ્નપત્ર સૂચનરૂપે મગાવવાનું રાખવું, અને આ સૂચન જેની પાસેથી મગાવવામાં આવ્યું હોય, તે દરેક પરીક્ષક જેમ ગુપ્તતા રાખવા બંધાયેલ છે, તેમ જ અહીં પણ આવાં સૂચન આપનાર પ્રત્યેક શિક્ષકે પણ ગુપ્તતા રાખવી જોઈશે.

આવી રીતે જુદા જુદા શિક્ષકો પાસેથી મળેલ પરીક્ષાના પશ્નપત્ર અંગેનાં સૂચનોને આધારે યુનિવર્સિટી પરીક્ષા માટે આખરી પ્રશ્નપત્ર તૈયાર કરવાનું કામ સદરહુ વિષયના નિષ્ણાત અનુભવી એવી કોઈ એક જ વ્યક્તિને પ્રાશ્નિકનું કામ સોંપવું, અને તે ઉપરાંત ઉપરોક્ત સૂચનોમાંથી યોગ્ય લાગે તે સ્વીકારી, યા તેમાં ફેરફાર કરી કે રૂપાંતર કરી, કે નવું જ ઉમેરી યા જેમ ઠીક માને તેમ તેનો ઉપયોગ કરીને પોતાની સંપૂર્ણ જવાબદારી પર આખરી પ્રશ્નપત્ર તે પોતે (અને તેમની સાથે નિમાયેલ બહારનો પ્રાશ્નિક એક જો હોય તો તેની સાથે મળીને) કાઢી આપે અને આ વ્યક્તિને બને ત્યાં સુધી જે શિક્ષકો પાસે સૂચનો માગ્યાં હોય તે કે તે પૈકી જ હોવાં જોઈએ એવું કોઈ બંધન ન મૂકવામાં આવે.

[નોંધ.—(૧) આ સૂચન પ્રમાણે કામ કરવાનું નક્કી કરવામાં આવે તો યુનિવર્સિટી કાર્યાલયે ઉપર દર્શાવેલ પરીક્ષાઓના વિવિધ વિષયોના પ્રશ્નપત્રોના નમૂનાઓ કયા કયા શિક્ષકો પાસેથી મગાવવા તે વેળાસર નક્કી કરી લેવાનું રાખવું.

(૨) ઉપર જણાવેલ સૂચનો પ્રમાણે સૂચનો મગાવવાનું નક્કી કરવામાં આવે તો આ સૂચનો જે શિક્ષકો પાસેથી મગાવવામાં આવે તે કેવળ સૂચનરૂપે કાગળ ઉપર મેળવવા અને તે પર તે કયા શિક્ષકનાં સૂચન છે તેનો નિર્દેશ ન હોય તેમ, તે જે તે વિષયનું આખરી પ્રશ્નપત્ર તૈયાર કરવા નિમાયેલ પ્રાશ્નિકને સુપરત કરવું, જેથી કરીને કયું સૂચન કયા શિક્ષકનું છે તે ગુપ્ત રહે અને આવી ગુપ્તતા સાચવવી જ જોઈએ.

(૩) આ યોજના મુજબ પ્રશ્નપત્રોના નમૂના મેળવવા માટે પણ અમુક સમયપત્રક કાર્યાલયે નક્કી કરી લેવાનું રહેશે, જેથી આ પ્રશ્નપત્રોના નમૂના સમયસર મેળવી લઈ શકાય.

(૪) જે તે નક્કી કરેલ શિક્ષક પાસેથી માગવામાં આવેલ પ્રશ્નપત્રોનો નમૂનો પ્રશ્નપત્ર માટે નક્કી કરવામાં આવેલ પૂરેપૂરા ગુણનો જ હોવો જોઈએ (એટલે કે ૧૦૦ ગુણનો પ્રશ્નપત્ર હોય તો ૧૦૦ ગુણનો જ નમૂનાનો પ્રશ્નપત્ર હોવો જોઈએ) અથવા જે દશ શિક્ષકો પાસે આવા નમૂના માગવામાં આવ્યા હોય તે દશેદશ શિક્ષકોએ તે મોકલવા જ જોઈએ તે આવશ્યક ગણીને ચાલવાની જરૂર નથી, પરંતુ જે તે સૂચનો આવે તે આખરી પ્રશ્નપત્ર કાઢવાને બદલે મદદરૂપ જ છે તેમ સમજી લેવું. આ પ્રકારની વ્યવસ્થાને માટે યુનિવર્સિટી કાર્યાલય ઘટતું સમયપત્રક વગેરે જોઈ લેવાનું રાખે.]

૯. આ ઉપરાંત સમિતિએ પરીક્ષકોના કામકાજ અંગે વિચાર કર્યો હતો. તે અંગે ગાઈડ, ટ્યૂશન ઇત્યાદિની બાબતો આજે ધ્યાનમાં લેવાઈ છે. આ ઉપરાંત અનેક એવી બાબતો છે, જેમાં વિચાર કરવો ઘટે. આ બધી વસ્તુઓ માટે પાકો બંદોબસ્ત કરવો અઘરો છે, છતાં કોઈક તે વિષેની જવાબદારીનો ભાવ પ્રેરે એવું બને તો કરવું ઠીક લાગે છે. તેથી સમિતિએ એક સૂચના વિચારવાને માટે નીચે મુજબ રજૂ કરી છે:

> યુનિવર્સિટીની પરીક્ષામાં નિમાતા પ્રત્યેક પ્રાશ્નિક કે પરીક્ષક કે મોડરેટર પાસે નિમણૂકની સ્વીકૃતિની સાથે, પરીક્ષાના કામની ગુપ્તતા જાળવવા, તેમ જ કોઈ પણ પ્રકારની લાંચરુશવત, લાગવગ કે ગેરરીતિને વશ નહિ થાય તેમ જ પરીક્ષણનું કામ તદ્દન નિષ્પક્ષપણે પોતે કરશે તેવા એક સામાન્ય શપથ લેવડાવવાનું રાખવું અને તેનો મુસદ્દો યુનિવર્સિટી સત્તાવાળા તૈયાર કરવાનું રાખે. (જેમ કે, એમ.એલ.એ., એમ.પી. વગેરે સામાન્ય વફાદારી વ.ના શપથ લે છે, તે ધોરણે આ સૂચના છે.)

૧૦. ચાલુ પરીક્ષા-પદ્ધતિ અને તેમાં વિદ્યાર્થી-સંખ્યા તેમ જ પરીક્ષક-સંખ્યા ઇત્યાદિ વિષે ચર્ચા કરી આ સમિતિ ભલામણ કરે છે કે, ખાસ કરીને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં યુનિવર્સિટીએ ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમની પહેલી પરીક્ષામાં પ્રવેશ માટે જરૂરી એવી પ્રી-યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષા અને જે તે વિદ્યાશાખાની છેલ્લી પદવી પરીક્ષાઓ લેવાનું યુનિવર્સિટીએ રાખવું અને તે સિવાયની પરીક્ષાઓ લેવાનું કામ કૉલેજો દ્વારા લેવાની પદ્ધતિ વિચારવી જોઈએ. તે અંગે આંતરિક મૂલ્યાંકનનો પ્રયોગ વધારવો અને વધુ સક્ષમ કરવો ઘટે છે. આ અંગે

વટની વિચારણા કરી આગળ વધવાનું કામ શરૂ કરવાનો સમય હવે પાકી ગયો છે, એમ આ સમિતિને લાગે છે.

ઉપર પ્રમાણે નક્કી કરતાં, કૉલેજો દ્વારા જે પરીક્ષાઓ લેવાય તેના સુયોગ્ય સંચાલન માટે તથા તેમાં કોઈ અનિષ્ટ તત્ત્વ ન આવે અને પરીક્ષણનું ધોરણ પ્રત્યેક સંસ્થામાં એકસરખું જળવાય તે માટે તથા આંતરિક કસોટીઓ અને પરીક્ષાઓ યુનિવર્સિટીના ધોરણ અનુસાર લેવાય છે કે નહિ તે સંભાળવાને માટે યુનિવર્સિટીએ આ ફેરફારને અનુરૂપ જરૂરી અને યોગ્ય વ્યવસ્થા કરવા વિચારવું.

૧૧. વધુમાં હાલનાં કેટલાંક કન્વેન્શન્સ સમિતિએ વિચાર પર લીધાં હતાં અને તેમાંથી નીચે મુજબની સૂચનાઓમાં સુધારો કરવા સમિતિ ભલામણ કરે છે:

(૧) સામાન્ય કન્વેન્શન્સ નં. ૫માં નીચે પ્રમાણે ઉમેરો કરવો:

"Provided, however, where it is inevitable to appoint a person who has already completed six turns, such appointment should be made in view of the total seniority of the persons available on the panels."

સુધારેલો પાઠ નીચે મુજબ વાંચવો:

Save in the circumstances where sufficiently qualified persons are not available no person shall be appointed as a Paper-setter or an Examiner or both for more than six turns continuously at any one or more examinations of this University. (Those who have held appointments continuously for 6 items should be dropped at least for one year), provided however where it is inevitable to appoint a person who has already completed six turns, such appointment should be made in view of the total seniority of the persons available on the panels.

(૨) સામાન્ય કન્વેન્શન્સ નં. ૧૧-એમાં નીચે પ્રમાણે ઉમેરો કરવો:

"and as far as possible a non-teacher cannot be Paper-setter."

સુધારેલો પાઠ નીચે મુજબ વાંચવો:

Where there are five Paper-setters at least three shoud be external, and where there are three Paper-setters, at least two should be external, and where there are only two Paper-setters at least one should be external, and as far as possible a non-teacher cannot be a Paper-seter.

(૩) મેડિકલ પરીક્ષાઓ અંગેના કન્વેન્શન્સ નં. ૪ માંથી નીચે પ્રમાણેનો પાઠ રદ કરવો:

"Furthermore, in Anatomy,.....a Lecturer or a Reader."

સુધારેલો પાઠ નીચે મુજબ વાંચવો:

In the subject of Anatomy, Physiology, Pharmacology, Pathology and Bacteriology, at least one of the internal Examiners should be University teacher in the subject of the at least 5 years' experience of teaching the subject.

(૪) મેડિકલ પરીક્ષાઓ અંગેના કન્વેન્શન્સ નં. ૬માં ચોથી લીટીમાં four yearsને બદલે six turns રાખવા:

સુધારેલો પાઠ નીચે મુજબ વાંચવો:

In the clinical subjects ordinarily, at least half the Examiners should have not less than five years' teaching experience subsequent to their obtaining the post-graduate qualification. Further in these subjects a person may ordinarily be appointed for not more than six turns, thereafter he should not be appointed for a period of at least three years. Where for absence of a suitable person an Examiner has to be appointed to work as Senior Examiner in spite of the above rules, such appointments should not be for more than one year, save in exceptional circumstances.

સમિતિએ આ પ્રમાણે પોતાનો રિપોર્ટ રજૂ કરવામાં આવે એમ ઠરાવ્યું હતું.

પરિશિષ્ટ "ખ"
કોમકોલ કેમ્પસ ૨૫

R. 63:

To pass the M.Ed. Examination —

(*i*) A student will be required to obtain at least 36 per cent of marks in each paper and at least *48 per cent of marks in the dissertation; and*

(*ii*) at least 48 per cent of total marks obtainable in grand total.

Those of the successful students obtaining 60 per cent or more of the total marks obtainable will be placed in the First Class and those obtaining less than 60 per cent of the total marks will be placed in the Second Class. ***Provided that a candidate whose marks are carried over under R. 64 shall not be eligible for the First Class or any University awards.***

R. 64:

If a candidate passes in the dissertation but fails in the papers, the marks obtained by him in the dissertation shall be carried over to the subsequent year or years. If a candidate passes in the papers and fails in the dissertation, only, the marks obtained by him in the papers shall be carried over to the subsequent year or years and he shall be at liberty to revise or re-submit the dissertation or to submit another dissertation in the subsequent year or years. Provided always that no such carrying over shall be permitted unless the candidate has obtained ***at least 48 per cent of full*** marks in the dissertation or in ***all the papers taken together*** as the case may be.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

G.U.P. 769-350-11-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૫ના ઓક્ટોબર માસની ચોથી સભા, બુધવાર, તા. ૬-૧૦-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને ગુરુવાર, તા. ૭-૧૦-૧૯૬૫ના રોજ પણ તે જ સભા ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૧૦-૧૯૬૫	તા. ૭-૧૦-૧૯૬૫
૧.	શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. કં. ચં. પરીખ, મહામાત્ર	હાજર	હાજર
૩.	શ્રી. મ. પ્ર. દેસાઈ	હાજર	હાજર
૪.	આચાર્ય એચ. ડી. નોરોન્હા	હાજર	હાજર
૫.	આચાર્ય વી. જે. જાની	હાજર	હાજર
૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૭.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર
૮.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૯.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૦.	આચાર્ય એચ. જી. પંડ્યા	હાજર	હાજર
૧૧.	પ્રો.ફે. બી. આર. શેનોય	ગેરહાજર	ગેરહાજર
૧૨.	પ્રો.ફે. ઉમાશંકર જે. જોશી	હાજર	હાજર
૧૩.	ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર	ગેરહાજર
૧૪.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૫.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૧૬.	આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝા	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૧૦-૧૯૬૫	તા. ૭-૧૦-૧૯૬૫
૧૭.	શ્રી. ડી. આર. ભાંકડ	ગેરહાજર	ગેરહાજર
૧૮.	શ્રી. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૯.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૨૦.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	ગેરહાજર
૨૧.	આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૨.	આચાર્ય આઈ. વી. ત્રિવેદી	હાજર	હાજર
૨૩.	આચાર્ય ચન્દ્રવદન સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૪.	આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર	હાજર
૨૫.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૬.	આચાર્ય આર. જી. ભટ્ટ	ગેરહાજર	હાજર
૨૭.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર
૨૮.	શ્રી. એમ. ટી. શુક્લ	હાજર	ગેરહાજર
૨૯.	આચાર્ય એ. વી. દોશી	હાજર	ગેરહાજર
૩૦.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૩૧.	આચાર્ય આર. ડી. દેસાઈ	હાજર	હાજર
૩૨.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર
૩૩.	આચાર્ય કે. વી. દેસાઈ	હાજર	હાજર
૩૪.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર
૩૫.	આચાર્ય જે. બી. સાવ્હિડલ	હાજર	હાજર
૩૬.	આચાર્ય કે. જી. નાયક	હાજર	હાજર
૩૭.	શ્રી. જી. બી. ઓઝા	હાજર	ગેરહાજર
૩૮.	આચાર્ય ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૩૯.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૪૦.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૪૧.	શ્રી. ટી. એ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪૨.	શ્રી. આઈ. એ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૪૩.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૪૪.	આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	હાજર
૪૫.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૪૬.	આચાર્ય જે. ડી. પાઠક	ગેરહાજર	ગેરહાજર
૪૭.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર	હાજર
૪૮.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૪૯.	આચાર્ય એસ. વી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫૦.	શ્રી. જી. આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫૧.	ડૉ. પી. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬–૧૦–૧૯૬૫	તા. ૯–૧૦–૧૯૬૫
૫૨.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	હાજર
૫૩.	આચાર્ય એન. એમ. પરીખ	ગેરહાજર	હાજર
૫૪.	ડૉ. એ. એમ. મલાવવાલા	ગેરહાજર	ગેરહાજર
૫૫.	આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર
૫૬.	આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	હાજર
૫૭.	આચાર્ય જે. જે. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫૮.	ડૉ. સૌદામિનીબહેન પંડ્યા	હાજર	ગેરહાજર
૫૯.	શ્રી. રસિકલાલ છો. પરીખ	ગેરહાજર	ગેરહાજર.

૧. તા. ૧૯/૨૦–૭–૧૯૬૫ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની તૃતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૯/૨૦–૭–૧૯૬૫ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૫ના વર્ષની તૃતીય સભાના કામકાજની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી:

બાબત નં. ૨૬ની સાથે જોડવામાં આવેલ પરિશિષ્ટ "ધ"માં બી.ઈ.(સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ)ના અભ્યાસક્રમમાં ઐચ્છિક વિષયો(electives)ની જે વિગતો રહી ગઈ છે તે ઉમેરીને પરિશિષ્ટ "ધ" સુધારવું.

સદરહુ પરિશિષ્ટ "ધ"ની નકલ આ સાથે સામેલ છે.

બાબત નં. ૨૯ની પેટાકલમ ૨માં પેપર નં. ૫નો ઉલ્લેખ રહી ગયો છે તે નીચે મુજબ ઉમેરવો :

"Paper V : Principles of Mechanics."

૨. સિન્ડિકેટે તેની તા. ૧૬–૧૧–૧૯૬૩ની સભામાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પરીક્ષાઓમાં આંતરિક ગુણાંકનની પદ્ધતિ અંગે મંજૂર કરેલા નિયમો જે તે પરીક્ષામાં રેગ્યુલેશન તરીકે ઉમેરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રેગ્યુલેશનોનો પાઠ મંજૂર કરવો, અને તેને નીચે મુજબ ક્રમાંક આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

1. B.A.—R. Arts (Gen.) 1
2. B.Sc.—R. Sc. (Gen.) 1
3. B.Com.—R. Com. (Gen.) 1.

(સદરહુ રેગ્યુલેશનો આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. નવા ત્રિવાર્ષિક અભ્યાસક્રમ પ્રમાણે ઉપલા ધોરણનાં સત્રો ભરવાનો લાભ આપવાની જોગવાઈ જે તે પરીક્ષાઓમાં અલગ અલગ હોવાથી ઍ. ૧૨૭નો પાઠ નીચે મુજબ વંચાય

તે રીતે સુધારવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિ. ૧૨૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી:

O. 127 :

If a candidate is allowed to keep terms or has been permitted to register himself as an external candidate for the next higher examination under the relevant rules of the lower examination concerned in the result of which he has been declared to have been allowed to keep terms for the higher examination, he will not be permitted to appear for the higher examination unless (1) he has previously passed in the remaining subject or each of the remaining subjects, as the case may be, of the lower examination or (2) he appears in the remaining subject or subjects concerned in the same examination season in which he appears at the higher examination.

In the latter case, however, he will, under no circumstances, be considered to have passed the higher examination or in any part thereof unless he passes in the aforementioned remaining subject or each of the remaining subjects, as the case may be, by obtaining at least the minimum marks prescribed for passing in each head of passing of the remaining subject or subjects as well as in the total of such heads if the total is also a head of passing at the lower examination in the same examination season or within two years from the examination season in which he has secured passing marks at the higher examination where his result has not been declared. In the event of his not passing in the remaining subject or each of the remaining subjects, as the case may be, in the lower examination within two years from the date on which his result of the higher examination has been withheld as hereinabove stated, he will forfeit all benefits accruing from the marks obtained by him in the higher examination, provided that the terms kept by him for the higher examination will be available to him for any further appearance at that examination.

૪. સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૬૪ની સભાએ નીમેલી, ૧૯૬૪ની પરીક્ષાઓ માટેની આંતરિક ગુણાંકન સમિતિના હેવાલ પર સિન્ડિકેટની તા. ૭-૮-૧૯૬૫ની સભાના બાબત નં. ૧૮ના ઠરાવ મુજબ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. સંલગ્ન કૉલેજોમાં ગ્રંથાલયો માટે ગ્રંથાલયશાસ્ત્રની તાલીમ પામેલા ગ્રંથપાલોની સેવા મળી શકે તે માટે હવે પછી નિમાય તે ગ્રંથપાલોની શૈક્ષણિક લાયકાતનું ધોરણ નક્કી કરવું કે કેમ અને તે કરવું તો શું, તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક પદવી કૉલેજમાં પૂરા સમયના અને તે કામ માટે યોગ્ય એવા એક અલગ ગ્રંથપાલ કૉલેજના ગ્રંથાલય માટે હોવા આવશ્યક ગણવા તથા તે જગ્યા માટે ગ્રંથાલયના કામના અનુભવી અને/અથવા ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ એ પ્રમાણે લાયકાતનું ધોરણ અપનાવવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. આચાર્ય ડૉ. વાય. જી. નાયક તરફથી આવેલા નીચેના ત્રણ પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

Resolution I :

The internal assessment in the Three-year Degree Course in all subjects should be considered as only for eligibility of class at the University examination and should not be considered for awarding the class. The following eligibility rules will be applied uniformly for faculties of Arts, Science and Commerce :

Rule-1 : In order to pass the University examination, a student must obtain passing marks in each subject in internal assessment.

Rule-2 : A student getting 40 % or more marks in the total of internal assessment will be eligible for securing a Second Class.

Rule-3 : A student getting 48 % or more marks in the internal assessment will be eligible for a First Class.

Rule-4 : A student getting 37 %, 38 % and 39 % marks in the internal assessment will however be entitled to a Second Class if his total University examination marks exceed 48 % respectively by 12 %, 8 % and 4 %.

Rule-5 : A student getting 47 %, 48 % and 49 % in the internal assessment, will however be entitled to a First Class if his total University examination marks exceed 60 % respectively by 12 %, 8 % and 4 %.

Note.— This means that for every 4 % more marks in internal assessment, a student gets 1 % marks in the University examination for getting a class for a deficiency upto 3 %.

Resolution II :

As a large number of students entering Pre-University Science classes do not offer higher Mathematics it is necessary to revise the pattern of Pre-University Science courses and introduce one Compulsory paper of Mathematics to cover the S.S.C. course in Higher Mathematics which the Elementary Mathematics course does not cover.

It is proposed that the course may be re-shuffled as under :

Compulsory subjects	*Total marks*
1. English (50 marks text and 50 marks grammar)	.. 100
2. Chemistry—2 Papers+2 Practicals (120) + (80)	.. 200
3. Physics—2 Papers+2 Practicals (120) + (80)	.. 200
Compulsory and Optional papers :	
4. Biology—Compulsory Paper I Theory+Practicals (60+40)	.. 100
Optional Paper Theory+Practicals (60+40)	.. 100
Optional Paper III Theory+Practicals (60+40)	.. 100
5. Mathematics—Compulsory Paper I	.. 100
Optional Paper II	.. 100
Optional Paper III	.. 100

Every student will have to offer English, Chemistry (2 papers), Physics (2 papers) as compulsory papers and in addition 3 papers of one subject (either Maths. or Biology) and one compulsory paper of the other subject (Maths. or Biology, as the case may be).

Those of the students offering 3 papers in Mathematics will be eligible for admission to Engineering courses or F.Y.B.Sc. 'A' Group and those who offer 3 papers in Biology will be eligible for admission to Medical Course or F.Y.B.Sc. 'B' Group.

Resolution III :

This meeting of the Academic Council recommends that the following one-year post-M.Sc. Diplomas be instituted in the University and recommends to the Syndicate to take necessary steps to start the same at an early date :

(*1*) *Chemistry :*

(*i*) Micro-analysis
(*ii*) Paper and gas chromatography
(*iii*) Spectral Analysis
(*iv*) Petro-chemicals
(*v*) Textile Chemistry
(*vi*) Analytical Chemistry
(*vii*) Geo-chemistry (Analysis of ores and minerals)
(*viii*) Fine Chemicals
(*ix*) Instrumental Chemical Analysis
(*x*) Nuclear Chemical Processes
(*xi*) Soil Chemistry
(*xii*) Soap technology
(*xiii*) Oils and Varnishes
(*xiv*) Plastics

(*2*) *Physics :*

(*i*) X-ray Tachnique
(*ii*) High Vacuum Technique
(*iii*) Semi-conductor and transistor devices
(*iv*) Electronic Instrumentation
(*v*) Radar Technology
(*vi*) Nuclear analysis (Radioactivity)
(*vii*) Accoustics
(*viii*) Computer Technique
(*ix*) Spectroscopic Technique

(*3*) *Biology :*

(*i*) Herbarium Technique
(*ii*) Horticulture Technique and Gardening
(*iii*) Identification of Flora

(*iv*) Identification of posts and insects
(*v*) Fugii studies
(*vi*) Science of Fisheries and Aquaria
(*vii*) Protein Isolation techniques from plants
(*viii*) Museology—stuffing of birds and animals
(*ix*) Bird watching, Maintenance of avairy

(*4*) *Geology :*

(*i*) Applied Geology
(*ii*) Geophysical prospecting.

(૧) ડૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. ૧ અંગે વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહિ.

(૨) ડૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. ૨ અંગે વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણમાં કશો ફેરફાર કરવો નહિ.

(૩) ડૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. ૩ અંગે ઠરાવવામાં આવ્યું કે, આ યુનિવર્સિટીમાં વિજ્ઞાન વિદ્યાશાખામાં કયા નવા વિષયો શરૂ કરવાની જરૂર છે તથા વ્યવહારુ દૃષ્ટિએ તેનો અમલ કરવાની બાબતમાં સ્ટાફ, ઇક્વિપમેન્ટ વગેરે બાબતો જોઈને તે અંગે સમગ્ર રીતે રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. ડૉ. કે. જી. નાયક
૨. ડૉ. ય. ગુ. નાયક
૩. ડૉ. આર. ડી. દેસાઈ
૪. ડૉ. એચ. ડી. નોરોન્હા
૫. ડૉ. જે. જે. ચિનોય
૬. ડૉ. બી. કે. વૈદ્ય
૭. આચાર્ય વી. એમ. જાની.

૭. રીડર-ઇન-મૅથેમેટિક્સની ખાલી પડેલ જગ્યા પર ઑ. ૬૬ પ્રમાણે એકેડેમિક કાઉન્સિલના એક પ્રતિનિધિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑ. ૬૬ મુજબ બે સભ્યો પૈકી એક સભ્ય મૅથેમેટિક્સ વિષયના પ્રોફેસર હોવા જોઈએ, જે પ્રો. પી. સી. વૈદ્ય આ વિષય માટેના પ્રોફેસર હોઈ બહારના એક જ સભ્યની નિમણૂક કરવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. એસ. એસ. શિખરે
૨. ડૉ. પી. સી. વૈદ્ય.

(નોંધ.—સંજોગવશાત્ ડૉ. શિખંડે આવી શકે નહિ તો ડૉ. યુ. એન. સિંગની નિમણૂક કરવી.)

૮. સેનેટના સભ્ય શ્રી. આર. બી. શાહ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

The following are the subjects of study prescribed for two terms at the Third B.Sc. Examination for the General Degree Course and the Special Degree Course, provided that a student will offer only one course at a time:

The General Degree Course

	Ext. Eva.	*Int. Eva.*	*Duration of Exam.*
1. English — one paper	70	30	Three hours

2. Three Science subjects, subject to restrictions stated in O. Sc.–5 from the following, viz. (1) Physics, (2) Chemistry, (3) Botany, (4) Zoology, (5) Geography, (6) Geology, (7) Microbiology, (8) Mathematics, and (9) Statistics in the following manner :

Four Papers including Practicals covering 400 marks in all as under :--

One paper and one practical (if any) covering 60 marks for Theory (40 marks for External evaluation and 20 marks for Internal evaluation) and 40 marks for practicals (if any) (30 marks for the University examination and 10 marks for Internal evaluation), in that subject, which the student had offered as a Second subject at Second B.Sc. Examination and three papers including practicals (if any) covering 300 marks in the Third Science subject in the same manner as that prescribed for a Special subject in the Second B.Sc. Examination. A student will not be required to do any more papers in the subject in which he has done three papers including practicals (if any) covering 300 marks at the Second B.Sc. Examination.

Note.— Where there is no practical examination, each paper in theory shall, subject to the general pattern of 30 % of the total marks for internal evaluation, carry 100 marks.

A subject as a second subject

Sr.No.	*Subject*	*Theory Paper III of Second B.Sc.*		*Practicals*	
		External	*Internal*	*External*	*Interna*
1.	Physics	40	20	30	10
2.	Chemistry	40	20	30	10
3.	Botany	40	20	30	10
4.	Zoology	40	20	30	10
5.	Geography	40	20	30	10
6.	Geology	40	20	30	10
7.	Microbiology	40	20	30	10
8.	Mathematics	70	30	—	—
9.	Statistics	50	25	15	10

The Special Degree Course

No.	*Subjects*	*Paper*	*Marks* *External Evaluation*	*Internal Evaluation*	*Duration of Examination*
I	English	One	70	30	Three hours
II	The special subject (selected in S.Y.B.Sc.) in papers, comprising 500 marks				
1.	Physics VI to X	five each of 40 marks	200 150 for 4 Practicals	100 50	Two hours each Three ,, ,,
2.	Chemistry VI to X	,,	40 each 150 for 6 Experiments	100 50	Two hours each as prescribed in R. Sc. 8
3.	Botany VI to X	,,	4 each 150 for 3 Practicals	100 50	Two hours each Five hours each
4.	Zoology VI to X	,,	40 each 150 for 3 Practicals	100 50	Two hours each At least five hours each
5.	Geography VI to X	,,	40 each 150 for 4 Precticals	100 50	Two hours each Three hours each
6.	Geology VI to X	,,	40 each 150 for 3 Practicals	100 50	Two hours each Four hours each
7.	Microbiology VI to X	,,	40 each 150 for 3 Practicals	100 50	Two hours each Four hours each
8.	Mathematics VI to X	,,	70 each	30	Three hours each
9.	Statistics IV to VIII	,,			
	Theory Papers IV, V and VI		150	75	2 hours each
	Theory Papers VII and VIII		140	60	3 hours each
	2 Practicals		50	25	3 hours each.

Provided further that a student appearing at the above examination has appeared for the purposes of internal evaluation (*i*) in at least two tests in the first term, and (*ii*) either two tests or one full-length examination in the second term as follows :

(1) Each test shall be not less than one and a half hours' duration in each paper and in each subject.

(2) The full-length examination which may, at the discretion of the Principal, be held in lieu of the two tests prescribed to be held in the second term shall be as per the pattern and the duration prescribed for the University examination.

(3) Wherever any practical work is assigned for a course of study in any subject the student shall appear in at least two tests in the first term, and one full-length examination in lieu of two tests in the second term in each subject for the practical work also, in addition to the theoretical tests in the subject.

(4) Notwithstanding anything contained hereinabove, it shall be competent for the Principal of a college, if he so desires, to hold one test per term for practical work, provided that the duration of each such test in that case will be as per the duration fixed by the University for its examination.

(5) The Principal of a colleges shall be competent to hold both theoretical and practical tests in such manner and at such time as he will fix, subject to the provisions mentioned hereinabove.

(6) The Principal of a college is authorised to arrange for an extra test, if he so wishes, in case a student is not able to appear at any one test for a bonafide reason, provided that under no circumstances, a student shall be given an opportunity to apper at an extra test in any subject more than once.

(7) The marks assigned to each student for the total internal evaluation in each subject shall be sent to the University by 20th March every year by the Principal of the college from where the student is sent up for the examination.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૯

R. Arts-13 :

To pass the examination, a candidate must obtain at least 36% of the marks obtainable separately in each subject at the University examination and also in the internal evaluation of each subject.

(1) Those of the successful candidates who obtain at least 60 % of the total marks obtainable in aggregate, i.e., the marks worked out as percentage at their First and Second Year Examinations on the basis given in paragraph No. 2 below, and (2) actual marks obtained by them in their Third Year Examination excluding English will be placed in the First Class provided they obtain at least 50% of the marks obtainable in the papers and practicals (if any) at the Third Year Examination actually held by the University as distinguished from internal evaluation, and those obtaining 48% of the total marks obtainable in the aggregate, i.e., the marks worked out as percentage at their First and Second Year Examinations on the basis given in paragraph No. 2 below, both, and (*ii*) the actual marks obtained by them in their Third Year Examination excluding English will be placed in the Second Class, provided they obtain at least 40% of the marks obtainable in the papers and practicals (if any) at the Third year examination actually held by the University as distinguished from internal evaluation.

(2) For the purpose of determining the class at the Degree examination the percentage of marks obtained by a candidate in each of his F.Y. and S.Y. Examinations shall be given weightage so as to constitute it as an integral part of the total, it being understood that the tota of 800 marks shall be counted as per the following formula:

1. Marks obtained in the optional papers
(i.e., in Papers other than Comp. English)
of Third Year Examination, i.e., out of .. .. 600 marks

2. Percentage of marks obtained in optional papers (i.e., in papers other than Comp. English & Gen. Education) and First Year Examination .. .. 100 marks

3. Percentage and marks obtained in optional papers (i.e., in papers other than Comp. English and General Education) of S.Y. Examination .. .. 100 marks

Total 800 marks.

(3) A candidate who has earned exemption in English or who has earned exemption at one sitting in the principal subject shall be entitled to a class in accordance with this regulation on his passing in the remaining subject at a subsequent examination. A candidate passing the examination in compartments in this manner shall not be eligible for any prize, scholarship or other award in this examination.

(4) The marks assigned as the internal evaluation shall be carried forward and credited to the candidate concerned in a subsequent examination, if he appears thereat as an ex-student.

(5) Notwithstanding anything contained above, it is hereby provided that —

1. A student who joins the Three-year Degree Course in the Second Year after passing Intermediate Examination of this University or an examination recognised as equivalent thereto, the percentage of the aggregate marks obtained by him thereat shall be counted in place of the percentage of marks at the F.Y. Examination as contemplated above.
2. A student who has passed the First Year or the Second Year Examination (either of this University or an equivalent examination of any other University) in compartments in any manner will be awarded the marks equal to the percentage of marks worked out on the basis of the marks obtained by a candidate in each subject when that subject is cleared by the candidate subject to a maximum of 47% for the purpose of awarding a class at the Degree Examination.
3. A fraction of a mark determined by taking out the percentage of marks for the purpose contemplated above shall be considered as one mark.

R. Sc.–15 :

To pass the examination, a student must obtain at least 36 per cent of the marks obtainable separately in papers and practicals in each subject at the University examination and separately in internal evaluation of both papers and practicals in each subject.

(1) Those of the successful candidates who obtained at least 60 per cent of the total marks obtainable in aggregate, i.e., (1) the marks worked out as a percentage at their first and second year examinations on the basis given in paragraph 2 below, i.e., and the actual marks obtained by them in their Third Year examination excluding English will be placed in the First Class, provided they obtain at least 50 per cent of the total marks obtainable in the papers and practicals at the Third Year Examination in the examination actually held by the University as distinguished from internal evaluation and those obtaining 48 per cent or more but less than 60% of the total marks obtainable in aggregate, i.e., (*i*) the marks worked out as a percentage at their First and Second year examinations on the basis given in the paragraph 2 below, and (*ii*) the actual marks obtained by them in their Third Year examination excluding English will be placed in the Second Class provided they obtain at least 40 per cent of the total marks obtainable in the papers and practicals at the Third Year Examination in the examination actually held by the University as distinguished from internal evaluation.

(2) For the purpose of determining the class at the Degree Examination the percentage of marks obtained by a candidate in each of his F.Y. and S.Y. Examinations shall be given weightage so as to constitute it as an itegral part of the total, it being understood that the total of 800 marks shall be counted as per the following formula :

1. Marks obtained in the optional papers (i.e. other than English) of Third Year Examination, i.e. out of .. 600 marks
2. Percentage of marks obtained in optional paper (i.e., in Paper other than English and General Education) and First Year Examination .. 100 marks

3. Percentage and marks obtained in optional papers (i.e. in papers other than English and General Education) of Second Year Examination .. 100 marks

Total 800 marks

(3) A student who has earned exemption in English or who has earned exemption at one sitting in all the subjects excepting English shall be entitled to a class in accordance with this regulation on his passing the remaining subject or subjects at a subsequent examination. A student passing the examination in compartments in this manner shall not be eligible for any prize, scholarship or other award for this examination.

(4) The marks assigned as the internal evaluation in which he passes, will be carried forward for the student appearing more than once at his examination as an ex-student.

(5) Notwithstanding anything contained above, it is hereby provided that —

1. a student who joins the Three-year Degree Course in the Second Year after passing intermediate Examination of this University or an examination recognised as equivalent thereto, the percentage of the aggregate marks obtained by him thereat shall be counted in place of the percentage of marks at the F.Y. Examination as contemplated above.
2. A student who has passed the First Year or the Second Year Examination (either of this University or an equivalent examination of any other University) in compartments in any manner will be awarded the marks equal to the percentage of marks worked out on the basis of the marks obtained by a candidate in each subject when that subject is cleared by the candidate shall be carried forward subject to a maximum of 47 for the purpose of awarding a class at the Degree Examination.
3. A fraction of a mark determined by taking out the percentage of marks for the purpose contemplated above shall be considered as one mark.

R. Com. 14 :

To pass an examination, a candidate must obtain at least 36 per cent of the total marks obtainable separately in the University examination and in the internal evaluation in each subject.

1. Those of the successful candidates who obtain 60 per cent or more of the total marks obtainable in the aggregate, i.e. (1) the marks worked out as percentage at their First and Second Year Examinations, on the basis given in paragraph No. 2 below, and (2) the actual marks obtained by them in their Third Year B.Com. Examination excluding English will be placed in the First Class provided they obtain at least 50 per cent of the total marks obtainable in the papers at the Third Year Examination in the Examination actually held by the University as distinguished from internal evaluation, and those obtaining 48 per cent or more but less than 60 per cent of the total marks in the aggregate, i.e., (*i*) the marks worked out as percentage at their First and Second Year Examinations, on the basis given in paragraph No. 2 below, and (*ii*) the actual marks obtained by them in the Third Year Examination excluding English will be placed in Second Class provided they obtain at least 40 per cent of the total marks obtainable in the papers at the Third Year Examination in the Examination actually held by the University as distinguished from internal evaluation.

2. For the purpose of determining the class of a candidate at the B.Com. Degree Examination the marks of the First Year, Second Year and Third Year Examinations will be calculated on the following basis :

(1) Percentage of marks obtained in subjects other than English and General Education at the F.Y.B.Com., i.e., out of	.. 100 marks
(2) Percentage of marks obtained in subjects other than English and General Education at the S.Y. B.Com., i.e., out of	.. 100 marks
(3) Marks obtained in all subjects other than English at the Third Year B.Com., i.e., out of	.. 500 marks
	Totol 700 marks

3. The marks assigned to a candidate as the internal evaluation shall be carried forward and credited to the candidate concerned in a subsequent Examination if he appears thereat as an ex-student.

4. Notwithstanding any thing contained above, it is hereby provided that—

(1) a student who joins the Three-year Degree Course in the Second Year after passing intermediate Examination of this University or an examination recognised as equivalent to the percentage of the aggregate marks obtained by him thereat shall be counted in place of the percentage of marks at the F.Y. Examination as contemplated above.

(2) A student who has passed the First Year or the Second Year Examination (either of this University or an equivalent examination of any other University) in compartments in any manner will be awarded the marks equal to the percentage of marks worked out on the basis of the marks obtained by a candidate in each subject when that subject is cleared by the candidate shall be carried forward subject to a maximum of 47 for the purpose of awarding a class at the Degree Examination.

(3) A fraction of a mark determined by taking out the percentage of marks for the purpose contemplated above shall be considered as one mark.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G,U.P. 374-360-8-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૫ની તૃતીય સભા, સોમવાર, તા.૧૯-૭-૧૯૬૫-ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને મંગળવાર, તા. ૨૦-૭-૧૯૬૫ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૯-૭-૧૯૬૫	તા. ૨૦-૭-૧૯૬૫
૧. શ્રી એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. ક. ચં. પરીખ, મહામાત્ર	હાજર	હાજર
૩. શ્રી. મ. પ્ર. દેસાઈ	હાજર	હાજર
૪. આચાર્ય એચ. ડી. નોરોન્હા	હાજર	હાજર
૫. આચાર્ય વી. જે. જાની	હાજર	હાજર
૬. આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૭. ડૉ. પી. એલ. શાહ	હાજર	ગેરહાજર
૮. આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૯. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૦. પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૧. પ્રો. ઉમાશંકર જે. જોશી	હાજર	ગેરહાજર
૧૨. ડૉ. પી. એચ. પ્રભુ	હાજર	ગેરહાજર
૧૩. ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૪. શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૧૫. આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝા	ગેરહાજર	ગેરહાજર
૧૬. શ્રી. ડી. આર. માંકડ	ગેરહાજર	ગેરહાજર
૧૭. પ્રો. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર

	તા. ૧૯-૭-૧૯૬૫	તા. ૨૦-૭-૧૯૬૫
૧૮. ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૧૯. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	ગેરહાજર
૨૦. આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૧. આચાર્ય આઈ. વી. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૨૨. શ્રી. સી. સી. શાહ (સુરત)	ગેરહાજર	ગેરહાજર
૨૩. આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર	હાજર
૨૪. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૫. આચાર્ય આર. જી. ભટ્ટ	હાજર	હાજર
૨૬. આચાર્ય ડી. પી. ઢાકર	હાજર	ગેરહાજર
૨૭. શ્રી. એમ. ટી. શુક્લ	હાજર	હાજર
૨૮. આચાર્ય એ. વી. દ્વેશી	હાજર	હાજર
૨૯. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૩૦. આચાર્ય આર. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર
૩૧. આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર
૩૨. આચાર્ય કે. વી. દેસાઈ	હાજર	હાજર
૩૩. આચાર્ય સી. સી. શાહ (ડભોઈ)	હાજર	હાજર
૩૪. આચાર્ય જે. બી. સાણ્ડેસલ	હાજર	હાજર
૩૫. ડૉ. કે. જી. નાયક	હાજર	હાજર
૩૬. શ્રી. જે. બી. ઓઝા	હાજર	હાજર
૩૭. આચાર્ય સી. જે. પટેલ	હાજર	હાજર
૩૮. આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૩૯. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૪૦. આચાર્ય ટી. એ. દેસાઈ	ગેરહાજર	હાજર
૪૧. શ્રી. આઈ. એ. મહેતા	હાજર	હાજર
૪૨. ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૪૩. આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	હાજર
૪૪. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	ગેરહાજર
૪૫. આચાર્ય જે. ડી. પાઠક	ગેરહાજર	ગેરહાજર
૪૬. ડૉ. એન. એચ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪૭. આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૪૮. આચાર્ય એસ. વી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪૯. શ્રી. જી. આર. દેસાઈ	ગેરહાજર	હાજર
૫૦. ડૉ. પી. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૫૧. શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	હાજર
૫૨. ડૉ. એ. એમ. મલાઉવાલા	ગેરહાજર	ગેરહાજર

	તા. ૧૯-૭-૧૯૬૫	તા. ૨૦-૭-૧૯૬૫
૫૪. આચાર્ય એન. એમ. પરીખ	હાજર	હાજર
૫૪. આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર
૫૫. આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૫૬. આચાર્ય જે. જે. દેસાઈ	હાજર	હાજર
૫૭. કુ. સૌદામિનીબહેન પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૫૮. શ્રી. આર. સી. પરીખ	હાજર	ગેરહાજર.

૧. તા. ૭/૮-૪-૧૯૬૫ના રોજ મળેલ ઍકૅડેમિક કાઉન્સિલની દ્વિતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૭/૮-૪-૧૯૬૫ના રોજ મળેલ ઍકૅડેમિક કાઉન્સિલની દ્વિતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ઑક્ટોબર ૧૯૬૫માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષા સમિતિઓએ કરેલી ભલામણો પર વિચારણા કરી સિન્ડિકેટને પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે ભલામણ કરવા બાબત.

ઑક્ટોબર ૧૯૬૫માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક કરવા માટેની જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષાસમિતિઓએ કરેલી ભલામણોની નોંધ લેવી, તથા તે અંગે ઘટતી વિચારણા કરવા માટે સિન્ડિકેટને મોકલી આપવી.

(સદરહુ યાદીની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩. ભૌતિકશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩-૬-૧૯૬૫ની સભાના ઠરાવ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય સંબંધી મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
(1)	Shri N. B. Patil	Ph.D.	"X-Ray studies on the changes in Fine structure of Cellulose Fibres caused by swelling and stretching treatments"	(1) Dr. C.W. Bunn, Imperial Chemical Industries, Manchester (England). *or* (2) Prof. J. W. S. Hearle, College of Technology, Manchester (England).

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
				For Viva (1) Prof. G. N. Ramchandran, Head of the Dept. of Physics, Madras University, Madras. *or* (2) Prof. R. S. Krishnan, Head of the Dept. of Physics, Indian Institute of Science, Bangalore–12.
(2)	Shri H. S. Shah	Ph.D.	"Optical Methods to determine particle size distribution in suspension."	(1) Prof. Z. Sekera, Dept. of Meteorology, University of California, Los Angeles, U.S.A. *or* (2) Prof. R. M. Goody, Dept. of Geophysics, Harvard University, Boston (Massachusetts), U.S.A. *For Viva* Prof. R. S. Krishnan, Head of the Dept. of Physics, Indian Institute of Science, Bangalore–12.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
(3)	Shri G. K. Vasavada	Ph.D.	"Optical & Electrical properties of thin films of Antimony and Bismuth prepared by Thermal Evaporation in vacuum."	(1) Prof. S. Tolansky, F.R.S. Prof. of Physics, Royal Holloway College, University of London, London. *or* (2) Dr. C. Weaver, Dept. of Natural Philosophy, Institute of Science and Technology, Glasgow (Scotland) (U.K.). *For Viva* Dr. Gandhi, Central Electronics Engineering Research Institute, Pilani (Rajasthan).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. રસાયણશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧)	કુ. એસ. એલ. કલાલ	પીએચ.ડી.	*Chemistry* : "Synthesis of Pharmacological active com-	(1) Dr. Maxwell Gorden, Smith Kline and French Laboratory,

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
			pounds, potential Local Anaesthetics Synthesis of Basic N. Aralkyl acylamides."	1500, Spring Garden St., Philadelphia (U.S.A.). *or* (2) Dr. Hans Zimmer, University of Cincinnati, Ohio (U.S.A.). *For Viva* (1) Dr. J. R. Merchant, Inst. of Science, Mayo Road, Bombay-1. *or* (2) Dr. G.S.Saharia, Reader in Chemistry, University of Delhi, Delhi.
(2)	Shri P. G. Nair	Ph.D.	*Chemistry:* "Acid hydrolysis of cellulose treater with different swelling Agents"	(1) Prof. Eugene Pacsu, Textile Research Institute, Princeton, New Jersey (U.S.A.). (2) Prof. J. A. Howsman, American Viscose Corporation, Marcus Hook, Pennsylvania (U.S.A.). (3) Dr. O.A. Battista American Viscose Corporation, Marcus Hook, Pennsylvania (U.S.A.).

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
				For Viva (1) Prof. E. H. Daruwalla, Prof. of Textile Chemistry, Dept. of Chemical Technology, Uni. of Bombay, Bombay. (2) Dr. S. H. Mhatre, Chief Chemist, Buckingham and Carnatic Mills, Post Box No. 1966, Madras-1.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. વનસ્પતિશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૭-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ તપાસવા નીચે મુજબ ક્રમાનુવર્તી રેફરીની નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. એ. ડી. મનસુરી	પીએચ.ડી.	*Botany :* "Morpho-Physiological Study of the shoot apex and its relationship with growth, development & yield of Barley"	(1) Prof. F. M. Kuperman, Biological Faculty, Lomonosov University, Moscow. *or* (2) Prof. Merion Thomas, F.R.S., University of Durham, King's College, NewCastle of Tyne (U.K.). *or*

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ફેરફારનું નામ
				(3) Prof. Richard G. Lincoln, Dept. of Biology, California State College, Longbeach–4, California (U.S.A.). *For Viva* Prof. K. K. Nanda, Botany Dept., Punjab University Chandigarh (Punjab). *or* Prof R. S. Chaudhari, Principal, Agriculture College, Banaras Hindu University, Varanasi (U.P.).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૨-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે એફ.ઈ. અને એસ.ઈ.ની પરીક્ષા વર્ષમાં બે વખત લેવી અને તે માટે ઑર્ડિ. ૧૨૯ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરવો :

O. 129 :

Examination	*How many times held in a year*	*Date of commencement*	*Date of Application*
F.E.	Twice	Saturday after 16th April	Six weeks before the examination
		and	
		Second Saturday in June	Three weeks before the examination

Exam.	*How many times held in a year*	*Date of commencement*	*Date of Application*
S.E.	Twice	Saturday after 16th April and Second Saturday in June	Six weeks before the examination Three weeks before the examination
First Exam. in Engineering (Five-year course)	Twice	Saturday after 16th April and Second Saturday in June	Six weeks before the examination Three weeks before the examination.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે લેખિત પરીક્ષા પહેલાં પ્રાયોગિક પરીક્ષા લેવાનું રાખવું. એપ્રિલ માસની પરીક્ષાનું પરિણામ ૧૦થી ૧૫મી મે સુધીમાં આપી શકાય અને એ રીતે આ પદ્ધતિ સરળતાથી અમલી બનાવી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૯માં ઉપર મુજબ સુધારો કરવાની સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓને તેમની પરીક્ષાના પરિણામમાં ઉપલી પરીક્ષા માટે સત્રો રાખવાનો લાભ મળતો હોય તેમને માટે ઑક્ટોબર માસમાં પરીક્ષામાં બેસવાની તક મળે તે માટે જરૂરી વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભાની બાબત નં. ૬૦ના ઠરાવથી નીમેલી સમિતિને જણાવવું.

૭. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૧૨-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત;

(૧) "આથી અકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ડિપ્લોમા ઇન ફાર્મસી અને બી.ફાર્મ.ની પરીક્ષાઓમાં "હેડ્ઝ ઑફ પાસિંગ" વધારે હોવાથી વિદ્યાર્થી ત્રણ કે તેથી ઓછાં હેડ્ઝ ઑફ પાસિંગમાં નાપાસ થતો હોય તો તેને આગલા વર્ષના અભ્યાસક્રમમાં સત્રો રાખવાની છૂટ આપવી અને તે માટે ફાર્મ. રેગ્યુ. ૮(એ), ફાર્મ. ઑર્ડિ. ૧૦ અને ફાર્મ. ઑર્ડિ. ૧૩ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા."

(૨) "આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ડિપ્લોમા ઇન ફાર્મસી અને બી.ફાર્મ.ની પરીક્ષાઓમાં વિદ્યાર્થી નાપાસ હોય પરંતુ કેટલાક વિષયોમાં નિયમ મુજબ એક્ઝમ્પશન મેળવવા જેટલા માર્ક્સ મેળવ્યા હોય અને તે જે તે વિષયમાં એક્ઝમ્પશન રાખે તો પછીનાં વર્ષોમાં પરીક્ષા પાસ કરવા માટે કુલ સરવાળો ગણવા માટે જે તે વિષયના માર્ક્સ 'કેરી ફોરવર્ડ' કરવા અને તે માટે ફાર્મ. રેગ્યુ. ૭, ફાર્મ. રેગ્યુ. ૮(બી), ફાર્મ. રેગ્યુ. ૧૫, ફાર્મ. રેગ્યુ. ૧૬, ફાર્મ. રેગ્યુ. ૨૨, ફાર્મ. રેગ્યુ. ૨૩, ફાર્મ. રેગ્યુ. ૨૬, ફાર્મ. રેગ્યુ. ૩૦, ફાર્મ. રેગ્યુ. ૩૭ અને ફાર્મ. રેગ્યુ. ૩૮ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેઉ ભલામણો નીચેનાં સૂચનો સાથે તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી :

"સદરહુ બાબત અંગે જે નિયમો ઘડવામાં આવે તે નિયમો વર્ગ, ઇનામ, ચંદ્રક, શિષ્યવૃત્તિ ઇત્યાદિના સામાન્ય નિયમો સાથે સુસંગત રહે તે જોવું આવશ્યક છે."

૮. વાણિજ્ય વિદ્યાશાખાની નીચેની ભલામણ સિન્ડિકેટની તા. ૫-૬-૧૯૬૫ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧-૬-૧૯૬૫ની સભાની ભલામણ

"સમિતિની તા. ૨૦-૪-૧૯૬૫ની સભાની ભલામણો ઉપર ચર્ચાવિચારણા કરી આ વિદ્યાશાખા ઠરાવે છે કે—

(ક) ઑડિ. ૧૨૦-એ માટે પ્રોફેસરની નિમણૂક માટે નીચેના વિષયો સ્પેશિયલ વિષય તરીકે ગણવા અને તે રીતે ઑડિ. ૧૨૦-એ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ઑપ્શનલ વિષયો
(૨) કૉમર્સ ઇન્કલ્યુડિંગ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
(૩) ઇકોનોમિકસ

(ખ) બી.કૉમ.ની પરીક્ષામાં વર્ગ આપવા માટે અંગ્રેજી અને જનરલ એજ્યુકેશનના માર્ક્સ ગણવા નહિ.

(ગ) એફ.વાય., એસ.વાય. અને ટી.વાય.ની પરીક્ષાના માર્ક્સ વર્ગ આપતી વખતે નીચે મુજબ ગણવા :

એફ.વાય. બી.કૉમ.	૨૫૦	(૫૦૦માંથી)
એસ.વાય. બી.કૉમ.	૨૦૦	(૪૦૦માંથી)
થર્ડ ઇયર બી.કૉમ.	૫૦૦	
	૯૫૦	

(ઘ) બીજો વર્ગ, ૪૮ ટકાથી વધારે અને ૬૦ ટકાથી ઓછા જો — ઇન્ટર્નલ ઇવેલ્યુએશનના માર્ક્સ બાદ કરી — યુનિવર્સિટીની પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦ ટકા માર્ક્સ મેળવ્યા હોય તો આપવો. પહેલો વર્ગ, ૬૦ ટકાથી વધારે જો — ઇન્ટર્નલ ઇવેલ્યુએશનના માર્ક્સ બાદ કરી યુનિવર્સિટીની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક્સ મેળવ્યા હોય તો આપવો.

(ચ) રેગ્યુ. કૉન.-૧૪નો પાઠ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૨) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(ગ) વાણિજ્ય વિદ્યાશાખામાં પદવી પરીક્ષાઓમાં વર્ગ આપવા માટે, પહેલા અને બીજા વર્ષની પરીક્ષાઓના પરિણામની ટકાવારી જે પ્રમાણે વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખામાં ગણતરીમાં લેવામાં આવે તે પ્રમાણે વાણિજ્યની વિદ્યાશાખામાં પણ લેવામાં આવે. એટલે કે એ પ્રત્યેક પરીક્ષાના અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન(General Education)ના વિષયો સિવાયના બીજા વિષયોમાં જે ગુણ મળે તેની ટકાવારી ત્રીજા વર્ષની પરીક્ષાના અન્ય વિષયોની સાથે ગણતરીમાં લેવી.

(૧) સદરહુ ભલામણ નીચેના સુધારા સાથે વધુમાં મંજૂર કરવી,

(૨) વધુમાં પોતાના અભ્યાસક્રમનું માળખું બીજી વિદ્યાશાખાઓની સાથે સુસંગત રહે તે રીતે રાખવા માટે વાણિજ્યની વિદ્યાશાખાને સૂચવવું.

(ઘ) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(ચ) રેગ્યુ. ફૉર્મ. ૧૪નો પાઠ ઉપર (ગ)માં જણાવેલા ઠરાવ અનુસાર રાખવો અને તે મુજબ સુધારેલા રેગ્યુ. ફૉર્મ.-૧૪ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નવા રેગ્યુ. ફૉર્મ.-૧૪ના પાઠની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯. ઑર્ડિનન્સ આર્ટ્સ-૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"O. Arts-4 :

Notwithstanding anything contained in the O. Arts-2, a candidate who has passed the Pre-University Science or the Pre-University Commerce Examination of this University *or an examination recognised as equivalent thereto* may be permitted at his option to enter on a course for the First B.A. Examination, provided that he passes before 31st July of the academic year concerned a Test in a Classical Language or a Modern European Language to the satisfaction of the Principal of the college he intends to join. Such a candidate shall at his risk be permitted provisionally to attend the courses of instruction for the First B.A. Examination from the beginning of the term in June."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ આર્ટ્સ-૪ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૨-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પાંચ વર્ષના ઇજનેરી અભ્યાસક્રમના પહેલા વર્ષની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીને ઉપલા વર્ગની પરીક્ષાનાં સત્રો ભરવાની પરવાનગી આપવા અંગેનો નીચેનો રેગ્યુ. ન્યૂ ૧-એ મંજૂર

કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

R. New 1-A :

A student who has passed in all heads of passing but three at the First Examination in Engineering and has obtained a minimum of 45 per cent of marks in the aggregate will be permitted to keep terms and appear for the Second Examination in Engineering, but will not be declared to have passed the Second Examination in Engineering until he has passed in the subject of which the head of passing concerned is a part at the First Year Examination in Engineering."

આથી ઠરાવવામાં આવે છે કે, નવો ઘડેલો રેગ્યુ. ન્યૂ ૧-એ ઉપર મુજબ વંચાય તે રીતે મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. પાંચ વર્ષના એન્જિનિયરિંગ અભ્યાસક્રમના પહેલા વર્ષમાં અંગ્રેજી વિષય માટે નીચે મુજબના બે પ્રશ્નપત્રો છે તે વધારે પડતા હોવાનું અંગ્રેજીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીનું મંતવ્ય છે અને તેથી ફક્ત એક જ પ્રશ્નપત્ર-૭ ઇંગ્લિશ-૧ (સી., એમ., ઈ.) રાખવા અંગેના તેમના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

7. English I (C., M., E.)

(*a*) One text for detailed study			.. 60 marks
(*b*) Language, Grammar and Composition			.. 40 marks
Precis writing	..	10	
Amplification	..	10	
Translation into Regional Language	..	10	
Report writing	..	10	

8. English II (C., M., E.)

(*a*) Non-detai'ed study of two text-books preferably stories, playets, biographies and short poems	..	40 marks
(*b*) Essay on general topic	..	30 marks
(*c*) *Language :*		
Sentence making, using words, idioms, etc.	..	15 marks
Story writing or paraphrase	..	15 marks

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસક્રમમાં ઉપર મુજબ સૂચવેલ સુધારો કરવાનું સૂચન મંજૂર કરવું નહિ.

૧૨. રેગ્યુલેશન ૧૮ તથા રેગ્યુ. આર્ટ્સ-૧નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"Cooking of vegetarian dishes shall be compulsory while cooking of non-vegetarian dishes shall be voluntary."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન-૧૮ તથા રેગ્યુલેશન આર્ટ્સ-૧નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. થર્ડ બી.એ.માં નિબંધના પ્રશ્નપત્ર માટે પ્રત્યેક અઠવાડિયે કેટલા તાસ (પીરિયડ) રાખવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાની પદવી પરીક્ષાના ત્રીજા વર્ષના નિબંધના પ્રશ્નપત્ર માટે પ્રત્યેક અઠવાડિયે ટયૂટોરિયલ કામ માટેના બે તાસ (પીરિયડ) રાખવા, અને વ્યાખ્યાનકાર્ય માટે એકેય તાસ રાખવાની જરૂર નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નિબંધના સદરહુ પ્રશ્નપત્ર માટે ઓછામાં ઓછા ૨૫ વિષયો કે મુદ્દાઓ (Themes of broad fundamental importance) પ્રત્યેક વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષ પાસેથી સૂચનો મગાવીને કૉલેજોને સૂચિત વિષયો તરીકે મોકલી આપવા; અને સાથે સાથે સ્પષ્ટતા કરવી કે, સદરહુ સૂચિત વિષયો એ કેવળ સૂચન અને માર્ગદર્શનના ઉદાહરણરૂપે ગણાશે અને એ સૂચિત વિષયોની યાદી બહારના વિષયો પર પણ પરીક્ષામાં નિબંધ પૂછી શકાશે.

૧૪. કૃષિ વિદ્યાશાખામાં સત્ર મંજૂર કરાવવા વિદ્યાર્થીઓએ કૉલેજમાં ભરવી પડતી ઓછામાં ઓછી હાજરીના દિવસો ઓ. ૭૮ હેઠળ હાલ ૮૫ દિવસો છે જ્યારે બીજી વિદ્યાશાખાઓમાં ૭૫ યા ૮૦ દિવસો છે તો કૃષિ વિદ્યાશાખામાં પણ લઘુતમ દિવસોની આ સંખ્યામાં ઘટાડો કરવા અંગે કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢના આચાર્ય તરફથી આવેલા તા. ૧૯-૫-૧૯૬૫ના પત્રાંક કૉલ-સી-૧-૧૦-૮૦૬૨-૬૫ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત કૃષિ વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૧૫. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. આર. દેસાઈનો નીચેનો ઠરાવ સ્વીકારવો અને માસ્ટર્સની બધી પદવી પરીક્ષાઓમાંથી દ્વિમૂલ્યાંકનની પદ્ધતિ કાઢી નાખવા માટે એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી :

શ્રી. એ. આર. દેસાઈનો ઠરાવ

This meeting of the Board of University Teaching hereby recommends that the system of double assessment which is cumbersome, time consuming and financially burdensome, be replaced by a single expeditious and financially economic scheme of single evaluation for all written papers at various Masters' degree examinations."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક પરીક્ષાઓમાં દ્વિમૂલ્યાંકન પદ્ધતિ (system of double assessment) ચાલુ રાખવી.

૧૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઇજનેરી વિદ્યાશાખાએ તેની તા. ૨-૯-૧૯૬૪ની સભામાં કરેલા ઠરાવોને અનુલક્ષીને જે તે નિયમોમાં જરૂરી એવા ફેરફાર કરવા માટે ઍકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) વિદ્યાર્થી ડિઝર્ટેશન વર્ષમાં ગમે ત્યારે નહિ પરંતુ એપ્રિલ-મેની પરીક્ષા વખતે તથા ઑક્ટોબરની પરીક્ષા વખતે અગાઉથી સમયસર રજૂ કરી શકે.

(૨) પોતે ડિઝર્ટેશન આગામી પરીક્ષામાં રજૂ કરનાર છે તેની ખબર યુનિવર્સિટીને એમ.ઈ. પરીક્ષાના ફૉર્મ ભરવાની જે છેવટની તારીખ હોય તે તારીખ સુધીમાં, આચાર્ય મારફતે મોકલવી.

(૩) ડિઝર્ટેશનની ત્રણ નકલો કૉલેજના આચાર્ય મારફતે તે વખતે તેના ફૉર્મ સાથે યુનિવર્સિટીને મોકલવી.

(૪) ડિઝર્ટેશન પાછળથી રજૂ કરે તો રૂા. ૫૦ની ફી નિયત કરવી.

(૫) ડિઝર્ટેશન પાછળથી મોકલનાર વિદ્યાર્થીઓની ઓરલ પરીક્ષા લેવાનું આવશ્યક હોવાથી તે માટે યોગ્ય પરીક્ષકો જુદા નીમવા.

(૬) ડિઝર્ટેશન તપાસનાર પરીક્ષકોને પ્રત્યેક ડિઝર્ટેશન અને ઓરલ પરીક્ષા લેવા બદલ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ મહેનતાણું નક્કી કરવું.

(૭) મંજૂર કરેલ ડિઝર્ટેશનની એક નકલ યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં રાખવી અને બે નકલો કૉલેજને પાછી મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૬-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવને અનુલક્ષીને અભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, એક વિદ્યાશાખામાં માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હોય તેવા શિક્ષક બીજી વિદ્યાશાખામાં આવતાં તે વિષય/વિષયોમાં અનુસ્નાતક શિક્ષણના કામ માટે માન્ય કરી શકાય કે કેમ તે અંગે ઍકૅડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવવો."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને નીચે મુજબ અભિપ્રાય જણાવવો :

અનુસ્નાતક શિક્ષણ માટે શિક્ષકની માન્યતા સામાન્ય રીતે એક જ વિદ્યાશાખામાં આપવી જોઈએ, પણ અન્ય વિદ્યાશાખા હેઠળ આવતા ખાસ વિષયોમાં પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ એકસરખો કે બહુ જ અંશે એકસરખો (identical or substantially identical) આવતો હોય તો તેવા કેસોમાં બીજી ફૅકલ્ટી હેઠળ આવતા તે તે પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રો પૂરતી માન્યતા આપવાનું વિચારી શકાય.

વધુમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને એમ પણ સૂચવવું કે, અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગે ભવિષ્યમાં જે તે શિક્ષકના અભ્યાસક્રમની વિશિષ્ટ શાખા કે પ્રશાખા(specialised branches)ને લક્ષમાં લઈને તે માન્યતા આપવી યોગ્ય થશે.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧૯-૭-૧૯૬૫ના રોજ બંધ રહ્યું અને તા. ૨૦-૭-૧૯૬૫ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા ફરી મળતાં નીચે મુજબનાં કામો હાથ ધરવામાં આવ્યાં :

૧૮. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૨-૪-૧૯૬૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૪-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૯. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) માસ્ટર ઑફ લેબર વેલ્ફેરની પરીક્ષામાં પાસ થવાના ધોરણ અંગેના રેગ્યુ. ૨૩૬ને બદલે ક્રમાંક ૨૨૭ આપ્યો હતો તે સુધાર્યાના અને રેગ્યુ. ૨૩૬નો પાઠ ટાઇપિંગ ભૂલને લઈને નીચે મુજબ સુધાર્યાના :

R. 236 :

To pass the examination a candidate will be required to obtain—

(*i*) at least 36% of the marks in each paper;

(*ii*) 36% of the total marks in viva-voce; and

(*iii*) at least 48 % of the total marks obtainable in the grand total.

Those of the successful candidates obtaining 60% or more of the total marks obtainable will be placed in First Class and those obtaining less than 60% of the total marks will be placed in Second Class.

(૨) એસ.વાય. બી.એસસી.(એપ્રિ.)ની પરીક્ષામાં પાસ થવાના ધોરણ અંગેના રેગ્યુ. ૧૩૧-જે ની પેટાકલમ ૩-બી માં વર્ગ આપવા માટે ગુણ ગણતરીમાં લેવા અંગે "ઇન ટેકનિકલ સબ્જેક્ટ્સ" શબ્દો છાપવાના રહી ગયા તે ઉમેરીને શાબ્દિક સુધારો કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૦. ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશનની ભલામણ મુજબ કેન્દ્ર સરકારના કેળવણી ખાતા તરફથી ઇજનેરી વિદ્યાશાખા માટે ઉચ્ચ કક્ષાના શિક્ષકોની જોગવાઈ કરવા માટે ત્રણ વર્ષની તાલીમ આપવામાં આવશે. આવા તાલીમ પામેલ સ્નાતકોની સદરહુ તાલીમનાં ત્રણ વર્ષ યુનિવર્સિટીની સંલગ્ન ઇજનેરી કૉલેજમાં નિમાતા વ્યાખ્યાતાની નિમણૂક માટેના જરૂરી અનુભવ સમકક્ષ ગણવા ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા. ૨૬-૫-૧૯૬૫ના પત્રાંક ટી.ટી.પી.-૫૪૬૫-૧૯૨૨-૧૧૩-૬૫૯૭૭ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભાએ એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડિરેક્ટર ઑફ એજ્યુકેશનના સદરહુ પત્રમાં જણાવ્યા મુજબ તાલીમ પામેલા ઇજનેરી સ્નાતકોની તાલીમનાં ત્રણ વર્ષ યુનિવર્સિટીની સંલગ્ન એન્જિનિયરિંગ કૉલેજોમાં નિમાતા લેક્ચરરોની નિમણૂક માટેના હેતુ માટે શૈક્ષણિક અનુભવ ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. શિક્ષણની કૉલેજોમાં નિમાતા શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતના ધોરણમાં પ્રાધ્યાપકની બાબતમાં પેટાકલમ (બી)માં નિર્દેશેલ અનુભવ બી.એડ. પદવી પછીનો હોવો આવશ્યક છે કે પહેલાંનો હોય તો ચાલે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સદરહુ નિયમની પેટાકલમ (બી)માં જે અનુભવ અભિપ્રેત છે, તે અનુભવ બી.એડ. પદવી પછીનો હોવો જોઈએ.

૨૨. જુલાઈ ૧૯૬૫માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની પરીક્ષા માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે એકૅડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ મંજૂર કરેલ યાદીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યાદીની નોંધ લેવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૨૩. ઇન્ટર સાયન્સની જૂના અભ્યાસક્રમની પરીક્ષા એક જૂથ રાખી પસાર કરનાર વિદ્યાર્થીને ફર્સ્ટ બી.એસસી.ની નવા અભ્યાસક્રમની પરીક્ષામાં બીજા વૈકલ્પિક જૂથના વિષય માટે બે સત્રો ભરી પરીક્ષા આપવા દેવા અંગે નીચે મુજબનો વધારાનો નિયમ ઘડવા બાબત :

O. Sc. 3 (c) :

"A student who has passed Inter Science (Old Course) Examination will be permitted on the submission of a new application and the payment of a fresh fee, to appear again with a new combination of subjects at the First B.Sc. Examination with exemption at his option in the identical subjects provided further that he should also have to appear in the subjects of General Education at F.Y.B.Sc. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબના ઑર્ડિ. એસસી.-૩ (સી) મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

O. Sc.-3(c) :

A student who has passed Inter Science (Old Course) Examination shall be permitted on the submission of a new application and payment of a fresh fee to appear again with a new combination

of subjects at the First B.Sc. Examination, provided he completes to the satisfaction of the Principal two fresh terms for the First B.Sc. Examination, such a candidate shall, at his option, be excused from appearing in the identical subjects, but he shall be required to pass in the subject of General Education at the F.Y. B.Sc. Examination.

૨૪. જિયોલોજીની અભ્યાસસમિતિના અધ્યક્ષ આચાર્ય ડો. કે. જી. નાયક તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

"The Academic Council resolves that in the case of Geology, and if need be such other subjects such as Microbiology, admission of students directly to the S.Y.B.Sc Class (after passing their Pre-Uni. Sc. Exam.), for the teaching of Geology or such other subject (say Microbiology), be permitted, in view of the rearrangements of the topics and contents of the Geology (Microbiology) courses, as per the new scheme of papers and practicals, already approved by the Academic Council."

સદરહુ બાબતની વિચારણા, બાબત નં. ૩૮ સાથે કરવાનું નક્કી થયું.

૨૫. ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગે ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા સારુ એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૧૦-૭-૧૯૬૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવામાં આવી અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૧) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૨) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, આપણી કે બહારની યુનિવર્સિટીમાંથી પદવી પરીક્ષાના પ્રથમ અને/અથવા દ્વિતીય વર્ષની પરીક્ષામાં હપ્તેથી ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીની પદવી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીને વર્ગ આપતી વખતે તેણે જે તે પરીક્ષા પોતાની અગાઉની યુનિવર્સિટીમાંથી પાસ કરી હોય તે પરીક્ષામાં તેને જેટલા ટકા ગુણાંક મળ્યા હોય તેટલા ટકા ગુણાંક, પણ વધુમાં વધુ ૪૭ ટકા ગુણાંક પદવી પરીક્ષામાં વર્ગ આપવા માટેના હેતુ માટે ગણતરીમાં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પદવી પરીક્ષામાં વર્ગ આપવા માટેના હેતુ માટે નીચલી જે પરીક્ષાના ગુણાંકની ટકાવારી નક્કી કરતી વખતે જો તે ટકાવારીમાં .૫ કે તેથી ઉપરના અપૂર્ણાંકને પૂર્ણાંક ૧ ગણવો અને .૫થી ઓછા અપૂર્ણાંકને શૂન્ય ગણવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના ઠરાવ (૨) અને (૩)ને અનુલક્ષીને જે તે રેગ્યુલેશનના પાઠમાં જરૂરી સુધારો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

(૫) સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(નોંધ.—પ્રત્યેક વિષયમાં ત્રણેય વર્ષોના પ્રશ્નપત્રોના ક્રમાંક સાંગ આપવાનું રાખવું અને તે પ્રમાણે જે તે યુનિવર્સિટીનાં ધારાધોરણમાં ઘટતો ફેરફાર કરી લેવો.)

(૨) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૩) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૪) સદરહુ ભલામણ મંજૂર કરવી.

૫. સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

૬. સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા સદરહુ વિષય અંગે અભ્યાસક્રમ ઘડવાનું કામ કર્યું અભ્યાસસમિતિને સોંપવું તે અંગે વિનયન વિદ્યાશાખાનો અભિપ્રાય મેળવવો.

(સદરહુ સમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૬. ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગની તા. ૨૮-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પાંચ વર્ષના ઇજનેરી અભ્યાસક્રમના બીજાથી પાંચમા વર્ષના અભ્યાસક્રમોનું ચાળખું આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ઇજનેરી વિદ્યાશાખા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૭. ફેકલ્ટી ઓફ ટેકનોલોજી, ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગની તા. ૨૮-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલની ડિપ્લોમા પરીક્ષા પાસ કર્યા પછી બે વર્ષનો પ્રોફેશનલ અનુભવ અથવા શૈક્ષણિક અનુભવ હોય તેમને માટે બી.ઈ.ની સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ પરીક્ષાઓ માટે બી.ઈ. પાર્ટ-ટાઇમ ડિગ્રી ૪ વર્ષના અભ્યાસક્રમના ગાળાની સ્થાપવા (અને તે માટે અભ્યાસક્રમનું ચાળખું આ સાથે આપેલા પરિશિષ્ટ* મુજબ રાખવા) ઇજનેરી વિદ્યાશાખા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાશાખાના ડિપ્લોમામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને માટે ડિગ્રીના અભ્યાસક્રમની જોગવાઈ ભારતની કઈ કઈ યુનિવર્સિટીઓમાં છે તે અંગેની માહિતી મગાવવી.

*પરિશિષ્ટ સામેલ કરેલ નથી.

૨૮. મૅથેમૅટિક્સ અને સ્ટૅટિસ્ટિક્સની અભ્યાસસમિતિની તા. ૨-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ન્યુમેરિકલ ઍનાલિસિસ વિષય યોગ્ય રીતે શીખવવા માટે ટી.વાય.બી.એ., બી.એસસી.નાં મૅથેમેટિક્સ મુખ્ય વિષય તરીકે શીખવતી દરેક કૉલેજ પાસે ઓછામાં ઓછું એક કૅલકયુલેટિંગ મશીન હોવું અનિવાર્ય છે, એવું આ મૅથેમેટિક્સ બોર્ડ માને છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તેને તાત્કાલિક, એટલે કે જૂન ૧૯૬૫થી, અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—સદરહુ બાબત ચાલુ વર્ષના અભ્યાસક્રમને સ્પર્શતી હોઈ તેને કૉલેજોને તાત્કાલિક પરિપત્રિત કરવી.)

૨૯. ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) એફ.વાય.બી.એસસી. અને એફ.વાય.બી.એ.નો મૅથેમેટિક્સનો અભ્યાસક્રમ હાલ જે છે તે ચાલુ રાખવો.

(૨) સેકન્ડ યર બી.એ. અને સેકન્ડ યર બી.એસસી.ના મૅથેમેટિક્સ વિષય માટે નીચે પ્રમાણે ત્રણ પ્રશ્નપત્રો રાખવા :

Paper III : Calculus and Algebra

Paper IV : Analytical Solid Geometry and Differential Equations.

આ પ્રશ્નપત્રોનો વિગતવાર અભ્યાસક્રમ હાલ જે છે તે જ ચાલુ રાખવો.

અભ્યાસક્રમ હાલના થર્ડ યર બી.એસસી.ના પ્રશ્નપત્ર ૫ માટે જે નિયત કર્યો છે તે પ્રમાણે રાખવો.

ત્રીજા વર્ષે બી.એ. અને બી.એસસી. માટે નીચે મુજબના પાંચ પ્રશ્નપત્રો રાખવા. પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ હાલ છે તે જ ચાલુ રાખવો :

Paper VI : Numerical Mathematics

Paper VII : Algebra and Theory of Differential Equations

Paper VIII : Analytical Geometry

Paper IX : Analysis

Paper X : Electricity and Magnetism or Spherical Astronomy.

Papers VI, VII, VIII અને Paper IX માટેના અભ્યાસક્રમ અંગેની કક્ષા તેમાણભૂત પુસ્તકોના સંદર્ભમાં પ્રો. શુકલ, પ્રિન્સિ. દવે અને પ્રિન્સિ. સાણ્ડિલ નક્કી કરીને આપશે.

એસ.વાય. બી.એસસી.ના સ્ટૅટિસ્ટિક્સ વિષય માટે ત્રણ પ્રશ્નપત્રો રાખવા. હાલના પ્રશ્નપત્ર ૧ અને ૨નો અભ્યાસક્રમ ચાલુ રાખવો તથા પ્રશ્નપત્ર ૩ નીચે મુજબ રાખવો :

Paper III : Economic Statistics and Statistical Quality Control.

ટી.વાય. બી.એસસી.નો અભ્યાસક્રમ પાંચ પ્રશ્નપત્રનો નીચે મુજબ રાખવો. આ અંગેનો વિગતવાર અભ્યાસક્રમ પ્રિન્સિ. વશીએ ઘડીને આપેલ છે તે સ્વીકાર્યો. તેની ફાઈનલ કૉપી એમની પાસેથી મેળવી લેવી.

Paper IV : Mathematical Statistics
Paper V : Statistical Inference
Paper VI : Sampling Techniques and Designs
Paper VII : Algebra and Theory of Equations
Paper VIII : Analysis.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેગ્યુ. સાયન્સ–૮ અને સાયન્સ–૧૫ના સંબંધકર્તા ભાગમાં જરૂરી સુધારો કરીને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(પ્રશ્નપત્ર ૧, ૨ અને ૩ના અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૦. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ અને થર્ડ બી.એસસી.ના અભ્યાસક્રમ અંગે વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે—

(૧) હાલ સેકન્ડ બી.એસસી.માં બે પ્રશ્નપત્રો (પ્રશ્નપત્ર ૩ અને ૪) હોઈ થર્ડ બી.એસસી.નો પ્રશ્નપત્ર ૫ સેકન્ડ બી.એસસી.માં મૂકવો. એટલે સેકન્ડ બી.એસસી.માં પ્રશ્નપત્ર ૩, ૪ અને ૫ રહેશે અને થર્ડ બી.એસસી.માં પ્રશ્નપત્ર ૬, ૭, ૮, ૯ અને ૧૦ રહેશે. સેકન્ડ અને થર્ડ બી.એસસી.ના પ્રૅક્ટિકલ્સના માર્ક્સનું વિભાગીકરણ પણ સુધારવામાં આવ્યું.

(૨) સેકન્ડ અને થર્ડ બી.એસસી.ની પરીક્ષાના પ્રશ્નપત્રોનું તથા પ્રૅક્ટિકલ્સના માર્ક્સનું વિભાગીકરણ નીચે મુજબ રાખવું :

Second B.Sc.

	Internal	*External*	*Duration of Exam.*
Papers III, IV & V	60	120 (40 each)	Two hours each
Practicals	30	90	

Third B.Sc.

Papers VI to X	100	200 (40 each)	Two hours each
Practicals	50	150	3 days 6 hours each day."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલ રેગ્યુલેશન સાયન્સ ૮ અને રેગ્યુલેશન ૧૫ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ ચ/૧ તરીકે સામેલ છે.)

૩૧. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૭-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વિજ્ઞાન વિદ્યાશાખાએ સૂચવેલા માળખા પ્રમાણે તૈયાર કરેલ બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના ફિઝિકસ વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૨. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ ઇયર અને થર્ડ ઇયર બી.એસસી.ના નવા સૂચવેલા માળખા પ્રમાણે બોટેની વિષયનો અભ્યાસક્રમ ઘડવા અંગે વિચારણા કરી આ અભ્યાસસમિતિ ઠરાવે છે કે—

(૧) સેકન્ડ ઇયર બી.એસસી.ના બોટેની વિષયના ત્રણ પ્રશ્નપત્રો અને ૩ પ્રૅક્ટિકલ્સ તથા થર્ડ ઇયર બી.એસસી.ના પાંચ પ્રશ્નપત્રો અને ચાર પ્રૅક્ટિકલ્સનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો.

(૨) સેકન્ડ ઇયર અને થર્ડ ઇયર બી.એસસી.ના પ્રશ્નપત્રો અને પ્રૅક્ટિકલ્સ માટે માર્ક્સનું વિભાગીકરણ નીચે મુજબ રાખવું :

S.Y.B.Sc.

	Internal	*External*	*Duration of Exam.*
Papers III & IV :			
Theory — two papers	40	80 (40 each)	2 hours each
Two practicals	20	60 (30 each)	5 hours each
Paper V :			
Theory	20	40	2 hours
1 practical	10	30	5 hours

Third B.Sc.

Theory — 5 papers (Papers VI to X)	100	200 (40 each)	2 hours each
4 practicals	50	150	5 hours each."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૩. પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વિજ્ઞાન વિદ્યાશાખાએ સૂચવેલા બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના માળખા પ્રમાણે ઝૂલોજી વિષયના પ્રશ્નપત્ર ૩થી ૧૦નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૩૪. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૨૬-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ અને થર્ડ બી.એસસી. માઇક્રોબાયોલોજી વિષયની પરીક્ષાનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—સદરહુ અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૬ની બાબતમાં સામાન્ય(જનરલ)નો અભ્યાસક્રમ પ્રશ્નપત્ર ૬ અંગે સદરહુ અભ્યાસસમિતિના અધ્યક્ષની પાસેથી સ્પષ્ટતા મગાવીને ઘટતો સુધારો કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.)

(સુધારેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ઝ/૧" તરીકે સામેલ છે.)

૩૫. પત્રકારિત્વની અભ્યાસસમિતિની તા. ૫-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પત્રકારિત્વની અભ્યાસસમિતિએ નીમેલ સમિતિની તા. ૫-૬-૧૯૬૫ની સભાએ ડિપ્લોમા ઇન જર્નાલિઝમના ૧ વર્ષના અભ્યાસક્રમ અંગે ભલામણ કરેલ રૂપરેખાને મંજૂર રાખવામાં આવી અને તે અનુસાર વિગતવાર અભ્યાસક્રમ તથા તે અંગેનાં ધારાધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે.

૩૯. શ્રી. એ. એમ. એસ. શ્રી. એમ. એસ. એસ. જે. એમ. એસ. ટ્રસ્ટ, અમદાવાદ તરફથી ચાલતી સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૫થી શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ, એમ વિભાગીકરણ કરવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એ.માં પર્શિયન, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયો માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાન માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું, જૂન ૧૯૬૫થી (૧) શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ; તથા (૨) શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા સદરહુ પ્રત્યેક કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ

કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ અને બી.એ. (સબો.)માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયોમાં ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વર્ષાસનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી :

૧. વિનયન વિદ્યાશાખા માટે

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય,

(૨) હિંદીના એક પ્રાધ્યાપક,

(૩) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા,

(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને

(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા;

૨. આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને ગ્રંથાલય—એ પ્રત્યેક માટે અલાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો પાછળ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. આચાર્ય તથા ગૃહપતિ માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

વિજ્ઞાન વિદ્યાશાખા માટે

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૩) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૪) પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,

(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા, અને

(૭) યોગ્ય જરૂરિયાત પ્રમાણે રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણી-વિજ્ઞાનમાં ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂકો કરવી;

૨. પ્રયોગશાળાને સુસજ્જ કરવા નીચે પ્રમાણે સાધનો પાછળ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂા. ૧૦,૦૦૦
(૨) રસાયણવિજ્ઞાન માટે ... રૂા. ૨૦,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન માટે ... રૂા. ૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાન માટે ... રૂા. ૫,૦૦૦
(૫) ફર્નિચર તથા ફિટિંગ માટે ... રૂા. ૨૫,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

૪૦. બી. ડી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને પર્શિયન; તથા બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.-સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી; તથા બી.એસસી. (રસા.-ગૌણ)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકાલયનો ઓરડો મોટો કરવામાં આવે, જેથી વધુ સંખ્યામાં વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે; અને

૨. પ્રતિવર્ષ પુસ્તકાલયમાં ઓછામાં ઓછો રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

૪૧. યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને હિંદી; તથા બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને હિંદી; બી.એસસી.(રસા.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિક-

વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

૪૨. ભવન્સ કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને બી.એસસી. (ઑન.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (ઑન.)માં ગણિતશાસ્ત્રના ૧૯૬૪થી પશ્ચાદ્‌વર્તી (રિટ્રોસ્પેક્ટિવ), તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્ર માટે, તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન તથા ભૂસ્તરશાસ્ત્ર માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, ભવન કૉલેજ, ડાકોર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર માટે અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર અને બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્રનું ૧૯૬૪થી પશ્ચાદ્‌વર્તી (રિટ્રોસ્પેક્ટિવ) તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્ર માટે તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન તથા ભૂસ્તરવિજ્ઞાન માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૫) ભૂસ્તરવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૭) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર,
   (૮) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર, અને
   (૯) ભૂસ્તરવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ભૂસ્તરવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રની પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે પ્રત્યેક પ્રયોગશાળા દીઠ રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૫. વધારાના બે મોટા ખંડો તથા ટ્યૂટોરિયલ માટે જરૂરી ખંડોની વ્યવસ્થા કરવામાં આવે.

૪૩. કમાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, કમાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન, તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૨) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને

(૩) માનસશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર-કમ-ટ્યૂટર;

૨. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૨૦,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે; અને

૫. ગૃહપતિ માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૪૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજને જૂન ૧૯૬૫થી બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ગણિત, હિંદી; તથા બી.એસસી. (પ્રિન્સિ.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબો.)માં હિંદી, માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં

ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; બી.એ. (સંયો.)માં ફારસી અને રાજ્યશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૩) જીવવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૫) અંગ્રેજીના બે વ્યાખ્યાતા,
(૬) ફારસીના એક વ્યાખ્યાતા,
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૯) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર, અને
(૧૧) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) ચાર વર્ગ-ખંડો તથા ચાર ટ્યૂટોરિયલ માટેના ખંડો,
(૨) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ,
(૩) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ; અને
(૪) રસાયણવિજ્ઞાન માટે એક ડાર્ક રૂમ.

૪૫. ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને અંગ્રેજીના કાયમી જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા (હાલના વ્યાખ્યાતાને બદલે),
(૨) હિંદીના એક વ્યાખ્યાતા,
(૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા,

(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૫) ગુજરાતીના એક ટ્યૂટર.

૪૬. મહારાજાશ્રી રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.એસસી.; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃત માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજાશ્રી રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ બી.એસસી.; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૨) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
(૭) અંગ્રેજીના એક ટ્યૂટર;

૨. પુસ્તકો તથા સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન — એ પ્રત્યેક વિષયની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧૫,૦૦૦ ખર્ચવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, એસ.વાય.બી.એસસી.માં રસાયણવિજ્ઞાનમાં મુખ્ય વિષયમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી નહિ.

૪૭. એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાને જૂન ૧૯૬૫થી બી.એ. (સબ્સે.)માં સંસ્કૃત, ઇતિહાસ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિંદી; તથા બી.એ. (સબ્સે.)માં અંગ્રેજીના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબ્સે.)માં સંસ્કૃત, ઇતિહાસ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિંદી; તથા બી.એ. (સબ્સે.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
(૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૪) હિંદીના એક પ્રાધ્યાપક, અને
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૫. પુસ્તકાલય માટેનો અલાયદો ખંડ તૈયાર કરવામાં આવે; અને

૬. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજ નજીક રહેઠાણો બાંધવામાં આવે.

૪૮. ગુજરાત કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજ-શાસ્ત્રના વિષયો શીખવવા માટેનું કાયમી જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન તથા મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૩. રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરી ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે તથા રૂા. ૨,૫૦૦નો આવર્તક ખર્ચ સાધનો વગેરે માટે કરવામાં આવે.

૪૯. પારેખ ધ્રુવર્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રનો વિષય શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, પારેખ ધ્રુવર્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫૦. કાલિદાસ હરિદાસ માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, કે. એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સંસ્કૃતના એક પ્રાધ્યાપક નીમવામાં આવે;
૨. આ વિષયનાં રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે; અને
૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

૫૧. શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કૉમર્સ કૉલેજ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડને જૂન ૧૯૬૫થી પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, શાહ એન. એચ. કૉમર્સ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૧-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એકાઉન્ટન્સી માટે ખંડ સમયના એક વ્યાખ્યાતા નીમવામાં આવે;
૨. ૧૦૦ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેવો એક ખંડ તથા બીજો ઐચ્છિક વિષય માટે એક નાનો ખંડ—એમ બે ખંડોનો પ્રબંધ કરવામાં આવે; અને
૩. વાણિજ્યનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

૫૨. ધંધુકા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધંધુકાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, ધંધુકા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધંધુકા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. અને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને માનસશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં રાજ્યશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા, અને
   (૭) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક અને વાણિજ્યના એક વ્યાખ્યાતા;
૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૫૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ)ને જૂન ૧૯૬૫થી એફ.વાય.-બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; બી.એ. (સમો.)માં ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ), નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત અને અંગ્રેજીના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,

(૩) હિંદીના એક પ્રાધ્યાપક,

(૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા,

(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,

(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા, અને

(૮) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. વધારાના જોડાણના વિષયોનાં પુસ્તકો તથા સામયિકો પાછળ નીચે જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

અર્થશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
ગુજરાતી માટે	...	રૂા. ૨,૦૦૦
હિંદી માટે	...	રૂા. ૨,૦૦૦
મનોવિજ્ઞાન માટે	...	રૂા. ૧,૦૦૦
ઇતિહાસ માટે	...	રૂા. ૧,૦૦૦
અંગ્રેજી માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૫. રમતગમતનાં મેદાનોનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને

૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૫૪. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬

સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબ્સે.)માં હિંદી, ઉર્દૂ, તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૫) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
(૬) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૭) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક,
(૮) હિંદીના એક વ્યાખ્યાતા,
(૯) ઉર્દૂના એક વ્યાખ્યાતા,
(૧૦) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૧) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૧૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો તથા વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૫૫. શ્રી. સાહુ શ્રેયાંસ પ્રસાદ જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, હિંદી અને અર્ધમાગધી; તથા બી.એ. (સબ્સે.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, ગણિત અને સ્ટેટિસ્ટિકલ મેથડ્સ; તથા બી.કૉમ.માં પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, ઇકૉનોમિક્સ ઑફ કૉટન, થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સાહુ શ્રેયાંસ પ્રસાદ જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે

રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, હિંદી અને અર્ધમાગધી અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સમે.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, ગણિત અને આંકડાપદ્ધતિ; તથા બી.કૉમ.માં બૅંકિંગ, ઇકોનોમિક્સ ઑફ કૉટન, થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન, પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન અને ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૪) હિંદીના એક પ્રાધ્યાપક,
(૫) અર્ધમાગધીના એક પ્રાધ્યાપક,
(૬) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૭) કૉમર્સના એક પ્રાધ્યાપક,
(૮) ઇકોનોમિક્સ ઑફ કૉટનના એક પ્રાધ્યાપક,
(૯) આંકડાપદ્ધતિના એક પ્રાધ્યાપક,
(૧૦) બૅંકિંગના એક પ્રાધ્યાપક,
(૧૧) થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના એક પ્રાધ્યાપક,
(૧૨) પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશનના એક પ્રાધ્યાપક,
(૧૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),
(૧૪) મર્કન્ટાઇલ લૉના બે સમયના પ્રાધ્યાપક,
(૧૫) અંગ્રેજીના બે વ્યાખ્યાતા (એક હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),
(૧૬) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા,
(૧૭) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૮) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૯) ઇતિહાસના એક વ્યાખ્યાતા (ભૂગોળ અને રાજ્યશાસ્ત્ર સાથે),
(૨૦) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),
(૨૧) કૉમર્સના એક વ્યાખ્યાતા, અને
(૨૨) ગણિતના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષયના રૂા. ૨,૦૦૦ તથા પ્રત્યેક ગૌણ વિષયના રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. આચાર્ય અને ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;
૭. રમતગમત માટે યોગ્ય મેદાન માટે વ્યવસ્થા કરવામાં આવે; અને
૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૫૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિંદી, ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યનીતિ-શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ભગવતસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિંદી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
   (૬) હિંદીના એક પ્રાધ્યાપક,
   (૭) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
   (૮) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
   (૯) કૉમર્સના એક પ્રાધ્યાપક (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ);
૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. છાત્રાલયમાં જમવા (મેસ)ની વ્યવસ્થા કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષયના રૂા. ૨,૦૦૦ તથા પ્રત્યેક ગૌણ વિષયના રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૬. ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૭. રમતગમત માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૫૭. દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; બી.એ. (સબ્સે.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબ્સે.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૩) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૭) હિંદીના એક વ્યાખ્યાતા,
(૮) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા, અને
(૧૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવા બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે:

(૧) એક વર્ગ-ખંડ — ૮૦૦ ચો.ફૂ.,
(૨) બે વર્ગ-ખંડો — પ્રત્યેક ૪૪૦ ચો. ફૂ.,
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, અને
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;
૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને
૯. શાળા તથા કૉલેજના સમયમાં ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે.

૫૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) હિંદીના એક પ્રાધ્યાપક,
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૪) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
(૫) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના એક પ્રાધ્યાપક,
(૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૭) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૮) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૯) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા, અને
(૧૦) વાણિજ્યના એક વ્યાખ્યાતા;
૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. ગ્રંથાલય માટેની ગત વર્ષની ખર્ચવાની બાકી રહેલી રકમ રૂા. ૨,૫૨૭નો ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૫૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,
   (૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
   (૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૭) હિંદીના એક વ્યાખ્યાતા,
   (૮) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૯) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા, અને
   (૧૦) એક વ્યાયામ શિક્ષક;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા એસ.વાય.બી.એ.ના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૪) હિંદીના એક વ્યાખ્યાતા,
(૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૭) બૅંકિંગના એક વ્યાખ્યાતા, અને
(૮) એક વ્યાયામ શિક્ષક;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના વિષયો માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

આથી કરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) હિંદીના એક ટ્યૂટર,
(૮) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર, અને
(૯) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૨. ઉપલેટા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં

અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ માગતી આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપલેટા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક,
(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
(૩) મર્કન્ટાઇલ લૉના બંડ સમયના એક પ્રાધ્યાપક,
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજના ચાલુ મકાનની એક વિંગ જેમાં આચાર્યશ્રીની ઑફિસ તથા કૉલેજ ઑફિસ અને ૪૦૦ ચો.ફૂટના ૮ ઓરડાઓ છે તેમાં તે પાંખ (વિંગ) ઉપર ૧૦૦૦ ચો.ફૂટનો એક ઓરડો, ૮૦૦ ચો.ફૂટના બે ઓરડા અને ૪૦૦ ચો.ફૂટના બે ઓરડા વધારવામાં આવે, અને તે ઉપરાંત ૬૬૦ ચો.ફૂટના બીજા ત્રણ ઓરડા બાંધવામાં આવે અને એ રીતે કૉલેજના મકાન અંગેની સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવે;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. મનોવિજ્ઞાનના વિષય માટે રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૭. ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો સુયોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને

૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંચાલકો તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૩. જે. એમ. શાહ કૉલેજ, જંબુસરને એફ.વાય.બી.એ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં હિંદી, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે, અને પ્રથમ વર્ષ બી.કૉમ.

સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનાં જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એમ. શાહ કૉલેજ, જંબુસર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં હિન્દી, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) કૉમર્સના એક વ્યાખ્યાતા, અને
   (૪) ઍકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧૦૦૦નો તથા વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. ગૃહપતિને માટે ભાડા-મુક્ત રહેઠાણનો પ્રબંધ કરવામાં આવે;

૭. હાલના રમતગમતના મેદાનને સુયોગ્ય બનાવવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૪. બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુરને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેના ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૨) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા,

(૫) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,

[નોંધ.--(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો, તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી; અને

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.]

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. વાણિજ્યના વિદ્યાર્થીઓ માટે પણ છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૪. વાણિજ્યના વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને

૭. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૫. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અર્થશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા બી.એ. (સમો.)માં માનસશાસ્ત્ર, ફારસી, ઇતિહાસ, ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી તથા બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના વિષયનું વધારાનું જોડાણ આપવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય અને તૃતીય વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, રજની પારેખ આર્ટ્સ એન્ડ કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, અર્થશાસ્ત્ર તથા પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; બી.એ. (સમો.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) એડવાન્સ્ડ એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,

(૨) મર્કન્ટાઇલ લૉના બંને સમયના એક પ્રાધ્યાપક, અને

(૩) કૉમર્સના એક વ્યાખ્યાતા;

૨. એડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને ઑડિટિંગનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાને જૂન ૧૯૬૫થી બી.કૉમમાં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,

(૨) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના એક પ્રાધ્યાપક,

(૩) એકાઉન્ટન્સીના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે, અને

(૪) વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાનાં પુસ્તકો માટે કુલ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૬૭. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં પરિષ્ચન, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ગણિત; તથા બી.એ. (સમો.)માં ફ્રેન્ચ, ફારસી, ઇતિહાસ, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,

(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,

(૩) ફારસીના એક વ્યાખ્યાતા,

(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૫) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને

(૬) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા.

૬૮. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) એક પ્રાધ્યાપક,

(૨) એક વ્યાખ્યાતા, અને

(૩) બે ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૩. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ.

૬૯. માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) એક પ્રાધ્યાપક,

(૨) એક વ્યાખ્યાતા,

(૩) એક ટ્યૂટર, અને

(૪) આર્ટ્સ માસ્ટર;

૨. કાયદાની તથા શિક્ષણની બંને કૉલેજો માટે અલગ અલગ ગ્રંથાલય-ખંડ તથા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે પણ અલગ અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૭૫ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ.

૭૦. રામભા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

કૉલેજ તથા હૉસ્ટેલનાં મકાનોનું યોગ્ય રીતે વખતોવખત સમારકામ કરવામાં આવે.

૭૧. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એડ. અને ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ. અને ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એક વધારાના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે; અને

૨. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ.

૭૨. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરતને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એક આર્ટ્સ માસ્ટરની નિમણૂક કરવામાં આવે;

૨. સભા-ખંડ તથા પુસ્તકાલય બન્ને માટે એક એક મોટા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. આચાર્ય તેમજ ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે; અને

૪. પ્રાયોગિક પાઠ માટે શિક્ષણનાં સાધનો પાછળ યોગ્ય ખર્ચ કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ.

૭૩. પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. યોગ્ય લાયકાત ધરાવતા એક ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;

૨. ગત વર્ષના બાકી રહેલા રૂા. ૬,૦૦૦ તથા ચાલુ વર્ષે રૂા. ૩,૦૦૦નો ખર્ચ પુસ્તકો પાછળ કરવામાં આવે;

૩. દૃશ્ય-શ્રાવ્ય અને અન્ય શૈક્ષણિક સાધનો પહેલાંની શરત પ્રમાણે દર વર્ષે ખરીદી ઉમેરવામાં આવે;

૪. શિક્ષક માટેના એક ખંડ ઉપરાંત તાલીમાર્થીઓને માર્ગદર્શન આપી શકાય એ દૃષ્ટિએ પ્રત્યેક અધ્યાપક માટે અલગ નાનો વર્ગ કરવામાં આવે;

૫. કૉલેજ માટે પોતાનું મકાન બાંધવાની બાંયધરી આપવામાં આવે;

૬. કૉલેજ નજીક યોગ્ય છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે; અને

૭. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ.

૭૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે, અને

(૨) ૨૦ વિદ્યાર્થીઓ દીઠ એક — એ પ્રમાણે જરૂરી ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂક કરવામાં આવે;

૨. જરૂરી સંખ્યામાં યંત્રો વસાવવામાં આવે; અને

૩. આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૭૫. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૫થી બી.એસસી. (રૂપે.)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. બાયોકેમિસ્ટ્રીના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. મકાનમાં નીચેની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) સંગ્રહસ્થાન માટેનો ખંડ, અને
(૨) શિક્ષકો માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

૭૬. મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૫થી બી.એસસી. (રૂપે.)માં રસાયણશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) અંગ્રેજીના એક ટ્યૂટર, અને
(૩) આંકડાશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. આંકડાશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. ગ્રંથાલય;

૫. છાત્રાલય માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે; અને

૬. કૉલેજ માટે પોતાના અલાયદા રમતગમતના મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭૭. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટને જૂન ૧૯૬૫થી બી.એસસી. (રૂપે.)માં વનસ્પતિશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વનસ્પતિવિજ્ઞાનની તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે ૮૫' × ૩૫'ના ક્ષેત્રફળવાળી પ્રયોગશાળા બાંધી તેને સાધનસામગ્રીથી સુસજ્જ કરવામાં આવે;

૨. સંગ્રહસ્થાન અને વનસ્પતિબાગના વિકાસ માટે ઓછામાં ઓછા રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૭૮. શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૫થી પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બૅન્કિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) બૅંકિંગના એક પ્રાધ્યાપક,

(૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૪) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક,

(૫) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક, અને

(૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

(*a*) Having attended the following courses to the satisfaction of the Head of the College :

(*i*) Human Anaotomy including Embryology and Histology :

(*a*) A course of lectures and demonstration on human Anatomy including Embryology and Histology, with special reference to their application to Medicine and Surgery, extending over one-half years.

(*b*) A course of dissections, extending over one and half years. Candidates must have dissected the whole body to the satisfaction of their teachers.

(*ii*) Human Physiology :

(*a*) A course of lectures and demonstration on Physiology including Bio-Chemistry and Bio-Physics, extending over one and half years.

(*b*) A practical course in Human Physiology, Experimantal Physiology, Bio-Chemistry and Bio-Physiology, extending over one half years.

(*iii*) Normal Psychology :

A course of instruction in Elementary Normal Psychology.

(*iv*) *An introduction to Pharmacology* may be deleted.*

(*v*) Elements of the methods of Clinical examination, including the use of the common instruments and the examination of body fluids, with demonstration on both normal and abnormal living subject.

N.B.—Courses in (*iii*) and (*iv*) above shall be attended in the second academic year.

(*b*) *Having passed a test in (iv) above conducted by the College may be deleted.*

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૪૮

AVESTA & PAHLAVI

Pre-Uni. Arts, 1966

Avesta : Aiwisruthrem Gah & Mah. Nyaishna.

Pahlavi : Vaehak-i-Aichand-i-Atropat-i-Marespandan Jamasp Ashana Pah. Test. (Edited By Dr. Dasturji)

First B.A. Examination, 1966

Paper I : Avesta—Sarosh Yasht Vadi (13 Kardas), Havan Gah, Ushahin Gah.

Paper II : Pahlavi—Aiyabataar-i-Zariran (Edited by the Late Dastur J. M. Jamasp Ashana from the Pahlavi, Text)

Paper III : Pahlavi—Danaki-Minoykherat (Edited by T. D. Anklesaria) Purshishna I to IV.

Second B.A. Examination, 1966

Paper I : Avesta—Meher Yasht.

Paper II : Pahlavi—Dikard Book VII, Vols. XIII and XIV, Chapters II & III (Edited by Dr. Dasturji D. P. Sanjana)

Paper III : Avesta—Pahlavi Vandidat, Chapter XIX.

M.A. Examination, 1967

Paper I : Avesta—Gatha Ushtavait-Chapters 1, 2 Yasna Has (43–44)

Paper II : Pahlavi—Episties of Manusheher. Epistle–I (Edited by Ervad B. N. Anklesaria)

Paper III : Avesta & Pahlavi—Unseen Passages for Translation & Grammar.

Paper IV : Avesta & Pahlavi—Gatha Ahunavalti, Chapters 3 & 4 (Yasna Has 30 & 31) Avesta & its Pahlavi Translation.

Paper V : Old Persian inscription at Bahistan, Columns 1 & 2, Sasanian Pahl Inscription at Hajiabad & Bishapur. Pazand-Shikand Gumanik Vigar-Chapters I & III.

Paper VI : Historical and Comparative Grammar of the Iranian Languages particularly Avesta, Old Persian, Pahlavi and Pazand.

પરિશિષ્ટ "ય"
કામકાજ ક્રમાંક ૧૧૬

સ્ટેન્ડિંગ કમિટી ઓન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની સભા તા. ૧૬–૧૨–૧૯૬૪ના રોજ બુધવારે બપોરે ૪–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. પ્રિન્સિ. એચ. ડી. નોરોન્હા	હાજર
૪. પ્રિન્સિ. વી. જે. જાની	હાજર
૫. પ્રિન્સિ. ડી. ડી. દેસાઈ	હાજર
૬. ડૉ. પી. એલ. શાહ	હાજર
૭. પ્રિન્સિ. એમ. સી. શાહ	હાજર
૮. શ્રી. એસ. બી. પંડ્યા	ગેરહાજર
૯. ડૉ. એચ. જી. પંડ્યા	હાજર.

૧. તા. ૩૦–૪–૧૯૬૪ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૩૦–૪–૧૯૬૪ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી, અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. મરાઠાવાડ યુનિવર્સિટી, ઔરંગાબાદની નીચે જણાવેલ પરીક્ષાઓ આપણે પરસ્પરના ધોરણે માન્ય કરી છે તેને કાયમી ધોરણે માન્યતા આપવા અંગેની મરાઠાવાડ યુનિવર્સિટીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

૧. પ્રી-યુનિવર્સિટી (આર્ટ્સ–સાયન્સ)
૨. ઇન્ટરમીડિયેટ (આર્ટ્સ–સાયન્સ–કૉમર્સ)
૩. બી.એ., બી.એસસી., બી.કૉમ.
૪. એલએલ.બી.
૫. બી.એડ.
૬. બી.ઈ. (સિવિલ — થ્રી ઇયર્સ ડિગ્રી કોર્સ).

આથી ઠરાવવામાં આવે છે કે, મરાઠાવાડ યુનિવર્સિટી, ઔરંગાબાદની નીચે જણાવેલ પરીક્ષાઓને પરસ્પરના ધોરણે કાયમી માન્યતા આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. પ્રી-યુનિવર્સિટી (આર્ટ્સ–સાયન્સ)
૨. બી.એ., બી.એસસી., બી.કૉમ.

૩. એલએલ.બી.
૪. બી.એડ.
૫. બી.ઈ. (સિવિલ—થ્રી ઇયર ડિગ્રી કોર્સ).

૩. મરાઠાવાડ યુનિવર્સિટી, ઔરંગાબાદની બી.એસસી. ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમની પ્રથમ પરીક્ષાને (પ્રી-પ્રોફેશનલ) મેડિસિન તથા એન્જિનિયરિંગના પ્રવેશ માટે તથા બી.એસસી. પદવી પરીક્ષાને અનુસ્નાતક વર્ગમાં પ્રવેશ માટે માન્ય કરવાની તેમની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— મરાઠાવાડ યુનિવર્સિટીએ આપણી ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પરીક્ષાઓને નીચે જણાવ્યા મુજબ તેમની પરીક્ષાઓની સમકક્ષ ગણી છે :

Gujarat University	*Marathawada University*
B.A., II year	B.A., II year
B.A., III year (Gen.)	B.A., III year (Gen.)
B.A. (Hons.)	B.A. (Hons.)
B Sc., I year	B.Sc., I year or Pre-professional Course
B.Sc., II year (Gen.)	B.Sc., II year (Gen.)
B.Sc. (Hons.)	B.Sc. (Hons. in the respective subjects).

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The B.Sc. (General) degree can be considered equivalent to out B.Sc. (General) degree (New) B.Sc. (Hons.) degree can be considered as equivalent our B.Sc. Principal or B.Sc. special degree with the corresponding subjects.

The First B.Sc. Pre-professional course can be considered equivalent to our F.Y.B.Sc. course with the Mathematics or Biological group as the case may be.

As there is an examination at the end of Second year also, the course for the Second year can be considered equivalent to our S.Y.B.Sc. course.

(**નોંધ.**— હાલમાં તેઓ પ્રથમ વર્ષ બી.એ.ની પરીક્ષા લેતા નથી, જેથી ફર્સ્ટ બી.એ.ની માન્યતાનો સવાલ રહેતો નથી. આપણી ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પાસ કરી ત્યાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીની ગુણવત્તા જોઈને પ્રવેશ આપશે. બી.કૉમ.ની ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પરીક્ષાનો પ્રશ્ન રજૂ કરવાની વિચારણા હેઠળ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મરાઠાવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદની બી.એસસી. ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમની પ્રથમ પરીક્ષાને (પ્રી-પ્રોફેશનલ) આપણી યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા તુલ્ય જે તે વિષય ધ્યાનમાં લઈ પરસ્પરના ધોરણે માન્ય કરવાની એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી ઑફ માયસોર, માયસોરની ત્રણ વર્ષના અભ્યાસક્રમની બી.એ., બી.એસસી. તથા બી.કૉમ. પદવી પરીક્ષાઓ માન્ય કરવાની તેની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—માયસોર યુનિવર્સિટીએ ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની આપણી બી.એ., બી.એસ.સી. તથા બી.કૉમ. ડિગ્રી પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરી છે.)

૧. વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

થ્રી-ઇયર્સની છેલ્લી બી.એ. પરીક્ષાને આપણી બરોબર ગણવામાં વાંધો નથી.

૨. વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

માયસોર યુનિવર્સિટીમાં બી.કૉમ. ડિગ્રી માટે ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પ્રથા અપનાવવામાં આવી છે અને વિષયો તથા અભ્યાસક્રમમાં વાણિજ્યની પદવીને જરૂરી એવા બધા જ વિષયો આવરી લેવામાં આવ્યા છે. આથી માયસોર યુનિવર્સિટીની બી.કૉમ. ડિગ્રીને પરસ્પરના ધોરણે માન્યતા આપવા ભલામણ છે.

૩. વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

The Three-year B.Sc. degree course of Mysore University can be considered equivalent to our B.Sc. General Course (New) and not the new special B.Sc. Course.

There is no other, year to year equivalents possible as the Mysore University takes its examination by parts.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ઑફ માયસોર, માયસોરની ત્રણ વર્ષના અભ્યાસક્રમની પદવી પરીક્ષાઓને નીચે જણાવ્યા મુજબ પરસ્પરના ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

માયસોર યુનિવર્સિટી	ગુજરાત યુનિવર્સિટી
બી.એ. (થ્રી-ઇયર કોર્સ)	બી.એ. (થ્રી-ઇયર કોર્સ)
બી.એસસી. (થ્રી-ઇયર કોર્સ)	બી.એસસી. (જનરલ)
બી.કૉમ. (થ્રી-ઇયર કોર્સ)	બી.કૉમ. (થ્રી-ઇયર કોર્સ).

૫. યુનિવર્સિટી ઑફ ઉદેપુર, ઉદેપુરના મહામાત્રના તા. ૨૦-૮-૧૯૬૪ના પત્રાંક એફ. ૧૬-૧-રેકગ.-ઈ-૧૬૩૨૬-૧૬૩૮૫માં જણાવ્યા પ્રમાણે રાજસ્થાન એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, ઉદેપુરે તેનું નામાભિધાન બદલીને યુનિવર્સિટી ઑફ ઉદેપુર રાખેલ છે, અને નીચે જણાવેલ બીજી વધારાની પરીક્ષાઓ માર્ચ-એપ્રિલથી લેનાર છે તો રે. ૭માં તે મુજબ નામાભિધાનમાં ઘટતો ફેરફાર કરવા અંગે તેમજ આ પરીક્ષાઓ જેનો અભ્યાસક્રમ વગેરે યુનિવર્સિટી ઑફ રાજસ્થાન, જયપુર પ્રમાણે છે અને તેને માન્યતા આપવા અંગે તેની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રી-યુનિવર્સિટી (આર્ટ્સ-સાયન્સ-કૉમર્સ); (૨) બી.એ., બી.એસસી., બી.કૉમ. (ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પહેલી, બીજી તથા ત્રીજી પરીક્ષાઓ); (૩) એમ.એ.; (૪) એમ.એસસી.; (૫) એમ.કૉમ.; (૬) એલએલ.બી.; (૭) બી.એડ.; અને (૮) એમ.એડ.

(**નોંધ.**—રાજસ્થાન યુનિવર્સિટી, જયપુરની ઉપરોક્ત પરીક્ષાઓ રે. ૭ મુજબ માન્ય કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, રાજસ્થાન એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, ઉદેપુરના નામાભિધાનમાં થયેલા ફેરફારની રે. ૭માં તે મુજબ નોંધ કરવી તેમ જ યુનિવર્સિટી ઑફ ઉદેપુરની નીચે જણાવેલી બીજી વધારાની પરીક્ષાઓને પરસ્પરના ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

(૧) પ્રી-યુનિવર્સિટી (આર્ટ્સ-સાયન્સ-કૉમર્સ); (૨) બી.એ., બી.એસસી., બી.કૉમ. [ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની છેલ્લી પરીક્ષાઓ (Final)]; (૩) એમ.એ.; (૪) એમ.એસસી.; (૫) એમ.કૉમ.; (૬) એલએલ.બી.; (૭) બી.એડ.; અને (૮) એમ.એફ.

૬. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનની બી.એસસી. (એગ્રિ.) તથા એમ.એસસી. (એગ્રિ.) પરીક્ષાઓ માન્ય કરવા અંગે તેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

એગ્રિકલ્ચર ફેકલ્ટીના ડીનનો અભિપ્રાય

I have gone through the courses of the B.Sc (Agri.) and M.Sc. (Agri.) Examinations of Vikram University, and on comparison with the corresponding courses of Gujarat University, I find that the examinations on the whole can be recommended as equivalent to the corresponding examinations of our University.

આથી ઠરાવવામાં આવે છે કે, વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનની બી.એસસી. (એગ્રિ.) તથા એમ.એસસી. (એગ્રિ.) પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

૭. શ્રી. વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિ (આંધ્ર પ્રદેશ)ની એમ.બી.,બી.એસ. ડિગ્રી પરીક્ષા માન્ય કરવા અંગે તેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

મેડિકલ ફેકલ્ટીના ડીનનો અભિપ્રાય:

As the Medical Council of India has recognised the M.B.,B.S. Degree Examination of Sri Venktaswara University should be considered as equivalent to the corresponding examination of our University.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિ (આંધ્ર પ્રદેશ)ની એમ.બી.,બી.એસ. ડિગ્રી પરીક્ષાને આપણી એમ.બી.,બી.એસ. ડિગ્રી પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટી ઑફ ઇન્દોર, ઇન્દોરના મહામાત્રની નીચે મુજબની પરીક્ષાઓ માન્ય કરવા અંગે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

બી.એ., એમ.એ., બી.એસસી., એમ.એસસી., એલએલ.બી., બી.કૉમ., એમ.કૉમ., એમ.બી.,બી.એસ., બી.એસસી. (એન્જિનિયરિંગ).

(**નોંધ.**—આ યુનિવર્સિટીએ અભ્યાસક્રમ વગેરે વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન પ્રમાણે રાખેલ છે, અને વિક્રમ યુનિવર્સિટીની આ પરીક્ષાઓ આપણે રે. ૭ મુજબ માન્ય કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ઑફ ઇન્દોર, ઇન્દોરની નીચે જણાવેલ પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

બી.એ., એમ.એ., બી.એસસી., એમ.એસસી., એલએલ.બી., બી.કૉમ. (ફક્ત પ્રથમ એલએલ.બી.માં પ્રવેશ માટે), એમ.કૉમ., એમ.બી.,બી.એસ. અને બી.એસસી. (એન્જિનિયરિંગ).

૯. શ્રી. જીવાજી યુનિવર્સિટી, ગ્વાલિયરની નીચે જણાવેલ પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે તેની વિનંતી પર વિચારણા કરવા બાબત :

બી.એ., બી.એસસી., બી.કૉમ., એલએલ.બી., એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., બી.એડ., એમ.એડ., બી.એસસી (એન્જિનિયરિંગ) તથા એમ.બી.,બી.એસ.

(**નોંધ.**—આ યુનિવર્સિટીએ વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈને આપણી જે પરીક્ષાઓ માન્ય કરી છે તેટલી પરીક્ષાઓ માન્ય રાખી છે. આપણે રે. ૭ મુજબ વિક્રમ યુનિવર્સિટીની બી.કૉમ. પરીક્ષા ફક્ત એલએલ.બી.માં પ્રવેશ પૂરતી જ માન્ય રાખી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જીવાજી યુનિવર્સિટી, ગ્વાલિયરની નીચે જણાવેલ પરીક્ષાઓને પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

બી.એ., બી.એસસી., બી.કૉમ. (ફક્ત પ્રથમ એલએલ.બી.ના પ્રવેશ માટે), એલએલ.બી., એમ.એ., એમ એસસી, એમ કૉમ., બી.એડ., એમ.એડ., બી.એસસી. (એન્જિનિયરિંગ) તથા એમ.બી.,બી.એસ.

૧૦. નાગપુર યુનિવર્સિટી, નાગપુરની ફર્સ્ટ બી.ઈ. પરીક્ષા માન્ય કરવા અંગે તેની વિનંતી પર વિચારણા કરવા બાબત :

The subjects and syllabi of First B.E. Examination of Nagpur University are practically the same as those of F.E. of the Gujarat University except that re-our subjects of Engineering Materials and Construction, the portion of construction of 25 marks is not included in the syllabi of Nagpur University.

Since the Nagpur University has recognised our F.E. Examination for admission to their Second Year of B.E. Course on reciprocal basis, the minor variation in the syllabi for only one subject may be ignored and their First B.E. Examination may be recognised equivalent to our F.E. Examination on reciprocal basis.

આથી ઠરાવવામાં આવે છે કે, નાગપુર યુનિવર્સિટીની ફર્સ્ટ બી.ઈ. પરીક્ષાને આપણી એફ.ઈ. પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. પૂના યુનિવર્સિટીએ પરીક્ષાઓની માન્યતાની મુદત દશ વર્ષ માટે જૂન ૧૯૭૫ સુધી લંબાવી હોઈ તેની પરીક્ષાઓ માન્ય કરવાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—રે. ૭ મુજબ પૂના યુનિવર્સિટીની પરીક્ષાઓ જૂન ૧૯૬૩ સુધી પરસ્પરના ધોરણે માન્ય કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, પૂના યુનિવર્સિટીની પરીક્ષાઓની માન્યતાની મુદત પરસ્પરના ધોરણે જૂન ૧૯૭૪ સુધી લંબાવવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. પૂના યુનિવર્સિટીમાં આપણી યુનિવર્સિટીની બી.એ. પદવી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને બી.કૉમ.માં પ્રવેશ આપવાની લાભની મુદત પરસ્પરના ધોરણે જૂન ૧૯૬૫ સુધી લંબાવી હોઈ તેની તે પરીક્ષા માન્ય કરવાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પૂના યુનિવર્સિટીની બી.એ. પદવી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને બી.કૉમ.માં પ્રવેશ આપવાની લાભની મુદત પરસ્પરના ધોરણે જૂન ૧૯૬૫ સુધી લંબાવવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. પૂના યુનિવર્સિટીના ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની નીચે જણાવેલ પરીક્ષાઓ માન્ય કરવાની તેની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

બી.એ. પાર્ટ–૧, બી.એસસી. પાર્ટ–૧, પ્રી-પ્રોફેશનલ તથા બી.કૉમ. પાર્ટ–૧.

(**નોંધ.**—પૂના યુનિવર્સિટીએ આપણી યુનિવર્સિટીના ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની ફર્સ્ટ બી.એ., બી.એ. (ડિગ્રી), ફર્સ્ટ બી.એસસી., બી.એસસી. (ડિગ્રી) તથા ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાઓ તેની સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરી છે.)

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

First B.Sc. course can be considered equivalent to our F.Y.B.Sc. course with the corresponding group of subjects. Final B.Sc. equivalent to our Principal B.Sc. or Special B.Sc. with the corresponding subjects as Principal or Special.

No other equivalence year to year possible.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

પૂના યુનિવર્સિટીની બી.કૉમ. માટે પાર્ટ–૧, આપણી યુનિવર્સિટીની પ્રથમ વર્ષ બી.કૉમ.ની પરીક્ષા સમકક્ષ ગણવામાં વાંધો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, પૂના યુનિવર્સિટીની ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની બી.એ. પાર્ટ–૧, બી.એસસી. પાર્ટ–૧, પ્રી-પ્રોફેશનલ તથા બી.કૉમ. પાર્ટ–૧ પરીક્ષાઓને આપણી ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. તથા ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની બીજી એલ્એલ.બી. પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

લૉ ફેકલ્ટીના ડીનનો અભિપ્રાય

Read Letter No. AC/838 dated 2nd May '64 from Asst. Registrar, M. S. University of Baroda.

M. S. University of Baroda is not prepared to recognise First LL.B. and Second LL.B. Examination of our University passed prior to Graduation for admission to higher courses of studies in their University.

Our University has also now prescribed graduation as minimum qualification for admission to Law courses at our University. The decision of M. S. University, Baroda, will affect very few students who have passed Law Examinations of our University, prior to graduation. Under the circumstances in the interest of large number of students, I am of opinion that we may continue to recognise First LL.B. Examination of M. S. University and recognise Second, LL.B. Examination of M. S. University as equivalent to Second LL.B. examination of our University.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા આપણી એલએલ.બી. ડિગ્રી પરીક્ષાને બિનશરતી માન્યતા આપે તે શરતે પરસ્પરના ધોરણે તેમની એલએલ.બી. ડિગ્રી પરીક્ષાને માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરના મહામાત્રે તેમના તા. ૩-૬-૧૯૬૪ના પત્રાંક એસ.યુ. રેકગ.-૩૬૧૭માં જણાવ્યા પ્રમાણે આપણી યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓ માન્ય રાખી છે તો તે મુજબ તેમની પરીક્ષાઓને માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત :

પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ; ઇન્ટર આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ; બી.એ., એમ.એ., બી.એડ., એમ.એડ., બી.એસસી., એમ.એસસી., બી.કૉમ., એમ.કૉમ., ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી., એલએલ.એમ., ફર્સ્ટ, સેકન્ડ તથા ફાઇનલ એમ.બી.,બી.એસ., એફ.ઈ., એસ.ઈ. તથા બી.ઈ.

(**નોંધ.**—શિવાજી યુનિવર્સિટીની પરીક્ષાઓનો અભ્યાસક્રમ વગેરે પૂના યુનિવર્સિટી મુજબ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરની નીચે મુજબની પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ, કૉમર્સ; ઇન્ટર આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ; બી.એ., એમ.એ., બી.એડ., એમ.એડ., બી.એસસી., એમ.એસસી., બી.કૉમ., એમ.કૉમ., ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી., એલએલ.એમ., ફર્સ્ટ, સેકન્ડ તથા ફાઇનલ એમ.બી.,બી.એસ., એફ.ઈ., એસ.ઈ. તથા બી.ઈ.

૧૬. જામિયામિલિયા ઇસ્લામિયા, દિલ્હીની નીચે જણાવેલ પરીક્ષાઓ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

હાયર સેકન્ડરી, પ્રી-યુનિવર્સિટી બી.એ., એમ.એ., બી.એડ. તથા એમ.એડ.

આથી ઠરાવવામાં આવે છે કે, જામિયામિલિયા ઇસ્લામિયા, દિલ્હીની નીચે જણાવેલ પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

હાયર સેકન્ડરી, એસ.એસસી. (ગુજરાત રાજ્ય), બી.એ., એમ.એ. તથા એમ.એડ.

૧૭. કુરુક્ષેત્ર યુનિવર્સિટીના નીચે જણાવેલ પરીક્ષાઓ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. બી.એ., બી.એસસી. (પાસ) (થ્રી-યર ડિગ્રી કોર્સ)
૨. બી.એ., બી.એસસી. (એજ્યુકેશન) ફાઇનલ યર પરીક્ષા
૩. બી.એ. (ઑનર્સ), બી.એસસી. (ઑનર્સ)
૪. એમ.એ., એમ.એસસી. (મૅથેમેટિક્સ).
૫. એમ.એડ.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

બી.એ. (પાસ) (થ્રી-યર ડિગ્રી કોર્સ) : આ પાસ બી.એ.–બી.એસસી. અભ્યાસ આપણે ત્યાં કરતાં ઘણો નીચો છે એટલે એને આપણે ત્યાંની બરોબર ન માની શકાય. આપણે ત્યાં પાસ-ઑનર્સ-ભેદ નથી તેથી "પાસ"ને પાસ બરોબર પણ વિચારી શકાય તેમ નથી.

બી.એ., બી.એસસી. (એજ્યુકેશનનું) ફાઇનલ યર પરીક્ષા : આ પરીક્ષા તે યુનિવર્સિટીની એક નિરાળી યોજના અને સેટ-અપ છે. આપણે ત્યાં એનું સમાન કાંઈ નથી તેથી કઈ પરીક્ષાને સમાન ગણીએ તે જ એક પ્રશ્ન છે. આને એમ.એડ. માટે પણ યોગ્ય માની શકતા નથી.

એમ.એડ. : એમ.એડ. પરીક્ષા ત્યાંની બી.એડ. પછી બે વર્ષે થાય. આમાં એમ.એડ. બરોબર માનવામાં વાંધો ન ગણાય.

બી.એ. (ઑનર્સ) : એમની યોજનામાં ૧૨૦૦ ગુણની જ પરીક્ષા છે, જેમાં ૮૦૦ પસંદ કરેલા વિષયના છે, જે ૮૦૦ની પરીક્ષા ત્રીજા વર્ષને અંતે લેશે.

વિષયોના અભ્યાસનો ન્યાય તે તે વિષયના અધ્યાપક જોઈ લઈને કહે તો ઠીક થાય. વર્ગ આપવાનું ધોરણ તો ઠીક સમાન છે.

એમ.એ. : ત્યાં પાસ વર્ગ ચાલુ છે.

સેકન્ડ ૫૦ ટકા, ફર્સ્ટ ૬૦ ટકા. આ જોતાં આપણે ત્યાં હવે પાસ વર્ગ નથી. એ અસમાન એક બિંદુ છે. બાકી બીજી રીતે સમાનતાનો વાંધો જણાતો નથી.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

The syllabus prescribed is more or less on the lines and basis of our new Three-Year Degree General Course. The Kurukshetra University has the same pattern of 3 Science subjects each year, for 3 years, as we have for our General B.Sc. Degree. It is not

clear from the papers sent whether the Kurukshetra University has also compulsory papers for English and General Education.

As far as Science subjects are concerned, the B.Sc. Pass Degree Course of the Kurukshetra University can be considered equivalent to our General B.Sc. Degree Course.

બી.એસસી. (ઑનર્સ) તથા એમ.એસસી. (મૅથેમેટિક્સ) :

B.Sc. (Hons.) Examination of Kurukshetra University with Physics, Mathematics and Chemistry as subjects of specialisation can be considered equivalent to our B.Sc. (Principal) Examination (Old and New) with the corresponding subjects.

The M.Sc. Examination Mathematics can also be considered equivalent to our M.Sc. Examination in Mathematics.

આથી ઠરાવવામાં આવે છે કે, કુરુક્ષેત્ર યુનિવર્સિટીની બી.એ. (ઑનર્સ), બી.એસસી. (ઑનર્સ) તથા એમ.એ., એમ.એસસી. પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની સમકક્ષા પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. શ્રી. જવાહર હરખચંદે ગોવાની પાંચમી લીસેવ પરીક્ષા (ફિફ્થ યર ઑફ લીકમ) પાસ કરેલી છે તેમને આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—મુંબઈ યુનિવર્સિટીએ ગોવાની પાંચમી લીસેવ પરીક્ષાને ૧૯૬૪-૬૫ના વર્ષ પૂરતી મૅટ્રિકયુલેશન પરીક્ષા તુલ્ય માન્ય કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વ્યક્તિગત કેસની ગુણવત્તા જોઈને પ્રવેશ આપવા અંગે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે દર્શાવેલ વર્ગમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી અપાયાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ.માંથી જે પરીક્ષા પાસ કરેલી હોય તેનાં નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિ. કાઢી આપવામાં આવેલ છે તેનું નામ
૧.	કુ. હવેવાલા એચ. એમ.	સાગર યુનિ., બી.એસસી. પ્રિલિ., પ્રી-પ્રોફેશનલ	સેકન્ડ બી.એસસી.
૨.	શ્રી. જી. એચ. કોલી	સાઉથ આફ્રિકા, સીનિયર ગ્રેડ પરીક્ષા	પ્રથમ એમ.બી.,બી.એસ.
૩.	શ્રી. ઓમપ્રકાશ તિવારી	બિહાર યુનિ., ફર્સ્ટ બી.એસસી.	એફ.ઈ.
૪.	શ્રી. કે. એમ. મરચન્ટ	માયસોર યુનિ., બી.એસસી. (ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ)	એમ.એસસી.
૫.	શ્રી. શ્રીનિવાસમૂર્તિ	,, ,,	એમ.એસસી.
૬.	શ્રી. એચ. સી. જંબુસરિયા	બરોડા યુનિ., એલએલ.બી.	એલએલ.એમ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (રાજસ્થાન) અજમેરના મંત્રીના તા. ૨૮-૯-૧૯૬૪ના પ્રત્રાંક ૧૧૮૧૯૭માં જણાવ્યા મુજબ તે બૉર્ડે 'હાઇસ્કૂલ' પરીક્ષાનું નામ બદલાને 'સેકન્ડરી સ્કૂલ એક્ઝામિનેશન' રાખ્યું છે તો તે મુજબ રે. ૭માં ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રે. ૭માં તે મુજબ ઘટતો ફેરફાર કરવો.

૨૧. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીની કારોબારી સમિતિના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

ઠરાવ

A student studying in a recognised Medical College may be allowed to migrate to another recognised Medical College under any other University after he has passed the First M.B.,B.S. Examination.

તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

It may, however, be stated that the practice of transfer of students from one University to another University in this State is already in vague in this State, but it will not be possible to accept a student from outside the State as decided by Government.

આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના કારોબારી સમિતિના ઠરાવમાં કરવામાં આવેલ સૂચનની નોંધ લેવી.

૨૨. મુંબઈ યુનિવર્સિટીની બી.એસસી. (મેડિકલ) પરીક્ષા આપણી યુનિવર્સિટીની બી.એસસી. (મેડિકલ) પરીક્ષા તુલ્ય માન્ય ગણી ડૉ. વી. એ. પટેલને એમ.એસસી. (મેડિકલ) માટે (તેમને) એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૩. ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલય, હરદ્વારની એમ.એ. તથા એમ.એસસી. મૅથેમેટિકસની પદવી પરીક્ષાઓ માન્ય કરવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

સરકારે એને યુનિવર્સિટી તરીકે માન્ય હવે કરી છે. એમ.એ. તે તે વિષયમાં બરોબરી પાત્ર ગણવામાં વાંધો નથી.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

The Course prescribed for M.Sc. (Maths.) Examination of the Gurukul University is definitely of a lower level than what is prescribed at our University. In fact a couple of papers encompass a course prescribed at our B.Sc. (Special) level. Hence I am hesistant in recommending equivalence for M.Sc. (Maths.) of the Gurukul University with M.Sc. (Maths.) of our University.

આથી ઠરાવવામાં આવે છે કે, કાંગડી વિશ્વવિદ્યાલય, હરદ્વારની એમ.એ. પદવી પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી.

૨૪. ભારતની કાયદેસર સ્થપાયેલી (Statutory) યુનિવર્સિટીઓની પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓ તથા બોર્ડોની હાયર સેકન્ડરી પરીક્ષાઓને માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૨૭-૨-૧૯૬૩ની સભામાં મંજૂર કરી છે:

"આથી ઠરાવવામાં આવે છે કે, ઇક્વિવેલેન્સ સમિતિને સામાન્ય માર્ગદર્શન નીચે પ્રમાણે જણાવ્યું, તેમ છતાં વ્યક્તિગત કેસોમાં પોતાની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવી જરૂરી છે તેની સ્પષ્ટતા પણ કરવી:

(૧) જે યુનિવર્સિટીઓમાં પ્રી-યુનિવર્સિટી પરીક્ષા દાખલ કરવામાં આવી હોય તે પરીક્ષાઓ આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય સામાન્ય રીતે ગણવી.

(૨) જે શાળાઓમાં હાયર સેકન્ડરી અભ્યાસક્રમ બાર વર્ષનો હોય તે શાળાઓની હાયર સેકન્ડરી પરીક્ષા આપણી પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય માન્ય કરવી, પણ અગિયાર વર્ષનો આ અભ્યાસક્રમ હોય તો તે ફક્ત એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણવો."

ઉપરોક્ત નં. ૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી:

"જે બોર્ડોમાં હાયર સેકન્ડરી અભ્યાસક્રમ બાર વર્ષનો હોય તે બોર્ડોની હાયર સેકન્ડરી પરીક્ષા આપણી પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય ગણવી પરંતુ અગિયાર વર્ષનો આ અભ્યાસક્રમ હોય તો તે પરીક્ષા ફક્ત એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણવી."

૨૫ શ્રી. સી. જે. રાઇમાગકર, જેમને જબલપુર યુનિવર્સિટીની એમ.એસ. ડિગ્રી પરીક્ષા પાસ કરેલી છે તેમને આપણી યુનિવર્સિટીમાં પીએચ.ડી. માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. જે. રાઇમાગકરને ઑડ-હોક ધોરણે (મેડિકલ ફેકલ્ટીમાં) પીએચ.ડી. માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૧૭૦

Qualifications of Teachers—Faculty of Technology including Engineering

Lecturer :

1. At least a Second Class Bachelor's Degree;

and

(*a*) Three years' teaching experience in a Degree Engineering College;

or

(*b*) Five years' teaching experience in a Diploma Engineering Institute:

or

(*c*) Three years' Professional experience;

or

(*d*) A combined teaching experience in a Degree Engineering College or Diploma Engineering Institute and Professional experience for a total period of five years.

or

2. A Master's Degree by papers in the subject concerned;

and

(*a*) Three years' teaching experience in a Degree Engineering College;

or

(*b*) Five years' teaching experience in a Diploma Engineering Institute;

or

(*c*) Three years' Professional experience;

or

(*d*) A combined teaching experience in a Degree Engineering College or Diploma Engineering Institute and Professional experience for a total period of five years.

or

3. A Master's Degree in First Class or First Class Distinction.

or

4. Corresponding qualifications approved by the Syndicate.

(*Note. 1* : In case a candidate has done recognised Post-graduate research or has obtained a Post-graduate Degree in Engineering, the minimum period necessary to obtain the particular Post-graduate degree or the actual period spent in research should be counted towards the teaching and/or professional experience in the requirements detailed above.)

Lecturer in Mechanical Technology or Superintendent of Workshops :

1. At least a Second Class Bachelor's Degree in Mechanical Engineering;

and

(*a*) Three years' of workshop, and/or teaching experience in a Degree Engineering College;

or

(*b*) Five years' of workshops and/or teaching experience in a Diploma Engineering Institute.

or

2. A Bachelor's Degree in Mechanical Engineering in Pass Class with at least five years of teaching experience in a Degree Engineering College and/or Workshops.

Lecturer in Telecommunication Engineering :

1. At least Second Class B.Sc. Degree with Physics as a Principal subject plus a Master's degree in Physics with Radio-Physics and Electronics as a special subject;

and

(*a*) Three years' experience of electronics and Radio Engineering in Industry or Industrial Research or Broadcasting or Radio Communication or in two or more of these;

or

(*b*) Three years' teaching experience in a Degree Engineering College;

or

(*c*) Five years' teaching experience in a Diploma Engineering Institute;

or

(*d*) A combined teaching experience in a Degree Engineering College or Diploma Engineering Institute and Professional experience for a total of five years.

or

2. At least a Bachelor's Degree in Second Class in Telecommunication Engineering;

and

(*a*) Three years' experience of electronics and Radio Engineering in Industry or Industrial research or Broadcasting or Radio Communication or in two or more of these;

or

(*b*) Three years' teaching experience in a Degree Engineering College;

or

(*c*) Five years' teaching experience in a Diploma Engineering Institute;

or

(*d*) A combined teaching experience in a Degree Engineering College or Diploma Engineering Institute and Professional experience for a total period of five years.

Professor :

1. At least a Second Class Bachelor's Degree;

and

(*a*) Five years' teaching experience in a Degree Engineering College;

or

(*b*) Seven years' teaching experience in a Diploma Engineering Institute;

or

(*c*) At least five years' experience in a position of Professional resposibility and / or experience in Design office or in Research.

2. A Master's Degree (by papers) in the subject concerned;

and

(*a*) Five years' teaching experience in a Degree Engineering College;

or

(*b*) Seven years' teaching experience in a Diploma Engineering Institute;

or

(*c*) At least five years' experience in a position of Professional responsibility and/or experience in Design office or in Research.

or

3. A Master's Degree (by papers) in First Class or First Class with Distinction;

and

(*a*) Three years' teaching experience as a Lecturer in a Degree Engineering College;

or

(*b*) Five years' teaching experience as a Lecturer in a Diploma Engineering Institute;

or

(*c*) Three years' Professional experience in a position of responsibility or Research.

or

4. Corresponding qualifications approved by Syndicate.

(*Note. 2 :* In case a candidate has done recognised Post-graduate research or has obtained a Post-graduate Degree in Engineering, the minimum period necessary to obtain the particular Post-graduate Degree or the actual period spent in Research should be counted towards the teaching and/or Professional experience in the requirements detailed above.)

(*Note. 3 :* For subjects like Mathematics, English, Geology, Physics, Chemistry and Economics, the qualification shall be the same as those which are laid down by the Syndicate for the Arts and Science Teachers.)

પરિશિષ્ટ "ધ"
ઠરાવઠાળ ક્રમાંક ૧૭૭

O. 65-F (f) (4) :

Notwithstanding anything contained above, a person holding the academic qualifications mentioned under (1) (2) or (3) above, and holding the research experience (including extension work shall be considered eligible for recognition as a post-graduate teacher in the Faculty of Agriculture on the basis of the following formula :

3 years' research experience (excluding extension work)	= 1 year's teaching experience.
5 years' research experience (excluding extension work)	= 2 years' ,, ,,
10 years' research experience (excluding extension work)	= 5 years' ,, ,,

O. 65-M (V) (v) :

Notwithstanding anything contained above, a teacher with the necessary qualifications required under 1 (a), (b), (c) or (d) above and holding the research experience (excluding extension work) shall be recognised as an Assistant to a Post-graduate teacher under the Faculty of Agriculture on the basis of the following formula :

3 years' research experience (excluding extension work)	= 1 year's teaching experience
5 years' research experience (excluding extension work)	= 2 years' ,, ,,
10 years' research experience (excluding extension work)	= 5 years' ,, ,,

પરિશિષ્ટ "વ"
કાર્યક્રમ ક્રમાંક ૧૩૦

Minimum qualifications of Tutors, Lecturers and Professors in colleges of Education

I. Tutor :

1. (*a*) (*i*) B.A./B.Sc./B.Com. with second class and B.Ed. with second class.

or

(*ii*) M.Ed; and

(*b*) two years' post-B.Ed. teaching experience in a high School or a primary teachers' college.

2. B.Ed. with First Class in both parts I and II separately.

II. Lecturer :

1. (*a*) M.Ed; and

(*b*) two years' teaching experience as a tutor in a secondary teachers' College.

2. (*a*) M.A./M.Sc./M.Com. and B.Ed. with Second Class; and

(*b*) five years' post B.Ed. teaching experience in a high School or a primary teachers' college.

3. (*a*) (*i*) B.A./B.Sc./B.Com. with Second Class and B.Ed. with Second Class and M.Ed.

or

(*ii*) B.Ed. with First Class and M.Ed.

or

(*iii*) M.Ed. with Second Class.

or

(*iv*) Ph.D. in Education; and

(*b*) five years' post-B.Ed. experience in a high school or a primary teachers' college.

III. Professor :

(*a*) (*i*) B.A./B.Sc./B.Com. with Second Class and B.Ed. with Second Class and M.Ed.

or

(*ii*) M.A./M.Sc./M.Com. and B.Ed. with Second Class and M.Ed.

or

(*iii*) B.Ed. with Second Class and M.Ed. with Second Class.

or

(*iv*) Ph.D. in Education; and

(*b*) two years' teaching experience in a Secondary Teachers' College or administrative experience as Head of a High School or Primary Teachers' College.

(a) Recognition for Master's Degree

(1) By Papers

O. 65-F.

(*a*) (*i*) to (*vii*)—No change.

(*b*) Notwithstanding anything contained in (*a*) above, a teacher may also be recognised for the M.Ed. Degree, provided he is a Professor of Education and has at least five years' teaching experience in a Secondary Teachers' College.

(*Note.*—To be deleted.)

(e) Recognition of Assistants to Post-graduate Teachers

O. 65 (1) (a) to (d) & Note 1 : No change.

O. 65-M (d) Note 2 :

A person holding the academic qualifications mentioned above or a Professor of Education shall be held eligible as an assistant to a post-graduate teacher for the M.Ed. Degree, provided he has seven years' teaching experience of which not less than two years shall be in a Secondary Teachers' College.

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 723-350-11-64

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૪ના ઓક્ટોબર માસની સભા, ગુરુવાર, તા. ૮-૧૦-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને શુક્રવાર, તા. ૯-૧૦-૧૯૬૪ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૮-૧૦-૧૯૬૪	તા. ૯-૧૦-૧૯૬૪
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. ર્ચનલાલ ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર	હાજર
૩. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	ગેરહાજર
૪. આચાર્ય જે. બી. સાવિડલ	હાજર	હાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬. આચાર્ય વી. આર. રણદીવે	હાજર	હાજર
૭. ડૉ. ટી. બી. પટેલ	હાજર	હાજર
૮. આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૯. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૦. આચાર્ય એ. એમ. મલાવવાલા	ગેરહાજર	ગેરહાજર
૧૧. પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૨. પ્રો. ઉમાશંકર જોશી	હાજર	હાજર
૧૩. ડૉ. પી. એચ. પ્રભુ	હાજર	ગેરહાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૫. શ્રી. ચિમનભાઈ પી. પટેલ	હાજર	હાજર

	તા. ૮-૧૦-૧૯૬૪	તા. ૯-૧૦-૧૯૬૪
૧૬. આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝા	હાજર	ગેરહાજર
૧૭. શ્રી. ડોલરરાય ર. માંકડ	ગેરહાજર	ગેરહાજર
૧૮. શ્રી. સી. એલ. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૧૯. ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૨૦. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૧. આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૨. આચાર્ય આઈ વી. ત્રિવેદી	હાજર	હાજર
૨૩. શ્રી. ચંદ્રવદન ચૂનીલાલ શાહ	હાજર	ગેરહાજર
૨૪. આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર	હાજર
૨૫. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૬. આચાર્ય ડૉ. આર. જી. ભટ્ટ	હાજર	હાજર
૨૭. આચાર્ય ડૉ. ડી. પી. ઠાકર	હાજર	હાજર
૨૮. શ્રી. મનહરલાલ ટી. શુકલ	હાજર	હાજર
૨૯. આચાર્ય એ. વી. દોશી	ગેરહાજર	ગેરહાજર
૩૦. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૩૧. આચાર્ય ડૉ. આર. ડી. દેસાઈ	હાજર	હાજર
૩૨. આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર
૩૩. આચાર્ય કે. વી. દેસાઈ	હાજર	હાજર
૩૪. આચાર્ય ડૉ. સી. સી. શાહ	હાજર	હાજર
૩૫. શ્રી. જી. બી. ઓઝા	હાજર	ગેરહાજર
૩૬. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર	ગેરહાજર
૩૭. શ્રી. આઈ. એ. મહેતા	હાજર	હાજર
૩૮. ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૩૯. આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	હાજર
૪૦. આચાર્ય એચ. એસ. સંઘવી	હાજર	હાજર
૪૧. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	ગેરહાજર
૪૨. ડૉ. નરેન્દ્ર એચ. દેસાઈ	હાજર	ગેરહાજર
૪૩. આચાર્ય એસ. વી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪૪. આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૪૫. શ્રી. ગુલાબ રતનજી દેસાઈ	હાજર	હાજર
૪૬. ડૉ. પી. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૪૭. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર	હાજર
૪૮. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર	ગેરહાજર
૪૯. આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૫૦. ડૉ. ટી. એસ. સુબ્રમનિયમ	ગેરહાજર	ગેરહાજર

	તા. ૮-૧૦-૧૯૬૪	તા. ૯-૧૦-૧૯૬૪
૫૧. શ્રી. રસિકલાલ સી. પરીખ	હાજર	ગેરહાજર
૫૨. આચાર્ય રો. કે. જી. નાયક	હાજર	હાજર
૫૩. રો જે. ડી. પાઠક	હાજર	હાજર
૫૪. આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર	હાજર
૫૫. આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૫૬. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૫૭. આચાર્ય એમ. કે. દેસાઈ	હાજર	હાજર.

૧. તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ના રોજ મળેલ સને ૧૯૬૪ની દ્વિતીય સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની બીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સેકન્ડ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમ અંગે રો. ય. ગુ. નાયકના તથા વિજ્ઞાનની કૉલેજોના બીજા કેટલાક આચાર્યો તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

(1) The Academic Council resolves that the recommendations of the Faculty of Science to have only two Science subjects instead of three at S.Y.B.Sc. be accepted and be made effective from the examination of April, 1965.

(2) This year as a special case the papers to be taught for the Principal subjects may also be kept two instead of three in future. The students offering Principal subjects will have to offer the third additional paper as prescribed by the Faculty at its next meeting, in the final year.

(3) The students be allowed to drop one subject of their choice from this year, i.e., 1964-65.

(4) A student will be allowed to keep terms for Third Year B Sc. if he passes at least in one Science subject and one of the two compulsory subjects, viz., English and General Education.

(5) The course content of each subject in S.Y.B.Sc. should not be curtailed.

(6) The Faculty be requested to formulate the new scheme and courses of study of S.Y.B.Sc. and T.Y.B.Sc. (Special and General courses) immediately. The course of third paper for Principal subjects be also formulated.

(૧) વિજ્ઞાન વિદ્યાશાખાની જુદી જુદી અભ્યાસસમિતિઓ પૈકી ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની એસ.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમ અંગેની ભલામણ હજુ આ સભાગૃહ સમક્ષ આવી નથી તે લક્ષમાં લઈને એકેડેમિક કાઉન્સિલે ઠરાવ્યું કે, તે બાબત અંગે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) આ ઠરાવને કારણે અભ્યાસક્રમમાં જે ફેરફાર થાય તે ફેરફાર મુજબ રેગ્યુલેશનોમાં જરૂરી સુધારો કરીને ચાલુ વર્ષથી જ તેનો અમલ કરવા માટે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(૩) રેગ્યુલેશન એસસી.-૧૧ નીચે મુજબ વંચાય તે રીતે અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

R. Sc.-11 :

A student who has passed at least in two subjects of which one at least must be a Science subject at the Second B.Sc. Examination should be allowed to keep terms for the Third Year B.Sc. Examination, but shall not be declared to have passed Second B.Sc. Examination unless he passes in the previous or the same examination season in the subject or subjects and the result for the Third Year B.Sc. Examination shall not be declared till he passes the Second Year B.Sc. Examination, provided that no student shall be permitted to take a subject as a Principal subject for Third Year B.Sc. Examination unless he has passed it at the Second Year B.Sc. Examination.

ઉપર નં. (૧) અને (૨)ના ઠરાવો જોતાં ડૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવો આખરમાં વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૩. આચાર્ય અં. ૨. દેસાઈના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

Resolution No. 1 :

"This meeting of the Academic Council records its sense of appreciation for the work done by Dr. P. C. Vaidya, University Professor of Mathematics, and Shri J. M. Mehta, Deputy Registrar, in regard to evaluation of the Internal Assessment for Pre-University examinations of March 1963, in various faculties.

And further resolves that in confirmity with the implied findings therein :

(*i*) ..... the system of Internal Evaluation and the Tutorials for Pre-University classes in various faculties should be discontinued from June 1965; and

(*ii*) . . . reaffirms the decision regarding Internal Evaluation and Tutorials in regard to each one of the three years of Degree Course in various faculties but resolves that the number of Tests be reduced to two only."

Resolution No. 2:

"This meeting of the Academic Council resolves that the present practice of making all the Moderators for various University examinations stay in Ahmedabad should be discontinued from March 1965 in view of the fact that it facilitates organisation of corruption in examination results."

સદરહુ બાબત પરત્વે ચર્ચાવિચારણા થયા પછી સભાગૃહની સંમતિથી આચાર્ય એ. આર. દેસાઈએ પોતાના ઉપરના બેઉ પ્રસ્તાવો પાછા ખેંચી લીધા.

૪. સિન્ડિકેટના તા. ૧૧-૭-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર આંતરિક ગુણાંકન (૧૯૬૩) અંગેની તપાસસમિતિએ કૉલેજોના આચાર્યો અને શિક્ષકોના યોજેલ સેમિનારો અંગેનો હેવાલ, સિન્ડિકેટે તેની તા. ૫-૯-૧૯૬૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે સદરહુ સમિતિએ આંતરિક ગુણાંકનની બાબતમાં કરેલી ભલામણોમાં કેટલાક સુધારાવધારા કરવામાં આવ્યા, અને તે પ્રમાણે સુધારેલ ભલામણો સિન્ડિકેટની મંજૂરી માટે મોકલવાનું ઠરાવવામાં આવ્યું.

(સુધારેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૫. અવેસ્તા-પહલવીની ઑડહૉક સમિતિ પર શ્રી. પી. પી. પાવરીની જગ્યા ખાલી પડેલી હોઈ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑડહૉક સમિતિ પર શ્રી. પી. પી. પાવરીની જગ્યાએ શ્રી. ઈ. ડી. ડાણુ (આચાર્ય, પારસી ઑર્ફનેજ, નવસારી)ની નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. એફ. કાન્ગા, સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈને સદરહુ ઑડહૉક સમિતિ પર એક વધારાના સભ્ય તરીકે નીમવા.

૬. ખેતીવાડી વિદ્યાશાખામાં અનુસ્નાતક અને પૂર્વસ્નાતક શિક્ષકની લઘુતમ શૈક્ષણિક લાયકાતના ધોરણમાં ફેરફાર કરવા અંગે એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢના આચાર્યશ્રી તરફથી આવેલા તા. ૧૮-૬-૧૯૬૪ના પત્રાંક ૯૯૩૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એમ. કે. દેસાઈ, આચાર્ય, એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢના તા. ૧૮-૬-૧૯૬૪ના પત્રમાં જણાવેલાં સૂચનોને આધારે કૃષિવિદ્યાશાખામાં પૂર્વસ્નાતક અને અનુસ્નાતકોની માન્યતા માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણમાં જરૂરી સુધારો કરવો.

૭. ઑનરરી એન્ટિનેટલ મેડિકલ ઑફિસરની શૈક્ષણિક લાયકાત નક્કી કરવા બાબતમાં મેડિકલ ફેકલ્ટીની તા. ૧૯-૮-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ભલામણ કરવામાં આવે છે કે ઑનરરી એન્ટિનેટલ મેડિકલ ઑફિસરની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રાખવી:

M.D. with Gynaecology preferably with two years Registrarship or Tutorship in the Branch (i.e., in Obstetrics and Gynaecology)."

આથી ઠરાવવામાં આવે છે કે, પૂર્વસ્નાતક કક્ષાના શિક્ષણ માટે એન્ટિનેટલ વિષયો(subjects)ના લેક્ચરર માટે લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ નીચે મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી:

M.D. with Gynaecology with two years Registrarship or Tutorship in the Branch (i.e., Obstetrics and Gynaecology).

૮. રિસર્ચ ટ્રેનિંગ ડિપ્લોમા કોર્સ ઇન મેથડોલોજીના અભ્યાસક્રમો જુદા જુદા વિષયો માટે સ્થાપવા અંગે આવેલા શ્રી. પી. જી. શાહના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સંશોધન તાલીમ રિસર્ચ ટ્રેનિંગ માટેનો ડિપ્લોમા કોર્સ કાઢવાની હાલ કોઈ જરૂર જણાતી નથી.

૯. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની ૩૯મી વાર્ષિક સભાના નીચેના ઠરાવ (૩૩-એ)માં જણાવેલ સિદ્ધાંત સ્વીકારવા તથા તે અંગે ઘટતું કરવા સિન્ડિકેટની તા. ૧૨-૬-૧૯૬૪ની સભામાં થયેલ ભલામણ પર વિચારણા કરવા બાબત:

33-A:

To consider whether any of the following are acceptable solutions, temporarily or permanently, of the problem of continuous increase in the demand for admission to colleges in certain towns or admission for certain courses:

(*a*) Raising generally the qualifications fixed for admission to all University courses or doing so only for certain courses.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇજનેરી અને તબીબી વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓને કૉલેજોમાં ગુણવત્તા પ્રમાણે પ્રવેશ આપવામાં આવે જ છે તે જોતાં આ બાબતમાં હાલ વિશેષ કરવાની કશી જરૂર જણાતી નથી.

૧૦. સમાજવિદ્યા ભવન, ભાષા-ભવન અને મનોવિજ્ઞાનવિદ્યા ભવનમાં માફીનું ધોરણ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના દસ ટકા જેટલું મંજૂર કરવા બાબત.

(નોંધ.—હાલ ત્રણે ભવનોમાં માફીનું ધોરણ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના પાંચ ટકા જેટલું છે. વિજ્ઞાનવિદ્યા ભવનમાં માફીનું ધોરણ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના દસ ટકા જેટલું સેનેટે તેની તા. ૨૦/૨૧-૧૨-૧૯૬૦ની સભામાં મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવન, ભાષા-ભવન અને મનોવિજ્ઞાન ભવનમાં — પ્રત્યેક ભવનમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના દસ ટકાનું બાકીનું ધોરણ રાખવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૧૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૩-૯-૧૯૬૩ની સભાના ઠરાવ અનુસાર એકેડેમિક કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિના નીચેના ઠરાવ પર વિચારણા કરી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની સ્થાયી સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં પદવી પરીક્ષાના છેલ્લા વર્ષમાં વિદ્યાર્થીને વર્ગ આપતી વખતે તેના છેલ્લા વર્ષની પરીક્ષામાં જે પ્રશ્નપત્રો હોય તે પ્રશ્નપત્રોમાં તેને મળેલા ગુણ ઉપરાંત તેને પહેલા અને બીજા વર્ષોની પરીક્ષામાં તેના મરજિયાત વિષયોમાં તેને મળેલા ગુણની ટકાવારી ઉમેરીને નક્કી કરવાનું રાખવું."

વિનયન વિદ્યાશાખાની તા. ૧૯-૮-૧૯૬૪ની સભાની ભલામણ

"આથી ભલામણ કરવામાં આવે છે કે, વિનયનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં બી.એ.ની પરીક્ષામાં વર્ગ આપતી વખતે નીચેની બાબતો લક્ષમાં લેવી:

(૧) પહેલા અને બીજા વર્ષની દરેક પરીક્ષામાં વિદ્યાર્થીએ મરજિયાત, એટલે કે મુખ્ય અને ગૌણ વિષયમાં જેટલા ટકા ગુણ મેળવ્યા હોય તેટલા ગુણ થર્ડ ઇયર બી.એ.માં મરજિયાત વિષયમાં તેણે મેળવેલા ગુણમાં ઉમેરીને વર્ગ એનાયત કરવાનું રાખવું.

આમ કરવાથી થર્ડ ઇયર બી.એ માં મરજિયાત વિષયમાં ૬૦૦ ગુણમાંથી મેળવેલા ગુણ ઉપરાંત પહેલા અને બીજા વર્ષના મરજિયાત વિષયના જેટલા ટકા માર્ક્સ મળ્યા હોય તેટલા ગુણ ઉમેરી કુલ ૬૦૦+૨૦૦=૮૦૦ ગુણમાંથી વિદ્યાર્થીએ ગુણ મેળવેલા કહેવાશે અને ૮૦૦ ગુણના હિસાબે વર્ગ એનાયત થાય.

(૨) પહેલી અને બીજી પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થયો હોય પરંતુ કેટલાક વિષયોમાં (મરજિયાત સહિત) મુક્તિ રાખેલી હોય અને જે તે પરીક્ષા એક કરતાં વધારે પ્રયત્ને પાસ કરેલી હોય તો ટકાવારી ગણવા માટે, જે તે વિષયમાં પાસ થવા માટે, ગુણ મેળવ્યા હોય તે ગુણ ગણતરીમાં લેવા."

વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૪ની સભાની ભલામણ

"વિજ્ઞાન વિદ્યાશાખામાં પદવી પરીક્ષાના છેલ્લા વર્ષમાં વિદ્યાર્થીને વર્ગ આપતી વખતે તેના છેલ્લા વર્ષની પરીક્ષામાં જે પ્રશ્નપત્રો હોય તે પ્રશ્નપત્રોમાં તેને મળેલા ગુણ ઉપરાંત તેને પહેલા અને બીજા વર્ષોની પરીક્ષામાં તેના મરજિયાત વિષયોમાં તેને મળેલા ગુણની ટકાવારી ઉમેરીને નક્કી કરવાનું ધોરણ અપનાવેલું હોઈ આ અંગે હવે કાંઈ કરવાનું રહેતું નથી અને ભલામણ કરવામાં આવે છે કે, આવું જ ધોરણ વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખામાં પણ અપનાવવું."

વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૫-૪-૧૯૬૪ની સભાની ભલામણ

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, વાણિજ્ય વિદ્યાશાખામાં પદવી પરીક્ષાના છેલ્લા વર્ષમાં વિદ્યાર્થીને વર્ગ આપતી વખતે તેના છેલ્લા વર્ષની પરીક્ષામાં જે પ્રશ્નપત્રો હોય તે પ્રશ્નપત્રોમાં તેને મળેલા ગુણ ઉપરાંત તેને પહેલા અને બીજા વર્ષોની પરીક્ષામાં અંગ્રેજી અને જનરલ એજ્યુકેશન વિષયો તથા ત્રીજા વર્ષના અંગ્રેજી વિષય સિવાયના બાકીના વિષયોમાં મેળવેલા ગુણની ટકાવારી ઉમેરીને નક્કી કરવાનું રાખવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, જે વિદ્યાર્થી કોઈ પણ એક અથવા વધારે પરીક્ષામાં નાપાસ થયો હોય પરંતુ કેટલાક વિષયોમાં એકઝમ્પશન મેળવી જે તે પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓ બાબતમાં તેમણે જે તે વિષયમાં મેળવેલા ગુણને આધારે વર્ગ આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમ પ્રમાણે જે પદવી પરીક્ષા લેવામાં આવે તેમાં વર્ગ આપવા માટે નીચે મુજબ ધોરણ અપનાવવું અને તે પ્રમાણે રેગ્યુલેશનો ઘડીને રજૂ કરવા :

(૧) પહેલા અને બીજા વર્ષની દરેક પરીક્ષામાં વિદ્યાર્થીએ મરજિયાત, એટલે કે મુખ્ય અને ગૌણ વિષયમાં જેટલા ટકા ગુણ મેળવ્યા હોય તેટલા ગુણ છેલ્લા વર્ષની પરીક્ષામાં મરજિયાત વિષયમાં તેણે મેળવેલા ગુણમાં ઉમેરીને વર્ગ એનાયત કરવાનું રાખવું.

દા.ત., આમ કરવાથી છેલ્લા વર્ષની બી.એ.ની પરીક્ષામાં મરજિયાત વિષયમાં ૬૦૦ ગુણમાંથી મેળવેલા ગુણ ઉપરાંત પહેલા અને બીજા વર્ષના મરજિયાત વિષયના જેટલા ટકા ગુણ મળ્યા હોય તેટલા ગુણ ઉમેરીને કુલ ૬૦૦ + ૨૦૦ = ૮૦૦ ગુણમાંથી વિદ્યાર્થીએ ગુણ મેળવેલા કહેવાશે અને ૮૦૦ ગુણના હિસાબે વર્ગ એનાયત થાય.

(૨) પહેલી અને બીજી પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થયો હોય પરંતુ કેટલાક વિષયમાં (મરજિયાત સહિત) મુક્તિ રાખેલી હોય અને જે તે પરીક્ષા એક કરતાં વધારે પ્રયત્ને પાસ કરેલી હોય તો ટકાવારી ગણવા માટે, જે તે વિષયમાં પાસ થવા માટે, ગુણ મેળવ્યા હોય તે ગુણ ગણતરીમાં લેવા.

૧૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૩-૯-૧૯૬૩ની સભાના ઠરાવ અનુસાર એકેડેમિક કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિના નીચેના ઠરાવ પર વિચારણા કરી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની સ્થાયી સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખામાં ક્લાસ આપવાના નિયમની જેમ, વાણિજ્ય વિદ્યાશાખામાં ફર્સ્ટ બી.કોમ.ની પરીક્ષામાં પહેલા વર્ગ માટે કુલ ગુણના ૬૦ ટકા ઉપરાંત વધારામાં યુનિવર્સિટીની પરીક્ષામાં (આંતરિક ગુણાંકન બાદ કરતાં) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ આવશ્યક ગણવાનું રાખવું, તથા બીજા વર્ગ માટે કુલ ગુણના ઓછામાં ઓછા ૪૮ ટકા ઉપરાંત યુનિવર્સિટીની પરીક્ષામાં (આંતરિક ગુણાંકન બાદ કરતાં) ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ લાવવાનું આવશ્યક રાખવું."

વિનયન વિદ્યાશાખાની તા. ૧૯-૮-૧૯૬૪ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતમાં વિનયન વિદ્યાશાખાએ જે રેગ્યુલેશનો ઘડયા છે (રેગ્યુ. આર્ટ્સ-૩, રેગ્યુ. આર્ટ્સ-૮ અને રેગ્યુ. આર્ટ્સ-૧૩) તેમાં ફેરફાર કરવાની જરૂર નથી."

વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૪ની સભાનો ઠરાવ

"વિજ્ઞાન વિદ્યાશાખાએ ઉપર મુજબનું ધોરણ અપનાવેલ છે જ, તેથી તે અંગે કાંઈ કરવાનું રહેતું નથી."

વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૫-૪-૧૯૬૪ની સભાનો ઠરાવ

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, વાણિજ્ય વિદ્યાશાખાના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં પહેલી, બીજી અને ત્રીજી પરીક્ષામાં વર્ગ આપતી વખતે આંતરિક ગુણાંકન અને યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષામાં મેળવેલા ગુણનો સરવાળો કરી વર્ગ આપવો જોઈએ. ફર્સ્ટ ક્લાસ આપતી વખતે કુલ ગુણના ૬૦ ટકા મેળવ્યા ઉપરાંત યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષામાં આંતરિક ગુણાંકન બાદ કરતાં ૫૦ ટકા તથા સેકન્ડ ક્લાસ આપતી વખતે કુલ ગુણના ૪૮ ટકા મેળવ્યા ઉપરાંત યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષામાં (આંતરિક ગુણાંકન બાદ કરતાં) ૪૦ ટકા ગુણ મેળવવાનું આવશ્યક રાખવાના સૂચન સાથે આ વિદ્યાશાખા સહમત નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખામાં વર્ગ આપવાના નિયમ જેમ, વાણિજ્ય વિદ્યાશાખામાં ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં પહેલા વર્ગ માટે કુલ ગુણના ૬૦ ટકા ઉપરાંત વધારામાં યુનિવર્સિટીની પરીક્ષામાં (આંતરિક ગુણાંકન બાદ કરતાં) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ આવશ્યક ગણવાનું રાખવું, તથા બીજા વર્ગ માટે કુલ ગુણના ઓછામાં ઓછા ૪૮ ટકા ઉપરાંત યુનિવર્સિટીની પરીક્ષામાં (આંતરિક ગુણાંકન બાદ કરતાં) ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ લાવવાનું આવશ્યક રાખવું અને તે પ્રમાણે રેગ્યુલેશન ઘડીને રજૂ કરવો.

૧૩. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૧૨-૯-૧૯૬૪ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એસ.વાય. બી.એસસી. માઇક્રોબાયોલોજીનો સૂચિત ફેરફાર સાથેનો અભ્યાસક્રમ આપેલ પરિશિષ્ટ "ક" મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૨-૯-૧૯૬૪ની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સુધારેલો રે. સાયન્સ-૮(૬) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(મંજૂર કરવામાં આવેલ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૪. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમ અંગે યુનિવર્સિટીના આશ્રયે તા. ૧૦, ૧૧ અને ૧૨ ઑગસ્ટના રોજ યોજાયેલ સેમિનારની ભલામણો તથા વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૪ની

સભાની ભલામણ ઉપર વિચારણા કરી આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે—

(૧) સેમિનારમાં સૂચવેલ અભ્યાસક્રમ સભામાં થયેલા ફેરફાર સાથે સ્વીકારવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી અને તે અનુસાર રેગ્યુ. પ્રી-૧૪, રેગ્યુ. સાયન્સ-૨, રેગ્યુ. સાયન્સ-૮ અને રેગ્યુ. સાયન્સ-૧૫માં સુધારો કરવો.

(૨) રેગ્યુ. પ્રી-૧૩માં પ્રૅક્ટિકલ્સ માટે ત્રણ કલાકનો સમય રાખવામાં આવ્યો છે તે બદલીને ૨ કલાકનો (સમય) કરવો.

(૩) રેગ્યુ. સાયન્સ-૭માં કેમિસ્ટ્રી પ્રૅક્ટિકલ્સ માટે ચાર કલાકનો સમય રાખવામાં આવ્યો છે તે બદલીને સાત કલાકનો (સમય) કરવો.

(૪) રેગ્યુ. સાયન્સ-૧૨માં જનરલ કોર્સમાં કેમિસ્ટ્રી પ્રૅક્ટિકલ્સ માટે ચાર કલાકનો સમય રાખવામાં આવ્યો છે તે બદલીને સાત કલાકનો (સમય) કરવો.

(૫) રેગ્યુ. સાયન્સ-૧૪માં સ્પેશિયલ કોર્સમાં કેમિસ્ટ્રી પ્રૅક્ટિકલ્સ માટે ત્રણ પ્રૅક્ટિકલ્સ, દરેક ચાર કલાકના સમયના, રાખવામાં આવ્યા છે તે બદલીને "Six experiments of 21 hours in all" કરવું.

(૬) ઉપરના સુધારા માર્ચ-એપ્રિલ ૧૯૬૫ની પરીક્ષાથી અમલમાં ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર રેગ્યુ. પ્રી-૧૪, રેગ્યુ. સાયન્સ-૨, રેગ્યુ. સાયન્સ-૮ અને રેગ્યુ. સાયન્સ-૧૫ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૨) મંજૂર કરવી નહિ, અને ભલામણ નં. (૩), (૪), (૫) અને (૬) મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૫. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ફરાવવામાં આવે છે કે, સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ દ્વારા શરૂ થતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડા નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણકરવી:

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૮) રાજ્યબંધારણ અને ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૧૦) કોમર્સના એક વ્યાખ્યાતા

(૧૧) એક વ્યાયામ શિક્ષક.

[નોંધ.—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજને જે મકાનમાં બેસાડવામાં આવે તે મકાનમાં નીચે પ્રમાણેની સગવડ કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) પુસ્તકાલય માટેનો ખંડ
(૭) વર્ગો માટેના જરૂરી ખંડો.

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજ માટે પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા મંડળી તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે.

૫. વિનયનની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે અને સામયિકો માટે રૂા. ૫,૦૦૦ તથા વાણિજ્યની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે અને સામયિકો માટે રૂા. ૫,૦૦૦નો એમ કુલ રૂા. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે.

૭. આચાર્ય અને ગૃહપતિને કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણની સગવડ આપવામાં આવે.

૮. રમતગમતનું યોગ્ય મેદાન તૈયાર કરવામાં આવે.

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. કૉલેજ અને હાઈસ્કૂલના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે.

૨૧. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ તરફથી દાહોદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજને જૂન ૧૯૬૪થી પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે આપેલ જોડાણ-અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ દ્વારા શરૂ થનાર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ બી.કોમ.

સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૮) રાજ્યબંધારણ અને ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૦) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૧૧) એક વ્યાયામ શિક્ષક.

[નોંધ.—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો.

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી સંસ્થા તરફથી આપવામાં આવે,

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે,

૫. વિનયન વિભાગ માટે રૂા. ૫,૦૦૦ અને વાણિજ્ય વિભાગ માટે રૂા. ૫,૦૦૦ મળીને રૂા. ૧૦,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે,

૬. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૭. આચાર્યને હોદ્દાની રૂએ સંચાલકમંડળમાં સભ્ય બનાવવામાં આવે,

૮. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે,

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. કૉલેજ અને હાઈસ્કૂલના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે.

૨૨. કપડવણજ કેળવણી મંડળ, કપડવણજ તરફથી કપડવણજ ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, કપડવણજ કેળવણી મંડળ, કપડવણજ તરફથી કપડવણજ ખાતે શરૂ થનાર કૉમર્સ કૉલેજ નીચેની શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૭) હિન્દીના એક વ્યાખ્યાતા
(૮) એક વ્યાયામ શિક્ષક

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો.

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજ માટે પોતાનું મકાન બાંધવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે,

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે,

૫. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજની નજીકમાં ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે,

૬. આચાર્યને હોદ્દાની રૂએ સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે,

૭. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૮. રમતગમતના મેદાન માટે પ્રબંધ કરવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૨૩. નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર ટિચર્સ કૉલેજને જૂન ૧૯૬૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ થનાર ટિચર્સ કૉલજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) એક પ્રાધ્યાપક

(૩) ત્રણ વ્યાખ્યાતા

(૪) એક ટ્યૂટર.

(નોંધ.—જો ઉપર પ્રમાણેનો અધ્યાપક વર્ગ 'મેથડ્ઝ'ના બધા વિષયો શીખવી શકે તેમ ન હોય તો વધારાના ખંડ સમયના વ્યાખ્યાતાઓ નીમી યુનિવર્સિટીને જાણ કરવી.)

૨. તા. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજ માટે સ્વતંત્ર મકાન તૈયાર કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે,

૩. કૉલેજ માટે નીચેની સગવડો સાથેનું અલાયદું મકાન તૈયાર કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ

(૨) શિક્ષકો માટેનો ખંડ

(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ

(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ

(૫) કાર્યાલય માટેનો ખંડ

(૬) ગ્રંથાલય માટેનો ખંડ (૮૦૦ ચો. ફૂટ)

(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ (૮૦૦ ચો. ફૂટ)

(૮) એક વ્યાખ્યાન ખંડ (૮૦૦ ચો. ફૂટ)

(૯) જૂથ-કાર્ય માટે ૩ ખંડો (દરેક ૪૦૦ ચો. ફૂટના).

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે,

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૬. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી વગેરે પાછળ રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૭. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે,

૮. આચાર્યને હોદ્દાની રૂએ સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની કૉલેજના સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં, સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજમાં ૬૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.

૨૪. ભાવનગર એજ્યુકેશન સોસાયટી, ભાવનગર તરફથી ભાવનગર ખાતે શરૂ કરાનાર ટીચર્સ કૉલેજને જૂન ૧૯૬૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ભાવનગર એજ્યુકેશન સોસાયટી ભાવનગર તરફથી ભાવનગર ખાતે શરૂ થનાર ટીચર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એજ્યુકેશનના એક પ્રાધ્યાપક
(૩) એજ્યુકેશનના ત્રણ વ્યાખ્યાતા
(૪) એક ટ્યૂટર.

(**નોંધ.**—જો ઉપર પ્રમાણેનો અધ્યાપકવર્ગ 'મેથડ્સ'ના બધા વિષયો શીખવી શકે તેમ ન હોય તો વધારાના ખંડ સમયના વ્યાખ્યાતાઓ નીમી યુનિવર્સિટીને જાણ કરવી.)

૨. નીચે પ્રમાણેની સગવડ ધરાવતું મકાન કૉલેજ માટે તૈયાર કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) શિક્ષકો માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) કાર્યાલય માટેનો ખંડ

(૬) ગ્રંથાલય માટેનો ખંડ (૮૦૦ ચો. ફૂટ)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ (૮૦૦ ચો. ફૂટ)
(૮) એક વ્યાખ્યાન ખંડ (૮૦૦ ચો. ફૂટ)
(૯) જૂથ-કાર્ય માટે ૪ ખંડો દરેક (૪૦૦ ચો. ફૂટના).

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજ માટે સ્વતંત્ર મકાન તૈયાર કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે.

૫. ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૬. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી વગેરે પાછળ રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૭. આચાર્ય અને ગૃપહતિને કૉલેજની નજીક ભાડા-મુક્ત મકાન આપવામાં આવે.

૮. આચાર્યને હોદ્દાની રૂએ સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં, સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજમાં ૬૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.

૨૫. ડિરેક્ટર ઑફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી સુરત મુકામે શરૂ કરાનાર મેડિકલ કૉલેજને જૂન ૧૯૬૪ની પ્રથમ એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય તરફથી સુરત ખાતે શરૂ થનાર મેડિકલ કૉલેજ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) ડીન
(૨) એનેટોમીના બે વ્યાખ્યાતા (એક જુનિયર, એક સીનિયર)
(૩) શરીરશાસ્ત્રના બે વ્યાખ્યાતા (,, ,,)

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) ડીન માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ

(૬) પુસ્તકાલય માટેનો ખંડ
(૭) પ્રકાશરહિત ખંડ
(૮) પ્રોજેક્શન ખંડ
(૯) તૈયારી ખંડ
(૧૦) ડોગ રૂમ
(૧૧) ફ્રોગ-પોન્ડ
(૧૨) જરૂરી વર્ગ-ખંડો.

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન દરેક સુવિધા સાથે તૈયાર કરવામાં આવે.

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે.

૫. ઍનેટોમીના વિષય માટે જરૂરી સાધનસામગ્રીવાળું સંગ્રહસ્થાન (Museum) તૈયાર કરવામાં આવે.

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૭. ડીન તથા ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે.

૮. કૉલેજ માટે મકાન તૈયાર ન થાય તો કૉલેજની સાધનસામગ્રી નાઝર આયુર્વેદ કૉલેજના મકાનમાં ગોઠવવામાં આવે.

૯. રમતગમત માટેના મેદાનનો પ્રબંધ કરવામાં આવે.

વધુમાં, સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજને ૬૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી નહિ.

આ તબક્કે ઉપકુલપતિ તરીકે અન્ય કામે બહાર જવાનું થવાથી સભાગૃહની સંમતિથી પ્રમુખસ્થાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ સંજે સભા મુલતવી રહી ત્યાં સુધી સંભાળ્યું. આ દરમિયાન કામકાજ ક્રમાંક ૨૬થી ૪૨ તથા ૮૫ અને ૮૬ની વિચારણા થઈ હતી :

૨૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્ર તથા ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે અરજો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્ર તથા ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી નિમણૂકો અમલી

(૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા; અને
(૨) ભૂગોળના એક વ્યાખ્યાતા.

જૂન ૧૯૬૫થી નિમણૂકો અમલી

(૧) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક; અને
(૨) ભૂગોળના એક પ્રાધ્યાપક.

૨. સમાજશાસ્ત્ર તથા ભૂગોળ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. પ્રતિવર્ષ પુસ્તકો તથા સામયિકો પાછળ રૂ. ૩,૦૦૦નું આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨૭. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી પત્રકારિત્વના ડિપ્લોમાના બન્ને વર્ષો માટે તથા નાટ્યના ડિપ્લોમાના ત્રણે વર્ષ માટેના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પત્રકારિત્વના ડિપ્લોમાની પરીક્ષાના તથા નાટ્યના ડિપ્લોમાની પરીક્ષાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૨૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના હાલના વ્યાખ્યાતાને જૂન ૧૯૬૪થી બીજા કોઈ વિષયનું અધ્યાપન કાર્ય સોંપવું નહિ; અને
(૨) જૂન ૧૯૬૫થી સમાજશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે.

૨. સમાજશાસ્ત્રનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. નાટ્યવિદ્યાના અધ્યાપન માટે અલાયદા 'વર્કશોપ'ની જોગવાઈ કરવામાં આવે; અને

૫. પ્રકાશ સેટિંગ્ઝ વગેરેનું શાસ્ત્રીય જ્ઞાન આપવા ઓછામાં ઓછાં રૂ. ૫,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે.

૨૮. નેશનલ કૉલેજ, કુબેરનગર, અમદાવાદ તરફથી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ (પ્રિન્સિપલ) અર્થશાસ્ત્ર, હિંદી, સિંધી, અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત, પર્શિયન, ગુજરાતી અને ઇતિહાસ તથા બી.એ. (સબ્સિડિયેટ)માં માનસશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, નેશનલ કૉલેજ, કુબેરનગર જૂના જોડાણની તમામ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તે શરતે તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૬૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ તબક્કે આ કૉલેજને વધારાનું જોડાણ આપવું નહિ એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૨૯. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાન, હિંદી, સિંધી, ગુજરાતી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં અંગ્રેજી, સંસ્કૃત તથા માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ આપવા બાબત આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર, નીચેની શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાન, હિન્દી, સિંધી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, અંગ્રેજી અને ગુજરાતી તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) સિંધીના પૂરા સમયના એક વ્યાખ્યાતા
(૨) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) હિન્દીના એક વ્યાખ્યાતા
(૪) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક.

૨. તત્ત્વજ્ઞાન, હિન્દી, સિંધી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૩. પ્રતિ વર્ષ પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૫. જૂના જોડાણની બાકી રહેલી શરતોનું પાલન કરવામાં આવે.

૩૦. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ તરફથી જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં માનસશાસ્ત્ર તથા હિંદીના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ગૃહવિજ્ઞાન, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબોર્ડિનેટ)માં માનસશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) સંસ્કૃતના બે વ્યાખ્યાતા
(૩) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૭) ગૃહવિજ્ઞાનના એક પૂરા સમયના વ્યાખ્યાતા તથા વિજ્ઞાનના વિષયો માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ અને એક ડેમોન્સ્ટ્રેટર
(૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) પૂરા સમયના એક વ્યાયામ શિક્ષક.

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૫) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૬) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૭) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક.

૨. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૩. દરેક પ્રિન્સિપલ વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને સબોર્ડિનેટ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ પુસ્તકો પાછળ કરવામાં આવે (કુલ રૂા. ૧૮,૦૦૦),

૪. ગ્રંથાલય માટે પ્રતિ વર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૫. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૬. હોદ્દાની રૂએ આચાર્યશ્રીને કૉલેજના સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે.

૩૧. કલોલ મ્યુ. આર્ટ્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં હિંદી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને અંગ્રેજીના વિષયો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને હિંદી તથા બી.એ. (સબોર્ડિનેટ)માં પર્શિયન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, કલોલ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, માનસશાસ્ત્ર તથા અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને હિન્દી તથા બી.એ. (સબોર્ડિનેટ)માં પર્શિયન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) હિન્દીના એક વ્યાખ્યાતા
(૩) પર્શિયનના એક વ્યાખ્યાતા
(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૬) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા.

જૂન ૧૯૬૫થી અમલી

હિન્દીના એક પ્રાધ્યાપક.

૨. કૉલેજના પોતાના નવા મકાનમાં નીચેની વ્યવસ્થા કરી નવા શૈક્ષણિક વર્ષથી કૉલેજને ત્યાં બેસાડવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) શિક્ષકો માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો.

૩. અંગ્રેજી અને હિન્દી એ દરેક વિષયનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો તથા પર્શિયન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રનાં પુસ્તકો તથા સામયિકો માટે દરેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૮,૦૦૦),

૪. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૩૨. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને જૂન ૧૯૬૪થી બી.એ. (સબ્બોર્ડિનેટ)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે આવેલ વધારાના જોડાણ માટેની અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉમેદરામ પંચાલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબ્બોર્ડિનેટ)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સમાજશાસ્ત્રનાં પુસ્તકો પરત્વે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

(૨) પુસ્તકો અને સમયિકો પરત્વે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

(૩) કૉલેજની વ્યવસ્થામાં જે કંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૩૩. ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલક તરફથી, ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

એક હિંદીના વ્યાખ્યાતા

જૂન ૧૯૬૫થી અમલી

એક હિંદીના પ્રાધ્યાપક.

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિ વર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૪. ભારતીય વિદ્યાભવન, મુંબઈ તરફથી ભવન કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત તથા બી.એ. (સબ્બોર્ડિનેટ)માં ગણિત અને આંકડાશાસ્ત્રના

અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ભવન કૉલેજ, ડાકોર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃતના અને બી.એ. (સબોર્ડિનેટ)માં ગણિત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(જૂન ૧૯૬૪થી અમલી)

(૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા; અને

(૨) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા.

(જૂન ૧૯૬૫થી અમલી)

સંસ્કૃતના એક પ્રાધ્યાપક

૨. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૫. બી. ડી. કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સબોર્ડિનેટ)માં અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબોર્ડિનેટ)માં અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસ એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૩૦૦૦); અને

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૬. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ એન્ડ એ.એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં ઇતિહાસ અને બી.એ. (સબોર્ડિનેટ)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તથા બી.એ. (સબોર્ડિનેટ)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૨થી ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં હિંદી, ભૂગોળ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ જોડાણ-અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ અને એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (રૂપે./પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એ. (જન./સમો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું તથા બી.એ. (જન./સમો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, ભૂગોળ, સમાજશાસ્ત્ર તથા બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૫થી અમલી

(૧) હિન્દીના એક પ્રાધ્યાપક,

(૨) ભૂગોળના એક પ્રાધ્યાપક; અને

(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. હિન્દી, ભૂગોળ અને સમાજશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. ભૂગોળની પ્રયોગશાળા માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

વધુમાં, આ કૉલેજને બી.એ. (જન./સમો.)માં હિન્દીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) જોડાણ જૂન ૧૯૬૨થી આપવાનું રહે છે તે તરફ સિન્ડિકેટનું ધ્યાન ખેંચવામાં આવે છે.

૩૭. સંત ઝેવિયર કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (રૂપે./પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ મેળવવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સંત ઝેવિયર કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (રૂપે./પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૩થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. જૂન ૧૯૬૫થી પ્રાયોગિક માનસશાસ્ત્ર માટે જરૂરી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે,

૨. જૂન ૧૯૬૫ સુધીમાં ૩૪'×૩૨', ૩૧'×૨૦' તથા ૨૪'×૨૦'ના ક્ષેત્રફળવાળા ઓરડાઓ પ્રાયોગિક માનસશાસ્ત્રની પ્રયોગશાળા માટે તૈયાર કરવામાં આવે,

૩. માનસશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

વધુમાં, આ કૉલેજને બી.એ. (રૂપે./પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનું પશ્ચાદ્‌ગામી (Retrospective) જોડાણ જૂન ૧૯૬૩થી આપવાનું રહે છે તે તરફ સિન્ડિકેટનું ધ્યાન ખેંચવામાં આવે છે.

૩૮. સંગીત-નાટ્ય ભારતી, રાજકોટ સંચાલિત સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટને જૂન ૧૯૬૪થી સંગીતના તૃતીય વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ડિપ્લોમા-ઇન-મ્યુઝિકના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે શિક્ષકની નિમણૂક કરવામાં આવે:
જો વાદ્યસંગીત માટે વિદ્યાર્થીઓ ૧૯૬૪-૬૫ની સાલમાં નોંધાય તો તે માટે એક વધારાના વ્યાખ્યાતા નીમવામાં આવે.

૨. નીચે પ્રમાણેની સગવડોવાળું કૉલેજનું પોતાનું મકાન જૂન ૧૯૬૬ પહેલાં તૈયાર કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે:

(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) ગ્રંથાલય માટેનો ખંડ
(૪) અધ્યાપકગણનો ખંડ
(૫) પ્રૅક્ટિસ માટેનો ખંડ
(૬) રેકર્ડ અને લીસનિંગ માટેનો ખંડ
(૭) વિદ્યાર્થીઓનો ખંડ
(૮) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૯) જરૂરી વર્ગ-ખંડો.

૩. પુસ્તકો, ટેપ તથા રેકર્ડ માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૯. એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ અરજી અને તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૪-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે :

(અ) જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા; અને

(બ) જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના પ્રાધ્યાપક; અને
(૨) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. જરૂર પડે ત્યારે પ્રાયોગિક માનસશાસ્ત્રના વિષય માટે એક સુસજ્જ પ્રયોગશાળાની ગોઠવણ કરવામાં આવે.

૩. અંગ્રેજી અને માનસશાસ્ત્રનાં પુસ્તકો પાછળ વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૪,૦૦૦).

૪. પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪૦. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી ગુજરાત કૉલેજનું (૧) ગુજરાત આર્ટ્સ કૉલેજ તથા (૨) માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ—એમ વિભાગીકરણ કરવા, તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગૃહવિજ્ઞાન અને ભૂગોળ તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં આંકડાપદ્ધતિ અને બી.એસસી. (ઑનર્સ)માં ભૂસ્તરશાસ્ત્ર, ભૂગોળ, અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદનું નીચે પ્રમાણે બે કૉલેજોમાં વિભાગીકરણ કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગુજરાત આર્ટ્સ કૉલેજ, તથા
૨. માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો ગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિપલ)માં ગૃહવિજ્ઞાન અને ભૂગોળ તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં આંકડાપદ્ધતિ અને માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદને બી.એસસી. (ઑનર્સ)માં ભૂસ્તરશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા ભૂગોળના અભ્યાસક્રમો,

શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

આર્ટ્સ કૉલેજ માટે

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગૃહવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર અને વિજ્ઞાન વિષયો માટે જરૂરી સંખ્યામાં ખંડ સમયના શિક્ષકો
(૨) ભૂગોળના એક વ્યાખ્યાતા
(૩) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) સંસ્કૃત, ગણિત તથા અર્થશાસ્ત્ર — એ દરેકના એક એક ટ્યૂટર
(૭) ગણિતમાં એક પ્રોફેસર અને એક વ્યાખ્યાતા

જૂન ૧૯૬૫થી અમલી

(૮) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક; અને
(૯) ભૂગોળના એક પ્રાધ્યાપક.

વિજ્ઞાન કૉલેજ માટે

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ભૂસ્તરશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) હિન્દીના એક વ્યાખ્યાતા
(૪) અંગ્રેજીના બે વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૫) ગણિતના એક પ્રોફેસર તથા એક ટ્યૂટર
(૬) ભૂગોળના એક વ્યાખ્યાતા
(૭) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ દરેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર

જૂન ૧૯૬૫થી અમલી

(૮) ભૂસ્તરશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૯) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૧૦) ભૂગોળના એક પ્રાધ્યાપક.

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) ગૃહવિજ્ઞાન ... રૂા. ૨,૦૦૦
(૨) ભૂગોળ ... રૂા. ૨,૦૦૦
(૩) આંકડાશાસ્ત્ર ... રૂા. ૨,૦૦૦
(૪) ભૂસ્તરશાસ્ત્ર ... રૂા. ૨,૦૦૦.

૩. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૪. ભૂગોળ માટે રૂા. ૧૦,૦૦૦નાં સાધનો ખરીદવામાં આવે.

૫. આંકડાશાસ્ત્ર અને આંકડાપદ્ધતિ માટે પ્રત્યેક ૩ વિદ્યાર્થી માટે એક મશીન ખરીદવામાં આવે.

૬. ભૂસ્તરશાસ્ત્ર માટે રૂ. ૧૦,૦૦૦નાં સાધનો ખરીદવામાં આવે.

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક કૉલેજ માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૮. એક નવા આચાર્ય, એક નવા રેક્ટર નીમવામાં આવે તથા તેમને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને

૯. બન્ને કૉલેજો માટે જુદી ઑફિસોની વ્યવસ્થા કરવામાં આવે.

૪૧. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને જૂન ૧૯૬૪થી જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદથી સ્વતંત્ર કૉલેજ કરી તેને (૧) બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા (૨) બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી આર્ટ્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે, નીચેના શરતોનુ પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ અને બી.એ. (પ્રિન્સિપલ) માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

(૧) કૉલેજ માટે આચાર્ય તથા માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે.

(૨) રમતગમત માટે વધારાના મેદાનની સ્વતંત્ર જોગવાઈ કરવામાં આવે.

(૩) એક છાત્રાલયની જોગવાઈ અને તે માટે નિયુક્ત થયેલ ગૃહપતિને ભાડા-મુક્ત મકાન આપવા અંગેની વ્યવસ્થા કરવામાં આવે.

(૪) આચાર્યને હોદ્દાની રૂએ ગવર્નિંગ બૉડીના સભ્ય બનાવવામાં આવે.

(૫) આચાર્યને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે.

(૬) માનસશાસ્ત્રનાં પુસ્તકોની પાછળ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

(૭) પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

(૮) કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૪૨. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૪થી સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટથી અલગ કરી સ્વતંત્ર કૉલેજ તરીકે તેને બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી વિજ્ઞાન વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનટને ભલામણ કરવી :

૧. નીચે બતાવ્યા પ્રમાણે શિક્ષક વર્ગની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર
(૩) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા.

જૂન ૧૯૬૫થી અમલી

આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક.

૨. (૧) વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન—એ દરેક વિષયના પ્રયોગો માટે પ્રયોગશાળાની જરૂરી વ્યવસ્થા કરી તેને રૂા. ૬૦,૦૦૦નાં સાધનોથી સુસજ્જ કરવામાં આવે.

(૨) એક સંગ્રહસ્થાન માટેની વ્યવસ્થા કરવામાં આવે.

(૩) એક "હર્બેરિયમ રૂમ"ની વ્યવસ્થા કરવામાં આવે; અને

(૪) આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા માટે દર ત્રણ વિદ્યાર્થીએ એક કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે.

૩. વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર એ દરેક વિષયનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦ એમ કુલ રૂ. ૬,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પાછળ કરવામાં આવે.

૫. કૉલેજની હાલની વ્યવસ્થામાં જો વધારાના વર્ગો, પ્રયોગશાળાઓ અને તે માટે જરૂરી શિક્ષકોનો ઉમેરો કરવામાં ન આવે તો નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહિ.

૬. કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૭. સાયન્સ કૉલેજ માટે સ્વતંત્ર કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે.

આ સંબંધે બાબત ૮૫ અને ૮૬ની વિચારણા હાથ ધરવામાં આવી હતી :

૮૫. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર તરફથી જૂન, ૧૯૬૪થી દ્વિતીય તથા તૃતીય વર્ષ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

(૧) વી. ડી.ના આસિ. ફિઝિશિયન અને સીનિયર લેક્ચરરની નિમણૂક કરવામાં આવે; અને
(૨) તા. ૩૧મી ઑક્ટોબર ૧૯૬૪ સુધીમાં પથારીની સંખ્યા કુલે ૭૦૦ કરવામાં આવે.

૮૬. મ્યુનિસિપલ કમિશનર તરફથી મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ અને દ્વિતીય તથા તૃતીય એમ.બી.,બીએસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી નાથીબા હરગોવનદાસ લખમીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂક જૂન ૧૯૬૪થી કરવામાં આવે :
   (૧) સ્વતંત્ર ડીન,
   (૨) આસિ. પ્રોફેસર ઑફ ઍનેટોમી
   (૩) આસિ. પ્રોફેસર ઑફ બાયો-કેમિસ્ટ્રી
   (૪) ઈ.એન.ટી. માટે એક પ્રોફેસર કે ઍસોસિયેટ પ્રોફેસર અને એક લેક્ચરર
   (૫) પેડિયાટ્રિક્સ માટે એક પ્રોફેસર કે ઍસોસિયેટ પ્રોફેસર અને એક લેક્ચરર
   (૬) ઓપ્થલ્મોલોજીના એક વ્યાખ્યાતા
   (૭) ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી માટે એક પ્રોફેસર કે ઍસોસિયેટ પ્રોફેસર અને એક લેક્ચરર
   (૮) ડેન્ટિસ્ટ્રીના એક લેક્ચરર
   (૯) નોન-ક્લિનિકલ સ્ટાફ — પેથોલોજી, ફાર્માકોલોજી પ્રીવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન, અને ફોરેન્સિક મેડિસિન માટે નિયમ અનુસાર નિમણૂક કરવામાં આવે.
૨. કૉલેજનું પોતાનું મકાન સંપૂર્ણ સગવડવાળું તૈયાર થાય ત્યાં સુધી ચોસ્ટ-ગ્રેજ્યુએટ વિભાગમાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવે.

૩. ફાર્માકોલોજી, પેથોલોજી, પ્રીવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન, ફોરેન્સિક મેડિસિન વગેરે માટે યાદી પ્રમાણેનાં સાધનો વસાવવામાં આવે.

૪. ઓટો-રિહ્નો લેરિંગોલોજી, ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી, પેડિયાટ્રિક્સ અને ઓપ્થેલ્મોલોજી તથા ડેન્ટિસ્ટ્રીના વિષયો માટે જરૂરી પથારીઓ માટે વ્યવસ્થા કરવામાં આવે.

૫. દ્વિતીય અને તૃતીય વર્ષ એ પ્રત્યેકને માટે રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે (કુલ રૂ. ૧૦,૦૦૦).

૬. પ્રતિ વર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પરત્વે કરવામાં આવે; અને

૭. આચાર્યશ્રી અને રેક્ટરને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે.

૪૩. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી અલગ કરી સ્વતંત્ર કૉલેજ તરીકે તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ પ્રભુદાસ ઠક્કર કૉમર્સ, અમદાવાદમાંથી આર્ટ્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી તેને પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૫-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

૧૯૬૪ના જૂનથી અમલી

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા

૧૯૬૫ના જૂનથી અમલી

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. હાલના ખંડો ઉપરાંત નીચેના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,

(૨) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ; અને

(૩) વધારાના વર્ગો માટેના ખંડો.

૩. અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો તથા સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્ર — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા અગાઉના વર્ષના શરતના રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો પણ મગાવી લેવામાં આવે (કુલ રૂ. ૧૨,૦૦૦).

૪. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે.

૬. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે તથા ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને

૭. કૉલેજના સંચાલનમાં કોઈ ખોટ જાય તો તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૪૪. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ પ્રભુદાસ ઠક્કર કૉમર્સ કૉલેજ, અમદાવાદથી અલગ કરી સ્વતંત્ર કૉલેજ તરીકે તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ અને બી.કૉમ. તથા પ્રી-યુનિવર્સિટી સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી કૉમર્સ વિભાગ જુદો કરી તેની સાથે નવા થનાર સાયન્સ વિભાગને જોડી પ્રભુદાસ ઠક્કર સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ, બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને ફર્સ્ટ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) કૉમર્સના એક વ્યાખ્યાતા

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૬) હિન્દીના એક વ્યાખ્યાતા

(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૮) ગણિતના એક વ્યાખ્યાતા

(૯) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૨) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—દરેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ; અને

(૧૩) એક વ્યાયામ શિક્ષક.

[નોંધ—(૧) ઉપરના વિષયો સિવાયના વધારાના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવી શકે તે માટે અલગ શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. ૧૯૬૪ સુધીમાં નીચેની સગવડવાળું કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે:

(૧) આચાર્યનો ખંડ

(૨) કાર્યાલયનો ખંડ

(૩) શિક્ષકોનો ખંડ

(૪) ગ્રંથાલય માટેનો ખંડ

(૫) વિદ્યાર્થીઓનો ખંડ

(૬) વિદ્યાર્થિનીઓનો ખંડ

(૭) જરૂરી વ્યાખ્યાન ખંડો; અને

(૮) પ્રયોગશાળા માટેના ખંડો.

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૪. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા કૉમર્સ વિભાગ માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો માટે કરવામાં આવે.

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૬. આચાર્ય અને ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત મકાન આપવામાં આવે.

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળીના સભ્ય બનાવવામાં આવે; અને

૮. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં, સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજમાં દરેક વિદ્યાશાખાના કોઈ પણ વર્ગ માટે એકથી વધુ ડિવિઝન રાખવા દેવા નહિ.

૪૫. સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૬૪થી હાલની શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીથી શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજને અલગ કરી આર્ટ્સ કૉલેજને બી.એ. (સબૉર્ડિનેટ)માં માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી તા. ૧૫-૬-૧૯૬૪થી આર્ટ્સ વિભાગ અલગ કરી તેને શ્રી ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબૉર્ડિનેટ)માં માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસ અથવા રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) અત્યારે જે વ્યાયામ શિક્ષક છે તે વિનયન વિભાગ માટે ચાલુ રહે.

૨. કૉલેજના મકાન માટે નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ

(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ

(૬) પુસ્તકાલય માટેનો ખંડ

(૭) જરૂરી વર્ગ-ખંડો.

૩. માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૨,૦૦૦);

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. સંયુક્ત છાત્રાલયમાં ૧૦ બેઠકો વિનયન વિભાગ માટે અલાયદી રાખવામાં આવે;

૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૭. આર્ટ્સ કૉલેજ માટે અલાયદા કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૪૬. સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૬૪થી હાલની શ્રી. ઊમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબકુંવરબા જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીથી શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજને અલગ કરી કૉમર્સ કૉલેજને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલી અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ફરાવવામાં આવે છે કે, શ્રી. ઊમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી તા. ૧૫-૬-૧૯૬૪થી કૉમર્સ વિભાગ અલગ કરી શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના સ્ટાફ ઉપરાંત નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૬) ગણિતના એક વ્યાખ્યાતા
(૭) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૮) સ્ટેટિસ્ટિકસના એક પ્રાધ્યાપક (જૂન ૧૯૬૫થી)
(૯) એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક (જૂન ૧૯૬૫થી)
(૧૦) વ્યાયામ શિક્ષક.

૨. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. છાત્રાલયમાં કૉમર્સના વિદ્યાર્થીઓ માટે ૧૦ બેઠક અલગ રાખવામાં આવે,

૫. આચાર્યને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે,

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૭. કૉમર્સ કૉલેજ માટે સ્વતંત્ર કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૪૭. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૬૪થી (અ) બી.એ. (જન./સબો.)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સમાજશાસ્ત્ર અને અર્ધમાગધી માટે ચાલુ જોડાણ આપવા માટે તથા બી.એ. (પ્રિન્સિ.)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને માનસશાસ્ત્રમાં વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ, અને (બ) ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, રજની પારેખ આર્ટ્સ કૉલેજ અને કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને સમાજશાસ્ત્ર અને પ્રાકૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને મનોવિજ્ઞાન તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) હિન્દીના એક વ્યાખ્યાતા
(૨) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક પ્રાધ્યાપક તથા એક ટ્યૂટર
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના એક ટ્યૂટર

(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) સંસ્કૃતના એક વ્યાખ્યાતા.

૨. કૉલેજના હાલના મકાનને બદલે કૉલેજને અન્ય સ્થળે ખસેડવાની વ્યવસ્થા જૂન ૧૯૬૪થી કરવામાં આવે તથા ૧૫મી મે ૧૯૬૫ સુધીમાં કૉલેજનું પોતાનું નવું મકાન નીચેની સગવડ સાથે બાંધી તૈયાર કરવામાં આવે :

(નોંધ.—અત્યારના મકાનમાં કોઈ પણ વિદ્યાશાખાના વર્ગો ચલાવી શકાય નહિ.)

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) શિક્ષકો માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) ગ્રંથાલય માટેનો ખંડ
(૬) કાર્યાલય માટેનો ખંડ
(૭) વર્ગો માટેના જરૂરી ખંડો.

૩. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને માનસશાસ્ત્ર, એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા વાણિજ્યની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૯,૦૦૦),

૪. ૧૯૬૪-૬૫ના વર્ષ માટે વિનયન વિભાગ માટે પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૪૮. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પે.)માં સ્ટેટિસ્ટિક્સ તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષયોમાં જોડાણ આપવા અંગે આવેલ અરજી તથા તે પરની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશ્યલ)માં સ્ટેટિસ્ટિક્સ તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) માનસશાસ્ત્ર માટે એક વધારાના વ્યાખ્યાતા

(૨) સમાજશાસ્ત્ર માટેના ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે પૂરા સમયના એક વ્યાખ્યાતા

(૩) રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર— એ દરેક વિષય માટે એક એક વધારાના વ્યાખ્યાતા

(૪) જરૂર પ્રમાણે ટ્યૂટર, ડેમોન્સ્ટ્રેટર તથા લેબોરેટરી આસિસ્ટન્ટ.

૨. રસાયણવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, એ દરેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૭,૦૦૦),

૩. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. લેબોરેટરી સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
		કુલ રૂા. ૮૫,૦૦૦

૫. રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન પ્રાણીવિજ્ઞાનના વિષયો માટે સુસજ્જ ત્રણ પ્રયોગશાળાઓ તથા તૃતીય વર્ષ બી.એસસી. માટે ફિઝિકલ કેમિસ્ટ્રીના વિષય અંગેની એક પ્રયોગશાળાની જોગવાઈ અત્યારે અસ્તિત્વ ધરાવતી પ્રયોગશાળા ઉપરાંત કરવામાં આવે; અને

૬. આચાર્યશ્રીની નિમણૂક કાર્યકારી હોય તોપણ તેમને માટે ઘરભાડું કે ભાડામુક્ત મકાન આપવાની જોગવાઈ કરવી.

૪૯. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત; બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિત અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ-સ્પેશિયલ) અર્થશાસ્ત્ર, બી.એસસી. (ઑનર્સ પ્રિન્સિપલ) રસાયણશાસ્ત્ર, બી.એસસી. (જનરલ-સબ્સિડિયેટ) ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત; બી.એ. (સબ્સિડિયેટ)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિત અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૬-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરી :

૧. નીચે પ્રમાણે શિક્ષકવર્ગની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગણિતના એક વ્યાખ્યાતા
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવનાર વ્યાયામ શિક્ષક.

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૩) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગણિતના એક પ્રાધ્યાપક
(૫) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક પ્રાધ્યાપક
(૬) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. જો મકાનનો પહેલો માળ તૈયાર ન થઈ શકે તો ચાર કામચલાઉ ઓરડા બનાવવાની બાંયધરી આપે અને નીચે પ્રમાણેના ઓરડાનો પ્રબંધ કરવામાં આવે :

(૧) શિક્ષક વર્ગ માટેનો ઓરડો
(૨) વિદ્યાર્થિનીઓ માટેનો ઓરડો
(૩) વિદ્યાર્થીઓ માટેનો ઓરડો
} (જરૂરી સેનેટરી વ્યવસ્થા સાથે).

૮૨. શેઠ એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર તરફથી જૂન ૧૯૬૪થી દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર નીચેની શરતનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે.

૮૩. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૪થી દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એસ. ભગત અને સી. એસ. સેનાવાલા લૉ કૉલેજ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૬-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજ નીચેની સગવડો ધરાવતું પોતાનું મકાન તૈયાર કરે :

(૧) આચાર્યનો ખંડ
(૨) શિક્ષકોનો ખંડ
(૩) વિદ્યાર્થીઓનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૫) ગ્રંથાલય
(૬) જરૂરી વર્ગ-ખંડો; અને
(૭) કાર્યાલય માટેનો ખંડ.

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિ વર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે, તથા અગાઉની જોડાણની શરતોના બાકીના રૂા. ૧,૪૫૦ પુસ્તકો પાછળ ખર્ચવામાં આવે; અને

૩. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૮૪. સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી સુરત તરફથી જૂન ૧૯૬૪થી બી.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.ઈ. (સિવિલ, મિકેનિકલ એન્ડ ઇલેક્ટ્રિકલ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજનું પોતાનું મકાન મે ૧૯૬૬ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.

૨. મેટાલર્જી-લેબોરેટરીને બરાબર સાધન-સજ્જ કરવામાં આવે અને અન્ય જરૂરી સામગ્રી તાકીદે આયાત કરવાની વ્યવસ્થા કરવામાં આવે; અને

૩. જ્યાં સુધી જરૂરી સાધનો ન આવે ત્યાં સુધી જરૂરી પ્રાયોગિક કાર્ય કરવા વિદ્યાર્થીઓને માટે અન્યત્ર વ્યવસ્થા કરવામાં આવે.

બાબત ક્રમાંક ૮૫ અને ૮૬ની વિચારણા બાબત ક્રમાંક ૪૨ પછી કરવામાં આવી હતી એટલે તેની નોંધ બાબત ક્રમાંક ૪૨ પછી આપવામાં આવી છે.

૮૭. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪ની પ્રથમ વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ અને દ્વિતીય વર્ષ બી.ડી.એસ.નો

અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકવર્ગની નિમણૂક કરવામાં આવે :

પ્રથમ વર્ષ બી.ડી.એસ. માટે

(૧) પ્રોસ્થેટિક્સના પ્રાધ્યાપક
(૨) પ્રોસ્થેટિક્સના વ્યાખ્યાતા
(૩) ડેન્ટલ એનેટોમી અને ફિઝિયોલોજીના વ્યાખ્યાતા; અને
(૪) ફિઝિયોલોજીના અર્ધસામયિક વ્યાખ્યાતા.

દ્વિતીય વર્ષ બી.ડી.એસ. માટે

(૧) જનરલ એન્ડ ડેન્ટલ ફાર્માકોલોજી એન્ડ થેરાપ્યુટિક્સમાં એક વ્યાખ્યાતા અને એક જુનિયર વ્યાખ્યાતા
(૨) જનરલ પેથોલોજી એન્ડ બેક્ટેરિયોલોજીમાં એક વ્યાખ્યાતા અને એક જુનિયર વ્યાખ્યાતા
(૩) ડેન્ટલ પ્રોસ્થેટિક્સમાં બે જુનિયર વ્યાખ્યાતા
(૪) ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રીમાં એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા અને બે જુનિયર વ્યાખ્યાતા
(૫) પિરિયોડોન્શિયા એન્ડ પ્રીવેન્ટિવ ડેન્ટિસ્ટ્રીના એક વ્યાખ્યાતા અને એક ડેન્ટલ સર્જન
(૬) પિરિયોડોન્શિયાના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા
(૭) ઓર્થોડોન્શિયાના એક વ્યાખ્યાતા, એક જુનિયર વ્યાખ્યાતા અને એક ડેન્ટલ સર્જન; અને
(૮) ઓરલ સર્જરીના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા.

૨. દ્વિતીય વર્ષ બી.ડી.એસ.ના વર્ગ માટે વધુ ખંડની વ્યવસ્થા કરવામાં આવે.

૩. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૪. કૉલેજના અલાયદા મકાનની વ્યવસ્થા જૂન ૧૯૬૫ સુધીમાં કરવામાં આવે.

૫. જરૂરી પ્રાયોગિક સાધનસામગ્રી ખરીદવામાં આવે અને પ્રયોગશાળામાં ગોઠવવામાં આવે.

૬. ગ્રંથાલય માટે ગયા વર્ષની બાકીની રકમ રૂા. ૫,૦૦૦ ખર્ચવામાં આવે અને ચાલુ વર્ષ માટે રૂા. ૬૦,૦૦૦ ખર્ચવામાં આવે; અને

૭. ડીન તેમ જ સ્ટાફના સભ્યો માટે કૉલેજના પટાંગણમાં રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કૉલેજમાં નવા ૩૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવા દેવા નહિ, પરંતુ વધારાની સગવડો કરવામાં આવે તો નવા ૫૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે પરવાનગી આપવી.

૮૮. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ તરફથી જૂન ૧૯૬૪થી બી.એસસી. (એગ્રિકલ્ચર)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢને બી.એસસી. (એગ્રિ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૮૯. સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, કેમિકલ ટેકનોલોજી, કેમિકલ એન્જિનિયરિંગ, વનસ્પતિવિજ્ઞાન અને કૃષિના વિષયોમાં પીએચ.ડી.ની પદવીની માન્યતા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે નીચેની શરતે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

"તેમની સંસ્થામાં કામ કરતા શિક્ષકોએ રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે માન્યતા મેળવી લે."

વધુમાં એમ સૂચવવામાં આવ્યું કે, આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે પણ મોકલવી.

૯૦. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી પીએચ.ડી.માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા મેળવવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પીએચ.ડીમાં માનસશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. કુલ પાંચ માન્ય અનુસ્નાતક શિક્ષકો શિક્ષણકાર્ય માટે રાખવામાં આવે; અને
૨. યુનિવર્સિટી સાથેની માન્યતાના સંબંધમાં સંસ્થાના અધ્યક્ષ તરીકે કામ કરનાર વ્યક્તિ અંગે સ્પષ્ટ અને કાયમી વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં એમ સૂચવવામાં આવ્યું કે, આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે પણ મોકલવી.

આ પછી સભાગૃહની સંમતિથી બાબત ક્રમાંક ૧૪૫, ૧૪૬ અને ૧૪૭ની વિચારણા કરવામાં આવી.

૧૪૫. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી અમદાવાદ ખાતે શરૂ થનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજને પ્રી-યુનિ. આર્ટ્સ તથા પ્રી-યુનિ. સાયન્સના

અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી શરૂ થનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૪) હિંદીના એક વ્યાખ્યાતા
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૬) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૭) ઇતિહાસ-રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
   (૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૯) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
   (૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
   (૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
   (૧૨) ગણિતના એક વ્યાખ્યાતા
   (૧૩) એક વ્યાયામ શિક્ષક.

   [નોંધ.—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને તેની જાણ કરવી;

   (૨) આચાર્ય જે વિષય શીખવી શકે તે માટે જુદા વ્યાખ્યાતા નીમવાની જરૂર રહેશે નહિ.]

૨. કૉલેજ માટે વપરાનાર મકાનમાં નીચે પ્રમાણેની સગવડો માટે પ્રબંધ કરવામાં આવે:
   (૧) આચાર્યનો ખંડ
   (૨) શિક્ષકોનો ખંડ
   (૩) કાર્યાલયનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓનો ખંડ
   (૫) વિદ્યાર્થિનીઓનો ખંડ
   (૬) ગ્રંથાલય
   (૭) જરૂરી વર્ગ-ખંડો
   (૮) પ્રયોગશાળા માટેના ખંડો.

૩. જૂન ૧૯૬૭ સુધીમાં પોતાનું મકાન તૈયાર કરવામાં આવે,

૪. છાત્રાલય માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે,

૫. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦ અને વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦ — એમ કુલ રૂા. ૧૦,૦૦૦ ખર્ચવામાં આવે,

૬. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૭. આચાર્ય તથા ગૃહપતિને ભાડા-મુક્ત મકાન આપવામાં આવે,

૮. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે,

૯. મંડળને કાયદેસર રજિસ્ટર કરાવી આચાર્યને હોદ્દાની રૂએ કૉલેજની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૧૦. કૉલેજની વ્યવસ્થામાં જતી ખોટ પૂરી કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૧૪૬. શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ તરફથી જૂન ૧૯૬૪થી હાલની એન. કે. એમ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરી આર્ટ્સ વિભાગ જુદો કરી આર્ટ્સની કૉલેજને બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, તથા બી.એ. (સબ્સિડિયરી)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા હિંદીના અભ્યાસક્રમ અંગેનું ચાલુ જોડાણ મેળવવા તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, નૂતન કેળવણી મંડળ સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડમાંથી આર્ટ્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી તેની સાથે નવી શરૂ થનાર વાણિજ્ય વિભાગને જોડે નૂતન કેળવણી મંડળ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, અને બી.એ. (જનરલ/સબ્સિડિયરી)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે દર્શાવ્યા અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે:

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે

(૧) આચાર્ય

(૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૩) કૉમર્સના એક વ્યાખ્યાતા

(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા.

[**નોંધ.**—આર્ટ્સ વિદ્યાશાખાના હાલના બધા જ શિક્ષકો (વ્યાયામ શિક્ષક સહિત) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં શિક્ષણ કાર્ય કરે.]

૨. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ માટે હાલ તૈયાર થતા બાંધકામ ઉપરાંત નીચે પ્રમાણેનું વધારાનું બાંધકામ કરવું:

(૧) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય માટે ખંડ

(૨) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના શિક્ષકો માટે ખંડ

(૩) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના કાર્યાલય માટે ખંડ.

૩. કૉમર્સના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે,

૪. પાછળનાં વર્ષોની પુરવણી પેટે પુસ્તકાલયમાં બધાં મળીને રૂા. ૩૦,૦૦૦નાં પુસ્તકો ત્રણ વર્ષમાં ખરીદવામાં આવશે એવી બાંયધરી આપવામાં આવે તથા વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં યોગ્ય ફાળવણી કરવામાં આવે,

૫. વાણિજ્યની વિદ્યાશાખામાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૫,૦૦૦નું અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૬. આર્ટ્સ વિભાગના પુસ્તકાલય માટે પ્રતિ વર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૭. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્ય તથા ગૃહપતિ ભાડા-મુક્ત રહેઠાણ આપવામા આવે,

૮. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્યને મંડળની વ્યવસ્થાપક સમિતિમાં હોદ્દાની રૂએ સભ્ય બનાવવામાં આવે,

૯. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને

૧૦. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે અલાયદું કાર્યાલય કરવામાં આવે.

૧૪૭. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ થનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને ફર્સ્ટ ઇયર બી.એ. તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વિદ્યાભવન, ટ્રસ્ટ, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ થનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના વ્યાખ્યાતા
(૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૦) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૧) એક વ્યાયામના શિક્ષક.

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો.

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજે પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવી.

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે.

૫. વિનયન માટે રૂા. ૫,૦૦૦ તથા વાણિજ્ય માટે રૂા. ૫,૦૦૦નું પુસ્તકો માટે ખર્ચ કરવામાં આવે. (કુલ રૂા. ૧૦,૦૦૦).

૬. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૮. કૉલેજ માટે રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૧. માર્ચ–એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો માટે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ જે તે પરીક્ષાઓ માટે સૂચવેલ પ્રાશ્નિકો તથા પરીક્ષકોની યાદી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ–એપ્રિલ ૧૯૬૪માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ કરેલી ભલામણોની નોંધ લેવી તથા તે અંગે ઘટતું કરવા માટે સિન્ડિકેટને મોકલી આપવી.

(**નોંધ.**—પરીક્ષા–સમિતિઓની ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૬૨. નીચેની અનુસ્નાતક સંસ્થાઓને સિન્ડિકેટે માન્યતા આપવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

(અ) ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને ગુજરાતી વિષયમાં એમ.એ. તથા પીએચ.ડી. પદવી માટે માન્યતા આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટનો રિપોર્ટ :

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને એમ.એ. અને પીએચ.ડી.ની પદવીઓનો અભ્યાસક્રમ શીખવવા માટે ૧૫મી જૂન ૧૯૬૩થી ૧૪મી જૂન ૧૯૬૫ સુધી બે વર્ષ માટે માન્યતા આપવી."

(બ) શ્રી. શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકા સંચાલિત દ્વારકાધીશ સંસ્કૃત એકૅડેમી ઍન્ડ ઇન્સ્ટિટ્યૂટ ફૉર રિસર્ચ-ઇન-ઇન્ડોલોજી, દ્વારકાને સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. પદવી માટે માન્યતા આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટનો રિપોર્ટ :

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકૅડેમી ઍન્ડ ઇન્સ્ટિટ્યૂટ ફૉર રિસર્ચ-ઇન-ઇન્ડોલોજી, દ્વારકાને તા. ૧૫મી જૂન ૧૯૬૩થી તા. ૧૪મી જૂન ૧૯૬૫ સુધી બે વર્ષ માટે માન્યતા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના બેઉ રિપોર્ટની નોંધ લેવી.

૬૩. સમાજવિદ્યા ભવનમાંથી આંકડાશાસ્ત્રનો વિષય વિજ્ઞાનવિદ્યા ભવનમાં ફેરવવાથી સેનેટે તેના તા. ૨૮/૨૯-૬-૧૯૫૭ની સભામાં આ ભવન માટે મંજૂર કરેલી દશ મેરિટ શિષ્યવૃત્તિઓમાંથી બે શિષ્યવૃત્તિઓ વિજ્ઞાનવિદ્યા ભવનમાં ફેરવવા બાબત સિન્ડિકેટના તા. ૧૦-૮-૧૯૬૩ના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવન માટે સ્થાપવામાં આવેલી દશ શિષ્યવૃત્તિઓ પૈકીની બે શિષ્યવૃત્તિઓ ઓછી કરીને તે વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના વિષય માટે ફેરવી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટે તેની તા. ૨૮/૨૯-૬-૧૯૫૭ની સભામાં સમાજવિદ્યા ભવન માટે મંજૂર કરેલી દશ મેરિટ શિષ્યવૃત્તિઓમાંથી બે શિષ્યવૃત્તિઓ વિજ્ઞાનવિદ્યા ભવનમાં તેના આંકડાશાસ્ત્રના વિભાગ માટે ફેરવવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૪. મેડિકલ ફૅકલ્ટીની તા. ૩૦-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન ઍન્ડ ઓક્યુપેશન હાઇજીનનો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ, તબીબી વિદ્યાશાખા હેઠળ, દાખલ કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન ઍન્ડ ઓક્યુપેશનલ હાઇજીન (ડી.આઈ.એમ. ઍન્ડ ઓ.એચ.) માટે એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા સારુ સિન્ડિકેટ અને સેનેટને ભલામણ કરવી.

૬૫. એગ્રિકલ્ચરની અભ્યાસસમિતિની તા. ૨૮-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી એગ્રિકલ્ચરની પરીક્ષામાં હિંદી અને ગુજરાતીના એક પ્રશ્નપત્રના ૧૦૦ ગુણ રાખ્યા છે તથા અંગ્રેજીના બે પ્રશ્નપત્રોને બદલે એક પ્રશ્નપત્ર

રાખવાની ભલામણ છે અને તે માટે રેગ્યુ. ૧૩૧-એ અને ૧૩૧-સી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, કૃષિ વિદ્યાશાખાની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેગ્યુલેશન ૧૩૧-એ અને ૧૩૧-સી સુધારવા તથા તેને જૂન ૧૯૬૪ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. ૧૩૧-એ અને ૧૩૧-સીની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯૬. હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૩-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ છે:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. એ. એન. શુક્લ	પીએચ.ડી.	"कविवर कृष्णदास और उनके साहित्य का आलोचनात्मक अध्ययन"	૧. શ્રી. દીનદયાલ ગુપ્ત, હિંદી ડિપાર્ટમેન્ટ, લખનૌ યુનિવર્સિટી, લખનૌ ૨. શ્રી. જી. એસ. સહ્યેન્દ્ર ડિરેક્ટર, કે. એમ. મુન્શી ઇન્સ્ટિટ્યૂટ, આગ્રા ૩. શ્રી. નંદ દુલારે, બાજપેયી, હિંદી ડિપાર્ટમેન્ટ, સાગર યુનિવર્સિટી, ગયા ૪. શ્રી. વિશ્વનાથ પ્રસાદ મિશ્રા, હિંદી ડિપાર્ટમેન્ટ, મગધ યુનિ., ગયા."

આથી ઠરાવવામાં આવે છે કે, હિંદીની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯૭. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૧-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલી પદવી તથા વિષય સંબંધી આવેલા

મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે :

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રીમતી વી. પી. જની	પીએચ.ડી.	"મેઘદૂતની મુખ્ય ટીકાઓ"	૧. પ્રો. જી. સી. ઝાલા, સંત ઝેવિયર કૉલેજ, મુંબઈ ૨. પ્રો. જી. કે. ભટ્ટ, એલફિન્સ્ટન કૉલેજ, મુંબઈ ૩. પ્રો. જી. એચ. ભટ્ટ, ઓરિયેન્ટ ઇન્સ્ટિટ્યૂટ, રામાયણ ડિપાર્ટમેન્ટ, વડોદરા."

આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃતની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૮. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૧-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
"શ્રી. પી. એસ. જેટવા	સોશિયોલોજી : "રાજકોટની ભીલ કોમ"	પીએચ.ડી.

ઉપર જણાવેલ વિદ્યાર્થીના પીએચ.ડી.ના મહાનિબંધ અંગે નીચે મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવામાં આવે :

૧ શ્રી. આઈ. પી. દેસાઈ, વડોદરા યુનિવર્સિટી, વડોદરા
૨. શ્રી. એ. આર. દેસાઈ, મુંબઈ યુનિવર્સિટી, સોશિયોલોજી ડિપાર્ટમેન્ટ, મુંબઈ
૩. શ્રી. ટી. બી. નાયક, ટ્રાઇબલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, છીંદવાડા (મધ્યપ્રદેશ)."

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૯. માનસશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૨-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે નીચેના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવામાં આવે :

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
કુ. કે. કે. સિંઘ	પીએચ.ડી.	"An analysis of Social attitudes	1. Prof. Dan Henley Jones, Dept. of Psychology,

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
		and construction and standardisation of Five Social Attitude Scales"	Uni. of Detroit, 4001, West McNichols Rd., Detroit 21, Michigan (U.S.A.) 2. Prof. B. Kuppuswamy, Director, India International Centre, 40, Lodi State, New Dehli-3 3. Dr. H. S. Asthana, Ph.D. (Chicago), Head, Dept. of Psychology, University of Saugar, Sagar, M.P."

આથી ઠરાવવામાં આવે છે કે, માનસશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૦૦. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી એકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. બી. ગોટલીબ પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કર્યા પછી રિસર્ચ એસોસિએટશિપ સ્વીકારી વધુ અભ્યાસ માટે ડલાસ (યુનાઇટેડ સ્ટેટ્સ) ગયા હોઈ તેમની મૌખિક પરીક્ષા માટે નીચેના રેફરીની નિમણૂક કરવા ભલામણ છે:

Prof. Alex Desaler,
Department of Space Sciences, Rice Institute,
Houston, Texas, U.S.A.,

or

Prof. K. G. McCracken,
South-West Centre for Advanced Studies,
Dellas, Texas, U.S.A."

આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૦૧. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલા

મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ છે :

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. જે. એન. દેસાઈ	પી.એચડી.	"Optical properties of certain Magnetic Fields"	1. Wilfried Heller, Prof. of Chemistry, Wayne State University, Detroit-2, Michigan (U.S.A.) 2. H. C. Van De Hulst, Leiden Conservatory, Leiden Netherlands. *For Viva-voce* 1. Prof. R. S. Krishnan, Prof. of Physics, Indian Inst. of Science, Bangalore-12 2. Prof. S. S. Dharmatti, Tata Inst. of Fundamental Research, Apollo Pier, Bombay-1."

આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦૨. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધ અંગે તેઓનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ કરવી :

ક્રમાંક	નામ	પદવી	વિષય	રેફરીનું નામ
૧.	શ્રી. એ. એ. મુનશી	પીએચ.ડી.	"Synthesis of sulphonyl hydrazines and Aryl Sulphone derivatives"	1. Prof. William Bradley, Rosedale, Broadasands Park Rd., Paignton, S. Devon (U.K.) 2. Prof. Abraham Tanb, Prof. of Pharmaceutical Chemistry, College of Pharmacy, Columbia University, New York (U.S.A.)

ક્રમાંક	નામ	પદવી	વિષય	રેફરીનું નામ
				3. Dr. William Tanb, Head of Pharmaceutical Chemistry Laboratory, Daniel Sieff Research, Rahovoth, Israel.
				For Viva-voce
				1. Dr. K. H. Shah, Uni. Dept. of Chemical Technology, Matunga, Bombay
				2. Dr. K. S. Nargund, Parel College, Ville Parle, Bombay–57.
૨.	શ્રી. જી. આર. દવે	પી.એચડી.	"Studies in –3–Aryl–z Mercapto– –quinazol– 4–ones"	1. Dr. D. Woodcock, (Head of Dept.), Dept. of Agriculture and Horticulture, University of Bristol, Research Station, Long Ashton, Bristol (U.K.), England
				2. Dr. Richard Baitzly (Director of Research), The Wellcome Research Laboratories Tuckahoe–7, New York (U.S.A.)
				3. Dr. Thomas R. M. Szell (Visiting Fellow from Hungary), Division of Applied Chemistry, National Research Council of Canada, Ottawa–2, Canada.

ક્રમાંક	નામ	પદવી	વિષય	રેફરીનું નામ
				For Viva-voce
				1. Dr. S. M. Shethna, Prof. of Organic Chemistry, M. S. Uni. of Baroda, Baroda
				2. Dr. S. R. Patel, Reader in Organic Chemistry, Sardar Vallabhbhai Vidya-peeth, Vallabh Vidya-nagar (Via Anand)
				3. Dr. A. B. Kulkarni, Prof. of Organic Chemistry, Institute of Science, Mayo Road, Fort, Bombay-1."

આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦૩. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. કે. પંડ્યા તરફથી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે નીચે પ્રમાણે ક્રમાનુવર્તી રેફરીઓની નિમણૂક કરવા ભલામણ કરવી :

1. Dr. Henry Freiser,
   Dept. of Chemistry, The Uni. of Arizona, Tucson, Arizone
2. Dr. Charles Banks,
   Dept. of Chemistry, Iowa State University, Ames, Iowa
3. Prof. Lynne Merriff,
   Dept. of Chemistry, Indiana University, Bloomington, Indiana.

શ્રી. પી. કે. પંડ્યાના *Viva-voce* માટેના રેફરીની નિમણૂક સિન્ડિકેટે તેની તા. ૧૬-૪-૧૯૬૩ની સભામાં કરેલી છે."

આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦૪. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી.ની પદવી માટે મહાનિબંધ રજૂ કર્યા પછી વિદ્યાર્થીઓ પરદેશ ગયા હોય, તેવા વિદ્યાર્થીઓ માટે તે જે દેશમાં ગયા હોય ત્યાંના રેફરી મૌખિક પરીક્ષા માટે નીમવાની જોગવાઈ કરવી જોઈએ અને તે મુજબ ધારાધોરણમાં ઘટતો ફેરફાર કરવા આ અભ્યાસસમિતિ એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેફરીઓની નિમણૂક અંગેનાં ધારાધોરણમાં ઘટતો ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦૫. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૦-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, ખેતીવાડી અને પ્રથમ વર્ષ (ડિપ્લોમા) ફાર્મસીના ૧૯૬૫ અને ૧૯૬૬ના વર્ષમાં લેવાનારી પરીક્ષા તથા ફર્સ્ટ ઇયર બી.એ., બી.એસસી., બી.કૉમ. અને બી.એસસી. (એગ્રિ.) તથા સેકન્ડ ઇયર બી.એ., બી.એસસી., બી.એસસી.(એગ્રિ.)ની ૧૯૬૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષા તથા એમ.એ.ની ૧૯૬૬ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટેનાં ભાષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ છે."

"(૨) એમ.એ. ૧૯૬૭ની પરીક્ષાના પ્રશ્નપત્ર ૬નાં પુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીની અભ્યાસસમિતિની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી. (મંજૂર કરવામાં આવેલ પાઠ્યપુસ્તકોની યાદી આ સાથે **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૧૦૬. હિન્દીની અભ્યાસસમિતિની તા. ૧૩-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રથમ વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી (એગ્રિ.) તથા દ્વિતીય વર્ષ ફાર્મસીની ૧૯૬૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે તથા એમ.એ.ની ૧૯૬૬ના વર્ષમાં લેવાનારી પરીક્ષાનાં હિંદીનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, હિન્દીની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી. (મંજૂર કરવામાં આવેલ પાઠ્યપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૦૭. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૧-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રથમ વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એ.ની ૧૯૬૫ના વર્ષની પરીક્ષાઓ માટે તથા એમ.એ.ની ૧૯૬૬ના વર્ષની પરીક્ષા માટેનાં સંસ્કૃતનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃતની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૦૮. સિંધીની ઑડ-હૉક સમિતિની તા. ૨૧-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.એ. ૧૯૬૫ના વર્ષમાં લેવાનાર પરીક્ષાઓનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા ભલામણ કરવામાં આવે. એમ.એ. ૧૯૬૬ના વર્ષમાં લેવાનાર પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા ભલામણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિંધીની ઑડ-હૉક સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૦૯. ફ્રેન્ચ-જર્મનની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(અ) પ્રી-યુનિવર્સિટી વિનયન, વાણિજ્ય અને પ્રથમ વર્ષ તથા દ્વિતીય વર્ષ બી.એ.ની ૧૯૬૫ તથા એમ.એ.ની ૧૯૬૬ના વર્ષમાં લેવાનાર ફ્રેન્ચ વિષયની પરીક્ષા માટે પાઠ્યપુસ્તકો નિયત કરવામાં આવે."

"(બ) પ્રી-યુનિવર્સિટી વિનયન, વાણિજ્ય અને પ્રથમ વર્ષ બી.એ. ૧૯૬૫ના તથા એમ.એ. ૧૯૬૬ના વર્ષમાં લેવાનાર જર્મન વિષયની પરીક્ષા માટે પાઠ્યપુસ્તકો નિયત કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ફ્રેન્ચ-જર્મન ઇ. અભ્યાસસમિતિની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૧૦. અવસ્તા-પહલવીની ઑડ-હૉક સમિતિની તા. ૧૪-૯-૧૯૬૩ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રથમ વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એ.ની ૧૯૬૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે તથા એમ.એ.ની ૧૯૬૬ના વર્ષની પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અવસ્તા-પહલવીની ઑડહૉક સમિતિની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૧૧. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૧૧-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિનયન માટે ભૂગોળના વિષયમાં નીચેનાં બે પુસ્તકોની સંદર્ભગ્રંથ તરીકે ભલામણ કરવામાં આવે :

૧. 'આધુનિક ભૂગોળનાં મૂળતત્ત્વો' : ભટ્ટ, દેસાઈ અને દવે
૨. 'ભૂગોળનું પ્રાયોગિક કાર્ય' : ભટ્ટ અને દેસાઈ."

આથી ઠરાવવામાં આવે છે કે, ભાષા સિવાયના ઇતર વિષયો માટે સામાન્ય રીતે કોઈ સંદર્ભગ્રંથ હોવો જોઈએ નહિ, એમ એકૅડેમિક કાઉન્સિલની આ સભાનું મંતવ્ય છે, અને તેથી ભાષા સિવાયના તમામ વિષયોની અભ્યાસસમિતિઓને જો તેમણે પોતપોતાના વિષયો અંગે સંદર્ભગ્રંથો સૂચવ્યા હોય તો તે અંગે પુનર્વિચારણા કરવા માટે તથા ઉપયોગી પુસ્તકોની કેવળ પુસ્તક-સૂચી પ્રત્યેક પુસ્તકમાં તેના વિષયો (Topics) અને પાનાં સાથે, સૂચવવા માટે જણાવવું.

(નોંધ.—ભૂગોળની અભ્યાસસમિતિને પણ ઉપરનો ઠરાવ લાગુ પડતો હોઈ સદરહુ બાબત તેની પુનર્વિચારણા માટે મોકલી આપવી.)

૧૧૨. લૉજિક અને ફિલોસોફી વગેરેની અભ્યાસસમિતિની તા. ૧૩-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"નીચેનાં પુસ્તકોની સંદર્ભગ્રંથ તરીકે ભલામણ કરવામાં આવી છે:

૧. 'The Glorious' : A. K. Trivedi
૨. 'પ્રશસ્થ' : શ્રી. અ. ક. ત્રિવેદી

દ્વિતીય વર્ષ બી.એ. અને એમ.એ.માં ઇન્ડિયન ફિલોસોફી વિષય માટે બંને પુસ્તકોની સંદર્ભપુસ્તકો તરીકે ભલામણ કરવામાં આવે છે:

૩. 'નીતિશાસ્ત્રપ્રવેશ' : જ. આ. યાજ્ઞિક અને ઉ. આ. યાજ્ઞિક
૪. 'સામાજિક અને રાજકીય તત્ત્વજ્ઞાન' : રૉ. બડતે અને ગાંધી.

બંનેની પ્રથમ વર્ષ બી.એ.માં સંદર્ભ-પુસ્તકો તરીકે ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર બાબત ક્રમાંક ૧૧૧નો ઠરાવ આ બાબતને પણ લાગુ પડતો હોઈ, આ બાબત લૉજિક-ફિલોસોફી વગેરેની અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે મોકલી આપવી.

૧૧૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આ પછી અધ્યક્ષ તરફથી અમેરિકામાં 'ફિઝિક્સ સાયન્સ સ્ટડી કમિટી' તરફથી ફિઝિક્સ માટે તૈયાર કરવામાં આવેલાં પુસ્તકો ટીચર્સ ગાઇડ, ફિલ્મો વગેરેની યાદી રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા અંગેના ફિઝિક્સના અભ્યાસક્રમની તુલના આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ કરવામાં આવી હતી. બૉર્ડના સભ્યોએ સસ્તી કિંમતે મળી શકતાં આ સૌ પુસ્તકો તથા સાધનોને આવકાર આપ્યો હતો. બૉર્ડમાં ઠરાવવામાં આવ્યું હતું કે, ફિઝિક્સનું શિક્ષણ સુધારવા પ્રી-યુનિવર્સિટી લેવલે આ મેશઠ અમલી બનાવી લક્ષ્ય સાધનોનો ઉપયોગ કરવા અસરકારક પગલાં લેવાવાં જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણની નોંધ લેવી તથા તે પ્રમાણે વિજ્ઞાન વિદ્યાશાખાની તમામ કૉલેજને અને ભવનને પરિપત્રિત કરવી.

૧૧૪. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન તથા એફ. વાય. બી.એસસી.ની ફિઝિક્સ વિષયની પ્રાયોગિક પરીક્ષામાં બે પ્રયોગો છે તે દરેકમાં ગુણનું વિભાગીકરણ નીચે મુજબ રાખવું અને તે માટે રેગ્યુ. પ્રી-૧૪ (૪) (ફિઝિક્સ) તથા રેગ્યુ. એસસી.-૨ (૩) (ફિઝિક્સ)માં ઉમેરવું. આ વિભાગીકરણ પ્રયોગની સ્લિપમાં પણ લખવા ભલામણ છે:

Scheme of distribution of marks (out of 30) for each experiment at Pre-University Science and F.Y. B.Sc. Physics Practical Examinations

(Marks to be assigned out of 30)

1.	Approach to the experiment (correct drawing of electrical) circuits and a decent lay out of connected circuits correct setting of the apparatus, etc.	.. 8 marks
2.	Record and tabulation with proper units	.. 4 marks
3.	Understanding of the experiment (total jointly judged from the observations recorded by the candidate and by the setting him a few fundamental oral questions.)	.. 8 marks
4.	Correct usage working formula, accurate calculation and proper graph	.. 6 marks
5.	Accuracy of results	.. 4 marks
		Total .. 30 marks.

આથી ફરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુલેશન પ્રી-૧૪ (૪) (ફિઝિક્સ) તથા રેગ્યુલેશન એસસી.-૨ (૩) ફિઝિક્સમાં ઉપર મુજબ ગુણનું વિભાગીકરણ ઉમેરવા તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૫. 'જનરલ એજ્યુકેશન'ની પરીક્ષા કૉલેજે લેવાની હોઈ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના અભ્યાસક્રમમાં રેગ્યુ. આર્ટ્સ-૧-એ, રેગ્યુ. એસસી.-૧-એ, રેગ્યુ. કૉમ.-૧-એ, રેગ્યુ. એસસી.-૭-એ તથા રેગ્યુ. આર્ટ્સ-૬-એ તરીકે નીચેની બાબત મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત:

"Notwithstanding anything contained elsewhere, it is hereby provided that the examination in General Education shall be held by the college concerned and the marks obtained by each candidate appearing thereat shall be communicated confidentially by the

Principal on or before the 10th March, separately for (*i*) Internal Evaluation, (*ii*) the written examination; and (*iii*) the total.

The marks so communicated shall be treated as marks obtained by the candidate for the purpose at determining his result."

આથી ઠરાવવામાં આવે છે કે, જનરલ એજ્યુકેશનની પરીક્ષા અંગે નીચેના રેગ્યુ. આર્ટ્સ-૧-એ, રેગ્યુ. એસસી.-૧-એ, રેગ્યુ. કૉમ.-૧-એ, રેગ્યુ. એસ.સી.-૭-એ તથા રેગ્યુ. આર્ટ્સ-૬-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Notwithstanding anything contained elsewhere, it is hereby provided that the examination in General Education shall be held by the college concerned and the marks obtained by each candidate appearing thereat shall be communicated confidentially by the Principal on or before the 20th of March, separately for (*i*) Internal Evaluation, (*ii*) the written examination; and (*iii*) the total. The marks so communicated shall be treated as marks obtained by the candidates in the subjects of General Education for the purpose of determining their result."

૨૧૬. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ફર્સ્ટ ઇયર બી.એ.ના પ્રશ્નપત્ર ૫ તથા સેકન્ડ ઇયર બી.એ.ના પ્રશ્નપત્ર ૩ અંગે વિચારણા કરી આ સભા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૨ તથા રેગ્યુ. આર્ટ્સ-૭ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરવો :

R. Arts-2 :

(*I*) *English Paper V* : This paper will contain a study of one prescribed form of Literature.

One of the following two forms will be prescribed in turn :

(*i*) Short Story, and (*ii*) Essay.

R. Arts-7 :

(*I*) *English Paper III* : This paper will comprise study of a prescribed form of Literature.

One of the following two forms will be prescribed in turn :

(*i*) Lyric, and (*ii*) Comedy.

Two works of that form will be prescribed.

રેગ્યુ. ૨ અને ૭નો સુધારેલો સંબંધકર્તા ભાગ જૂન ૧૯૬૪થી અમલમાં લાવવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૨ તથા આર્ટ્સ-૭ના સંબંધકર્તા ભાગમાં ઉપર મુજબ સુધારા કરવા તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨ અને આર્ટ્સ-૭ને જૂન ૧૯૬૪થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૭. હિન્દીની અભ્યાસસમિતિની તા. ૧૩-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે, ફર્સ્ટ ઇયર બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૨ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરવો :

R. Arts-2 :

(4) Hindi

Paper IV : Poetry

Paper V : Prose.

આથી ઠરાવવામાં આવે છે કે, હિન્દીની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૨ના સંબંધકર્તા ભાગમાં ઉપર મુજબ સુધારા કરવા તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ ૨ને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૮. ડૉ. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

The Regulations R. Arts-3, 8, 13 and R. Science-4, 9. 15, be modified as under :

Standard of passing the examination (B.A. & B.Sc.)

"To pass the examination, a candidate must obtain at least 36% of the marks obtainable separately in each subject at University Examination and also in the internal assessment of each subject.

Those of the successful candidates who obtain at least 60% of the total marks obtainable, will be placed in the First Class, and those obtaining 48% of the total marks obtainable will be placed in Second Class, provided, however, marks obtained in English and General Education shall not be counted for determining the class.

A candidate who has earned exemption in English or who has earned exemption at one sitting in the Principal subject shall be entitled to a class in accordance with this regulation on his passing in the remaining subject at a subsequent examination. A candidate passing the examination in compartment in this manner shall not be eligible for Prizes, Scholarships or other awards of this Examination.

The marks assigned to the internal assessment in which he passes will be carried forward for the student appearing more than once at this Examination."

Thus the following clauses are omitted from para 2 :

"Provided they obtain at least 50% of the total marks obtainable in the papers and practicals (if any) at the examination actually held by the University as distinguished from internal evaluation."

"Provided they obtain at least 40% of the total marks obtainable in the papers and practicals (if any) at the examination actually held by the University as distinguished from internal evaluation."

'General Education' is added after English in para 2.

(નોંધ.—ઉપર પ્રમાણે સુધારો મંજૂર થાય તો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ આર. આર્ટસ-૩. ૮ અને ૧૩ તેમ જ આર. સાયન્સ-૪, ૯ અને ૧૫ સુધરશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૧૨૯. વિજ્ઞાનવિદ્યા સભાની તા. ૨૯-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"The new B.Sc. courses were framed on the assumption that after the Pre-University Examination in Science, students selected for medicine and engineering would proceed to the Pre-Medical or Pre-Engineering classes and not join First B.Sc. and the various options were provided accordingly from First B.Sc. But as for some time to come, the selection to medical and Engineering course is to be decided on the results of First B.Sc., all students offer the group Physics, Chemistry and Biology or Physics, Chemistry and Mathematics at First B.Sc. and subjects like Geology and Geography are entirely left out.

Some of the students who fail to join Medical or Engineering but had passed the First B.Sc., may like to take up Geology and Geography in Second B.Sc. But our existing regulations do not permit this as only subjects taken at First B.Sc. could be continued in Second B.Sc. The faculty, therefore, unanimously decided that the existing regulations should be so modified as to enable a student desirous of offering Geology or Geography special, to study papers I to IV (with the allied practicals) in Geography or Geology, in the Seocnd B.Sc., alongwith only one other science subject.

The faculty also recommended that this should be done as early as possible so that in June 1964, a student seeking admission to Second B.Sc class could offer one of these two subjects also, as stated above."

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ૧૯૬૪ના વર્ષથી સેકન્ડ બી.એસસી.ના વર્ગમાં જિયોલોજી અને જ્યોગ્રાફીના વિષય લેવા માગતા વિદ્યાર્થીઓ તે વિષય લઈ શકે તે માટે નીચેનો ટ્રાન્ઝીટરી ઓર્ડિનન્સ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Notwithstanding anything contained elsewhere it shall be competent for any candidate who has passed his First B.Sc. Examination of this University or any examination recognised as equivalent thereto to choose Geography or Geology as his optional subject in Second B.Sc., provided that such a student shall undergo course of instruction in Geography or Geology, as the case may be, prescribed both for the 1st and 2nd B Sc. examinations and elect only one more Science subject."

૧૨૦. પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓ બંધ થઈ હોવાથી મજકૂર પરીક્ષાઓમાં જે તે વિષય કે વિષયોમાં મુક્તિ મેળવી હોય અથવા ઉપલા ધોરણનાં સત્રો ભરવાનો લાભ અપાયો હોય તેવા કેસોમાં જે તે પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાના નવા અભ્યાસક્રમના સમાન (Corresponding) વિષય કે વિષયોમાં અનુક્રમે મુક્તિ આપવા કે બાકી રહેલ વિષયમાં બેસવા દેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જે વિદ્યાર્થીઓને પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન અને પ્રી-યુનિવર્સિટી વાણિજ્યની જૂના અભ્યાસક્રમ મુજબ પરીક્ષામાં મુક્તિ મળેલી હોય, કે તેમને ઉપલા ધોરણમાં સત્રો ભરવાનો લાભ આપવામાં આવ્યો હોય તેવા કેસોમાં નવા અભ્યાસક્રમ હેઠળ પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન અને પ્રી-યુનિવર્સિટી વાણિજ્યની પરીક્ષામાં સમાન (Corresponding) વિષય કે વિષયોમાં મુક્તિ આપવાનું રાખવું, અગર તો એ.ટી.કે.ટી.વાળા કેસોમાં તે મુજબ બાકી રહેલા વિષયોમાં બેસવાનું આવશ્યક ગણવું. ઉપરના ઠરાવમાં જે સમાન (Corresponding) વિષયો અભિપ્રેત છે તે નીચે મુજબ ગણવામાં આવે તથા તે પ્રમાણે ધારાધોરણ ઘડવામાં આવે.

પરીક્ષા	જૂનો અભ્યાસક્રમ	નવો અભ્યાસક્રમ
Pre-University Arts	1. English	English
	2. Modern Ind. Language *or* Hindi Compulsory	Modern Ind. Languages
	3. Classical Languages	Classical Languages
	4. World History	World History
	5. Mathematics	Mathematics

પરીક્ષા	જૂનો અભ્યાસક્રમ	નવો અભ્યાસક્રમ
	6. Geography	Geography
	7. Administration *or* Civics	Civics and Administration.
	8. World Religions	World Religions
Pre-University Science	1. English	English
	2. Physics	Physics
	3. Chemistry	Chemistry
	4. Biology	Biology
	5. Mathematics	Mathematics
	6. Modern Indian Lang. and Hindi	Modern Indian Lang.
Pre-University Commerce	1. English	English
	2. Mod Ind. Lang. *or* Hindi Compulsory	Mod. Ind. Lang.
	3. Econ. & Com. Geog.	Econ. & Com. Geog.
	4. Book-keeping and Com. Arithmetic	Accountancy & Com. Arithmetic
	5. Element of Commerce	Element of Commerce
	6. Civics & Ind. Admn.	Ele. of Politics
	7. Mathematics	Mathematics
	8. Salesmanship	(Nil)

Provided that if a student has obtained exemption marks in any group of subject under the old course he will be deemed to have obtained exemption in all the subjects under the old course in that group and shall be entitled to claim, at his option, exemption in the corresponding subject under the new course as above.

૧૨૧. જૂના અભ્યાસક્રમની દ્વિતીય વર્ષ વિનયન અને વાણિજ્યની પરીક્ષાઓ છેલ્લી વાર એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર છે. એ. ૩૦૯ અને એ. ૧૭૪ અન્વયે જે વિદ્યાર્થીઓ બી.એ. પછી બી.કોમ. કે બી.કોમ. પછી બી.એ.ના વર્ગમાં એપ્રિલ ૧૯૬૪થી જોડાશે તો તેઓથી દ્વિતીય વર્ષ વિનયનની સંસ્કૃતની અને દ્વિતીય વર્ષ વાણિજ્યની એકાઉન્ટન્સીની પરીક્ષાઓ જૂના અભ્યાસક્રમ મુજબ આપી શકાશે નહિ. આ સંજોગોમાં અને નવો ત્રિવાર્ષિક અભ્યાસક્રમ અમલમાં આવતો હોઈ એ. ૩૦૯ અને એ. ૧૭૪ રદ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૨. માનસશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૨-૯-૧૯૬૩ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. ૨૯-એ માં પેપર ૧૫ 'રિસર્ચ મેથડ્ઝ ઇન સાયકોલોજી'માં કેટલાક સુધારાઓ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માનસશાસ્ત્રની અભ્યાસસમિતિની સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. ૨૯-એ માં પેપર ૧૫ "Research Methods in Psychology"માં જરૂરી ફેરફાર કરવા તથા સુધારેલા રેગ્યુ. ૨૯-એ ને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. ૨૯-એનો સંબંધકર્તા ભાગ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૨૩. હોમ સાયન્સની અભ્યાસસમિતિની તા. ૮-૯-૧૯૬૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની સદરહુ ભલામણ, નીચેના ફેરફાર સાથે, મંજૂર કરવી, તથા તેને ૧૯૬૪ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"મૌખિક પરીક્ષાની સાથે પ્રાયોગિક પરીક્ષા પણ લેવી જોઈએ અને તેથી સદરહુ ભલામણમાં જ્યાં (Viva)નો ઉલ્લેખ કરેલો છે ત્યાં (Viva and Practicals) એમ ફેરફાર કરવો".

(ગૃહવિજ્ઞાનના વિષયમાં એમ.એ.ની પદવી માટેના સુધારેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૧૨૪. લૉ ફેકલ્ટીની તા. ૨૯-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા પછી પરીક્ષકોની મીટિંગ યોજવાનું બંધ કર્યું હોવાથી પહેલી અને બીજી એલએલ.બી.ની પરીક્ષામાં જો કોઈ વિદ્યાર્થી નાપાસ થાય અને એક અથવા વધારે વિષયમાં ૫૦ ટકા ગુણ મેળવે તો તેવા વિદ્યાર્થીને તે વિષય અથવા વિષયોમાં મુક્તિ આપવી જોઈએ અને તે માટે રેગ્યુ. ૧૫૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

R. 156 :

"A student who fails at the First LL.B. or Second LL.B. Examination but secures at lenst 50% marks in any paper or papers at the examination shall at his option be exempted from appearing in the said paper or papers when he reappears at the Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા રેગ્યુ. ૧૫૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૫. ડૉ. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

The following ammendment should be made in the courses prescribed for the Junior and Senior certificate courses for English :

Regulations :

"In addition to the two papers of 100 marks each there will be an oral examination carrying 50 marks. The student will be asked simple questions of a general nature, about the texts he has studied, about his own interests and activities, and about every day common general topics of the day.

Out of 200 periods for each certificate course, twenty periods will be engaged for practice in conversation and 20 will be engaged for general tutorial work in small batches of not more than 15 students each.

This will help students to express themselves in viva-voce or public examinations and to communicate their ideas through simple English, whenever they are required to do so either in India or abroad."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૨૬. ઇતિહાસની અભ્યાસસમિતિની તા. ૧૧-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ઇતિહાસના પ્રશ્નપત્રની આ સભા નોંધ લે છે, તથા વધુમાં ઠરાવવામાં આવ્યું કે પરીક્ષકોના હેવાલ પરથી એમ જણાય છે કે, એમ.એ. કક્ષાએ અભ્યાસની વ્યવસ્થા ઘણો સુધારો માગે છે. પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરતા હોય એવું જણાતું નથી. આ અંગે અધ્યાપકોનું ધ્યાન ખેંચવું ઘટે.

બી.એ. કક્ષાના ઉત્તરો અંગેના હેવાલમાં પણ એમ.એ.ના પરીક્ષકોની ફરિયાદનું પુનરાવર્તન છે. વધુમાં એમ જણાવવામાં આવે છે કે, ઉત્તરોમાં અપ્રસ્તુત એવું ઠીક પ્રમાણમાં આવે છે, એનો અર્થ એ થયો કે વિષયનો અભ્યાસ ઉપરછલ્લી રીતે થાય છે. આ પરિસ્થિતિમાં કેવી રીતે ફેરફાર થઈ શકે એ ગંભીર રીતે વિચારવું જોઈએ.

પ્રી-યુનિવર્સિટી કક્ષાએ પણ પરિસ્થિતિ જરાય સારી જણાતી નથી. પરીક્ષકના શબ્દોમાં "વિદ્યાર્થીઓ આમતેમ ગપ્પાં મારતા હોય છે."

આ હેવાલો પરથી પરીક્ષા-પદ્ધતિમાં આ મૂળ ફેરફાર અનિવાર્ય બન્યો છે એવું લાગ્યા વિના રહેતું નથી. એ કઈ રીતે થઈ શકે એનો આ પહેલાં વિચાર તો થયેલો છે, પણ એ બધા હેવાલ ઉપર કોઈ ક્રિયાત્મક નિર્ણયો લેવાયા નથી. આ સમિતિ ભલામણ કરે છે કે, આ પ્રશ્નને ગંભીર ગણી ઘટતું કરવા તરત પગલાં લેવાવાં જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે ચોક્કસ પગલાં સૂચવવા માટે આ બાબત ઇતિહાસની અભ્યાસસમિતિની વિચારણા માટે પાછી મોકલવી.

૧૨૭. માનસશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૨-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"On the basis of the M.A. Examiners' report with which we entirely agree, we strongly recommend that the University should

take extreme care before permitting visiting lectures to teach specialisation papers such as Research Methods, Physiological Psychology, Psychological Testing, Clinical Psychology, Indian Psychology and Animal Psychology.

These papers should be taught only by teachers who are duly qualified and specialised to teach them at the post-graduate centres. The current practice of allowing any visiting lecturer to teach any paper without evidence of his specialisation in the subject must be firmly discouraged. The University is strongly urged to take the necessary steps in this direction."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે કયા કયા વિષયો પહેલી જૂનથી રાખીને તેના શિક્ષણની વ્યવસ્થા કરી શકાય તે દર્શાવવાની સૂચના સાથે આ બાબત સદરહુ અભ્યાસસમિતિની વિચારણા માટે પાછી મોકલવી, અને તે અભ્યાસસમિતિની ભલામણ આવ્યેથી, તે પરત્વે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના અભિપ્રાય સાથે, આ બાબત આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૧૨૮. ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ તથા લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે પેપર-સેટર્સ અને પરીક્ષકોની લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવા અંગેની લૉ ફૅકલ્ટીની તા. ૨૯-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"So far as the two courses are concerned there is no need of separate Boards of Paper-setters and Examiners at present.

The matter may be revised at a future date when a sufficiently large number of candidates appear at this examination.

The qualifications for both, that is, Paper-setters and Examiners are the same as prescribed for the degree examination in Law.

In Additi n preference should be given to Advocates practicing on the Taxation and Labour Laws side and Chartered Accountants so far as the Secti n of General Principles of Accountancy is concerned. For the paper on Labour Economics, a person qualified to teach this subject should be considered for appointment."

આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૯. લૉ ફૅકલ્ટીની તા. ૨૯-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"Resolved to recommend that since all appointments are made for the First LL.B. and Second LL.B and different branches of LL.M. for Diploma Courses, applicant also apply for these examinations separately. Panels are prepared examinationwise and not paperwise. In fact we have separate panels for First LL.B.,

Second LL B Diploma Course and different branches of LL.M., and this practice should be followed and continued."

આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૩૦. સંલગ્ન કૉલેજના આચાર્યપદ માટે શૈક્ષણિક લાયકાતનું ધોરણ નક્કી કરવા અંગેના આચાર્ય શ્રી. એસ. સી. પાઠકના સૂચન પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન કૉલેજના આચાર્યની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી:

"The Principal of an affiliated college shall hold at least the minimum qualifications necessary for appointment to the post of a Professor in the Faculty concerned, or where the college provides for instruction in more than one faculty he shall hold minimum qualifications necessary for appointment to the post of a Professor in any one of those faculties, and furthermore he shall be made a member of its teaching staff."

આ ઠરાવ જૂન ૧૯૬૪થી અમલમાં મૂકવા તથા હાલ આચાર્યપદે નિમાયેલ કોઈ વ્યક્તિને તે લાગુ ન પાડવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩૧. વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે નીચેના વિષયો શીખવવા માટે અધ્યાપકની લાયકાત નીચે પ્રમાણે રાખવા ભલામણ કરવી:

પ્રી. યુનિવર્સિટી વિનયન

૧. તર્કશાસ્ત્ર: એમ.એ. (બીજો વર્ગ) ફિલોસોફી અથવા સાયકોલોજી વિષય સાથે
૨. આંકડાશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર પદ્ધતિ: પ્રી-યુનિવર્સિટી તથા એફ.વાય. બી.એ માટે— બી.એ. સ્ટેટિસ્ટિક્સ સાથે
૩. નાગરિકશાસ્ત્ર: એમ.એ. ઇતિહાસ અથવા રાજ્યનીતિશાસ્ત્ર સાથે
૪. ભૂગોળ: પ્રી-યુનિવર્સિટી માટે જેમ ચાલે છે તેમ રાખવું; એફ.વાય. બી.એ. માટે એમ.એ. ભૂગોળ સાથે
૫. જગતના ધર્મો: એમ.એ. એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર અથવા ફિલોસોફી અથવા સંસ્કૃત સાથે
૬. જગતનો ઇતિહાસ: એમ.એ. એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર, ઇતિહાસ અથવા રાજ્ય-નીતિશાસ્ત્ર સાથે
૭. જનરલ એજ્યુકેશન (એફ.વાય.બી.એ.): કોઈ પણ વિષયના પ્રોફેસર કક્ષાના શિક્ષક જનરલ એજ્યુકેશનનો આખો વિષય શીખવી શકે.

આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૩૨. વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખામાં નિમાતા ટ્યૂટરની લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ અનુસ્નાતક પદવી હોવી જોઈએ તેવો નિયમ કરેલ છે, તે સંદર્ભમાં વાણિજ્યની વિદ્યાશાખામાં નિમાતા ટ્યૂટરની જગ્યા માટે લાયકાતનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વાણિજ્યની વિદ્યાશાખામાં ખોલવામાં આવેલી કૉલેજોમાં કામ કરતા ટ્યૂટરની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ અનુસ્નાતક પદવીનું રાખવું.

૧૩૩. લૉ ફૅકલ્ટીની તા. ૨૯-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, 'લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ' તથા 'ટેકસેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ'ના ડિપ્લોમા અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણો નીચે મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Taxation Laws and Practice

Professor :

Chartered Accountant with five years' Practice and should be LL.B.

Lecturer :

1. For General Principles of Accountancy—
   Chartered Accountant with three years' practice.
2. For all other subjects —
